# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654





પેજ-08

'ધનશ્રીએ સાપ જેવું વર્તન કર્યું છે' 'મિત્રતાનો ડોળ કરીને મારી પીઠ પાછળ ઘણી વાતો કરી છે'

પેજ-09

વર્લ્ડકપ 2027ની ટીમમાં અત્યારથી લખી નાંખો રોહિત અને વિરાટનું નામ : ગાવસ્કર



**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 27.00 | 23.00 |
| વડોદરા | 31.00 | 24.00 |
| સુરત | 32.00 | 26.00 |

પેજ 5



અદાણી પોર્ટ્સ 'આત્મનિર્ભર ભારત' વિઝન સાથે બ્લુ ઇકોનોમીને આપશે

**28** OCTOBER-2025 TUESDAY

અફઘાનિસ્તાન-પાકિસ્તાન વચ્ચે સમાધાનના પ્રયાસ નિષ્ફળ!



પેજ 10

**શેરબજાર**

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 84778.00 ▲ | 566.96 |
| નિફ્ટી | 25966.00 ▲ | 170.9 |
| સોનું | 120500.00 ▼ | 2951.00 |
| ચાંદી | 142659.00 ▼ | 4811.00 |


વર્ષ-14 । અંક-335 । વિક્રમ સંવત-2082 । કારતક સુદ-06 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


## Quick Read

### ચિત્રકૂટમાં મુંબઈ-ભાગલપુર એક્સપ્રેસ બે ભાગમાં વહેંચાઈ

ઉત્તર પ્રદેશ | ઉત્તર પ્રદેશના ચિત્રકૂટમાં એક મોટી ટ્રેન દુર્ઘટના બની હતી. મુંબઈથી ભાગલપુર જતી લોકમાન્ય તિલક ભાગલપુર એક્સપ્રેસ બે ભાગમાં વિભાજીત થઈ ગઈ હતી. ટ્રેનની કપલિંગ તૂટી જવાના કારણે પાછળના ત્રણ કોચ અલગ થઈ ગયા. જોકે, ટ્રેનની ગતિ ધીમી હોવાના કારણે મોટી દુર્ઘટના થતા બચી ગઈ હતી. ચાર કલાક પછી ટેકનિકલ ટીમે ટ્રેનના કોચને ફરીથી જોડીને રવાના કરવામાં આવી હતી. આ દુર્ઘટના ગઈકાલ એટલે કે,26 ઓક્ટોબરની રાત્રે 2:54 વાગ્યે મઝગવન અને ટિકરિયા રેલવે સ્ટેશન વચ્ચે થઈ હતી. આ દુર્ઘટનાનું મુખ્ય કારણ કપલિંગ તૂટી જવાનું કહેવામાં આવી રહ્યું છે.

### બિહાર ચૂંટણીમાં રીલ્સ મુદ્દે ભાજપ-કોંગ્રેસ સામસામે!

નવી દિલ્હી | બિહાર ચૂંટણીમાં, NDA 4G અને સસ્તા ડેટાને ડિજિટલ ઈન્ડિયાની સિદ્ધિ ગણાવીને લાભ લેવાનો પ્રયાસ કરી રહ્યું છે, જ્યારે વિપક્ષ સરકારને ઘેરી રહ્યું છે. વડાપ્રધાન મોદીએ પોતાના પ્રચારની શરુઆતમાં કહ્યું કે, 1 GB ડેટાની કિંમત એક કપ ચા કરતાં પણ ઓછી છે, જેને કારણે બિહારના યુવાનો રીલ દ્વારા કમાણી કરીને તેમની ક્રિએટિવિટી વિશ્વને બતાવી રહ્યા છે. ત્યારે બિહાર કોંગ્રેસે તેમને ઘેરી લીધા છે. X એકાઉન્ટ પર રાહુલ ગાંધીના રીલને લઈને વિચારો શેર કરીને કેપ્શન આપ્યું, 'અંતર સ્પષ્ટ છે' અને યુઝર્સને સવાલ કર્યો કે રીલના મુદ્દા પર કોણ સાચા છે?

### દિલ્હીમાં હવાનું પ્રદૂષણ ઈમર્જન્સી લેવલને પાર

નવી દિલ્હી | રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં હવાનું પ્રદૂષણ ઈમર્જન્સીના સ્તરે પહોંચી ગયું છે ત્યારે રાજ્ય સરકારના પ્રદૂષણ નિયંત્રણના દાવા પોકળ સાબિત થયા છે. દિલ્હીમાં રવિવારે પ્રદૂષણની ગુણવત્તાનો માપદંડ એક્યુઆઈ ૪૩૦ નોંધાયો હતો, જે 'ગંભીર' શ્રેણીમાં આવે છે. બીજીબાજુ પ્રદૂષણ રોકવા માટે રાજ્ય સરકારના પ્રયત્નો કાગળો સુધી જ મર્યાદિત રહ્યા છે. દિલ્હીમાં ધૂળ અને ધુમાડાનું સામ્રાજ્ય છે ત્યારે એન્ટી સ્મોગ ગનની તીવ્ર જરૂર છે, પરંતુ ટેન્ડરમાં વિલંબના કારણે એન્ટી સ્મોગ ગન ઉપલબ્ધ થઈ શકી નથી.

### ચૂંટણી પંચે દિલ્હીમાં એક પ્રેસ કોન્ફરન્સ યોજીને મહત્ત્વની જાહેરાત કરી

# ગુજરાત સહિત દેશના 12 રાજ્યમાં SIRનો બીજો તબક્કો શરૂ થશે

નવી દિલ્હી | તા. 27

દેશભરમાં SIR પ્રક્રિયા હાથ ધરવા માટે ચૂંટણી પંચ દ્વારા તૈયારીઓ કરવામાં આવી રહી છે. ચૂંટણી પંચે રાજધાની દિલ્હીમાં એક પ્રેસ કોન્ફરન્સ યોજીને મહત્ત્વની જાહેરાત કરી છે. મુખ્ય ચૂંટણી કમિશ્નર જ્ઞાનેશ કુમારે કહ્યું છે કે, બિહારની જેમ દેશના અન્ય 12 રાજ્યમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન(SIR)નો બીજો તબક્કો શરુ કરાશે.

### ગુજરાત સહિત દેશના 12 રાજ્યમાં શરૂ કરાશે SIR

દિલ્હીમાં પ્રેસ કોન્ફરન્સને સંબોધિત કરતાં મુખ્ય ચૂંટણી કમિશ્નર જ્ઞાનેશ કુમારે કહ્યું કે, 'આજે અમે અહીં SIRના બીજા તબક્કાની શરુઆતની જાહેરાત માટે આવ્યા છીએ. 12 રાજ્યોની મતદાર યાદીના SIRનો બીજો તબક્કો શરુ કરાઈ રહ્યો છે. આ પ્રક્રિયા હેઠળ તમામ રાજ્યમાં મતદાર યાદીમાં નવા નામ ઉમેરવાનું, કાઢવાનું અને અન્ય ખામીઓ સુધારવાનું કામ કરાશે. હું બિહારના 7.5 કરોડ મતદારોને નમન કરું છું, જેમણે આ પ્રક્રિયામાં સક્રિય ભાગીદારી નિભાવી અને તેને સફળ બનાવી. ચૂંટણી પંચે દેશના તમામ 36 રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના ચૂંટણી અધિકારીઓ સાથે મુલાકાત કરીને પ્રક્રિયા પર વિસ્તારથી ચર્ચા કરી.' SIR પ્રક્રિયાના બીજા તબક્કામાં રાજસ્થાન, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, છત્તીસગઢ, તમિલનાડુ, પશ્ચિમ બંગાળ, ગોવા, કેરળ, લક્ષદ્વીપ, પુડુચેરી અને આંદામાન નિકોબાર પણ સામેલ છે. ચૂંટણી પંચે એ પણ નિર્દેશ આપ્યા છે કે મતદારો- ખાસ કરીને વૃદ્ધો, બીમાર, દિવ્યાંગ (PwD), ગરીબ અને નબળા વર્ગને કોઈપણ પ્રકારની મુશ્કેલી ન થાય, તેના માટે લોકોની તૈનાતી કરાશે જેથી તેમને વધુમાં વધુ મદદ મળી શકે. કોઈપણ મતદાન કેન્દ્રમાં 1200થી વધુ મતદારો નહીં હોય.'



**BLO દરેક મતદારોના ઘરે ઓછામાં ઓછા ત્રણ વખત મુલાકાત લેશે**

જ્ઞાનેશ કુમારે કહ્યું કે, 'આ પ્રક્રિયા દરમિયાન બૂથ લેવલ ઑફિસર (BLO) દરેક મતદારોના ઘરે ઓછામાં ઓછા ત્રણ વખત મુલાકાત લેશે, જેથી નવા મતદારોને યાદીમાં જોડી શકાય અને કોઈ પણ ભૂલને સુધારી શકાય. BLO ઘરે-ઘરે જઈને Form-6 અને Declaration Form એકઠા કરશે, નવા મતદારોને ફોર્મ ભરવામાં મદદ કરશે અને તેમને ERO (ઈલેક્ટોરલ રજિસ્ટ્રેશન ઑફિસર) અથવા AERO(આસિસ્ટન્ટ ERO)ને સોંપશે. બીજા તબક્કાની ટ્રેનિંગ મંગળવારથી શરુ થશે. સાથે જ તમામ મુખ્ય ચૂંટણી અધિકારી (CEOs) અને જિલ્લા ચૂંટણી અધિકારી(DEOs)ને નિર્દેશ અપાયા છે કે તેઓ આગામી બે દિવસમાં રાજકીય પક્ષો સાથે મળીને SIR પ્રક્રિયાની માહિતી આપી દે.

**રાત્રે યાદી ફ્રીઝ કરાશે**

મુખ્ય ચૂંટણી કમિશ્નરે કહ્યું કે, આ તબક્કામાં જે રાજ્યોમાં SIR થશે, ત્યાં મતદાર યાદી આજે રાત્રે ફ્રીઝ કરી દેવાશે.

**શા માટે જરૂરી છે SIR?**

મુખ્ય ચૂંટણી અધિકારીએ કહ્યું કે, અનેક કારણ છે જેના કારણે SIR જેવી પ્રક્રિયાની જરુર છે. જેમાં વારંવાર પલાયન સામેલ છે, જેના કારણે મતદારોની એકથી વધુ જગ્યાઓ નોંધણી થઈ જાય છે, મૃત મતદારોના નામ નથી હટાવાટા અને કોઈ વિદેશીનું ખોટી રીતે યાદીમાં સામે સામેલ થાય છે.

### સહકારી આત્મનિર્ભર સંસ્થાઓ ભારતમાં ફિશરીઝની આત્મા છે: શાહ

મુંબઈ : કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે સોમવારે મત્સ્યઉદ્યોગ (Fisheries Sector) માં આત્મનિર્ભરતા, ટકાઉપણું અને સહકારી સંસ્થાઓને સશક્ત બનાવવા પર ભાર મૂક્યો હતો. મઝગાંવ ડૉક ખાતે પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના (PMMSY) હેઠળ ડીપ-સી ફિશિંગ વેસલ્સના વિતરણ કાર્યક્રમમાં બોલતા તેમણે કહ્યું કે સહકારી સંસ્થાઓ આત્મનિર્ભર ભારત (Aatmanirbhar Bharat) માં ફિશરીઝનો આત્મા છે.


**માછીમારોની આવક વધારવાનો માર્ગ**

ગૃહમંત્રીએ સમજાવ્યું કે ૧૧,૦૯૯ કિલોમીટર લાંબા દરિયાકાંઠાના પ્રદેશમાં આ યોજના માછીમારોના જીવનમાં મોટો બદલાવ લાવશે. માછીમારો માત્ર ૪૦-૬૦ નોટિકલ માઈલ સુધી જ માછીમારી કરતા હતા, જેનાથી આવક મર્યાદિત રહેતી હતી.

કેન્દ્રીય મંત્રી અમિત શાહે સ્પષ્ટ કર્યું કે, આ કાર્યક્રમનો હેતુ આગામી સમયમાં ભારતના મત્સ્ય સંસાધનોની ક્ષમતાનો સંપૂર્ણ ઉપયોગ કરવાનો છે. તેમણે કહ્યું કે માછીમારી ઉદ્યોગથી થતો લાભ સીધો માછીમારો અને સહકારી મંડળીઓ સાથે સંકળાયેલા ગરીબ પરિવારો સુધી પહોંચે તે મુખ્ય લક્ષ્ય છે. 'આ માત્ર વેસલ્સનું વિતરણ નથી, પરંતુ આ આપણા માછીમારોને ગૌરવ, સમૃદ્ધિ અને આત્મનિર્ભરતાનું વિતરણ છે.' અમિત શાહે ભારપૂર્વક જણાવ્યું કે દેશમાં પ્રથમ વખત ડીપ-સી ફિશિંગ બોટ ખાનગી કંપનીઓ નહીં પણ માછીમાર સહકારી સંસ્થાઓ દ્વારા સંચાલિત થશે.

### સુપ્રીમ કોર્ટ 'ડિજિટલ અરેસ્ટ' સ્કેમ પર ગરમ

# દેશવ્યાપી કૌભાંડ તમામ રાજ્યોને કોર્ટની નોટિસ જાહેર



નવી દિલ્હી | સમગ્ર દેશમાં ફેલાયેલા 'ડિજિટલ અરેસ્ટ' કૌભાંડ (Digital Arrest Scam) ની ગંભીરતાને ધ્યાનમાં લઈને સુપ્રીમ કોર્ટે તેમાં સેન્ટ્રલ બ્યુરો ઑફ ઇન્વેસ્ટિગેશન (CBI) દ્વારા તપાસ કરાવવાનો પ્રસ્તાવ મૂક્યો છે. ૭૩ વર્ષના એક સિનિયર સિટિઝન મહિલાને નકલી સુપ્રીમ કોર્ટના ઓર્ડર દ્વારા ૧ કરોડની છેતરપિંડી કરવામાં આવ્યા બાદ જસ્ટિસ સૂર્ય કાંત અને જસ્ટિસ જોયમલ્ય બાગચીની બેન્ચે આ મુદ્દે સુઓ મોટુ (Suo Motu) સંજ્ઞાન લીધું છે.

ડિજિટલ અરેસ્ટ કૌભાંડ એટલે સાયબર ગુંડાઓ દ્વારા WhatsApp અને Video Call દ્વારા પીડિતોનો સંપર્ક કરવો અને પછી તેમને નકલી કોર્ટ કે એન્ફોર્સમેન્ટ એજન્સીના ઓર્ડર બતાવીને ધરપકડની ધમકી આપવી. આ કૌભાંડમાં ખાસ કરીને સિનિયર સિટિઝન નિશાન બની રહ્યા છે. એટોર્ની જનરલ આર. વેંકટરામાણીએ કોર્ટને જણાવ્યું હતું કે આવા ગુનાઓનું સંકલન ભારતની બહાર, એશિયાના અનેક ભાગોમાંથી કરવામાં આવી રહ્યું છે, જે મની લોન્ડરિંગ (Money Laundering)ના ગુંડાઓનું કામ છે. આ મુદ્દો માત્ર સ્થાનિક નહીં, પરંતુ આંતરરાષ્ટ્રીય કાવતરું છે.

### ગુજરાતના ટેલેન્ટ પર સવાલ ઉઠાવતા વિવાદ

# પ્રિયંક ખડગે 'ફર્સ્ટ-ક્લાસ ઈડિયટ' છે, મામલો કોર્ટ સુધી જશે



નવી દિલ્હી | ગુજરાત અને આસામમાં સેમિકન્ડક્ટર ઉદ્યોગ (Semiconductor Industry) ના રોકાણની પસંદગી અંગે કર્ણાટકના IT મંત્રી પ્રિયંક ખડગેએ કરેલી ટિપ્પણીથી મોટો રાજકીય વિવાદ સર્જાયો છે. ખડગેએ આ રાજ્યોના 'ટેલેન્ટ પૂલ' (Talent Pool) પર ખુલ્લેઆમ સવાલ ઉઠાવતા રાજકારણમાં ગરમાવો આવ્યો છે.

તે શું છે? 'ટેલેન્ટ' પરનો રાજકીય સવાલ

રવિવારે, કોંગ્રેસ નેતા પ્રિયંક ખડગેએ જાહેરમાં પ્રશ્ન કર્યો હતો કે જ્યારે સેમિકન્ડક્ટર કંપનીઓ બેંગ્લોર આવવા માંગે છે, ત્યારે તેઓ શા માટે આસામ અને ગુજરાત જઈ રહી છે. તેમણે આક્ષેપ કર્યો કે કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાત તરફ રોકાણ કરાવવા માટે 'આર્મ-ટ્વિસ્ટ' (Arm-Twist) કરવામાં આવી રહ્યું છે. તેમણે કહ્યું, 'ગુજરાતમાં શું છે? શું ત્યાં ટેલેન્ટ છે? આસામમાં શું છે? શું ત્યાં ટેલેન્ટ છે?' આ ટિપ્પણીઓ બાદ તરત જ આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ તીખી પ્રતિક્રિયા આપી. તેમણે ખડગેના નિવેદનને 'ઊંડા અપમાનજનક' અને 'અપમાનકારક' ગણાવ્યું.

### 125 દેશોના નીતિ નિર્માતાઓ હાજર રહેશે

# રાષ્ટ્રપતિ મુર્મુ ISA એસેમ્બલીને સંબોધશે 'વન વર્લ્ડ, વન સન, વન ગ્રીડ' પર ફોકસ

નવી દિલ્હી: ભારતની વૈશ્વિક સૌર ઊર્જા સહકાર પ્રત્યેની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવતા, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ મંગળવારે ભારત મંડપમ ખાતે **ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ (ISA)**ની ૮મી એસેમ્બલી (8th ISA Assembly)ને સંબોધન કરશે.

આ પ્રથમ વખત હશે જ્યારે ભારતના રાષ્ટ્રપતિ ISA એસેમ્બલીને સંબોધશે. આ સંબોધન દ્વારા દેશ સોલાર પાવર (Solar Power) આધારિત વિકાસ માટેનું રાષ્ટ્રનું વિઝન અને 'વન વર્લ્ડ, વન સન, વન ગ્રીડ' (One World, One Sun, One Grid)ના સ્થાપક વિઝન પર ભાર મૂકશે.



**શું છે ? વૈશ્વિક સૌર સહયોગનું મંચ**

આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન (ISA)ની આઠમી એસેમ્બલી ૨૮ થી ૩૦ ઓક્ટોબર દરમિયાન આયોજિત છે, જેમાં ૧૨૫ સભ્ય અને હસ્તાક્ષર કરનાર દેશોના મંત્રીઓ, નીતિ નિર્માતાઓ, આંતરરાષ્ટ્રીય સંગઠનો અને ખાનગી ક્ષેત્રના અગ્રણીઓ ભાગ લેશે.

# FY26માં ભારતનો ગ્રોથ આશાવાદી

નવી દિલ્હી: વૈશ્વિક સ્તરે આર્થિક અને વેપાર નીતિમાં અનિશ્ચિતતાનો માહોલ હોવા છતાં, ભારતનું અર્થતંત્ર નાણાકીય વર્ષ ૨૦૨૬ (FY26)ના બીજા ક્વાર્ટરમાં જોરદાર ગતિ પકડી રહ્યું છે. આ ખાસ કરીને ત્યારે મહત્ત્વપૂર્ણ છે જ્યારે ઓગસ્ટમાં US ટેરિફ હાઈક (US Tariff Hike) લાગુ કરવામાં આવ્યો હતો. નાણા મંત્રાલયના સોમવારે જાહેર થયેલા માસિક રિપોર્ટમાં આ માહિતી આપવામાં આવી છે. નાણા મંત્રાલયના અહેવાલ મુજબ, વિવિધ સપ્લાય-સાઈડ ઉચ્ચ-આવર્તન સૂચકાંકોએ તંદુરસ્ત વલણ દર્શાવ્યું છે. બીજી તરફ, જીએસટી રિફોર્મ્સ (GST Reforms) અને તહેવારોની સિઝનને કારણે માંગની સ્થિતિમાં સુધારો જોવા મળી રહ્યો છે, જેનાથી વપરાશને પ્રોત્સાહન મળ્યું છે.

# અદાણીમાં LICના રોકાણનો વિવાદ: ચૂંટણી પહેલાનો રાજકીય દાવ !

**LICના રોકાણ પર રાજકારણ યોગ્ય નથી**

નવી દિલ્હી | ભારતીય જીવન વીમા નિગમ પર અદાણી ગ્રુપમાં રોકાણ કરવા માટે સરકારી દબાણ હોવાના તાજેતરના અહેવાલના સમય પર સોમવારે ટોચના બજાર નિષ્ણાતો દ્વારા ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા છે. નિષ્ણાતો માને છે કે આ અહેવાલ ખાસ કરીને બિહારની ચૂંટણી પહેલા વિવાદ જગાવવાનો ઈરાદાપૂર્વકનો પ્રયાસ હોઈ શકે છે. જ્યારે દેશનું અર્થતંત્ર મજબૂત વૃદ્ધિના સંકેતો દર્શાવી રહ્યું છે અને બજારમાં આત્મવિશ્વાસ વધી રહ્યો છે, ત્યારે આ પ્રકારનો અહેવાલ રાજકીય રીતે પ્રેરિત હોવાનું જણાય છે. ન્યુયોર્ક સ્થિત મીડિયા આઉટલેટે તાજેતરમાં એક લેખ પ્રકાશિત કરીને આરોપ લગાવ્યો હતો કે ભારત સરકારે LIC પર અદાણી ગ્રુપમાં $3.9 બિલિયન સુધીનું રોકાણ કરવા માટે 'દબાણ' કર્યું હતું.

### પીએમ મોદીએ આંધ્ર પ્રદેશને મદદની ખાતરી આપી

# મોંથા વાવાઝોડું 90-110 kmphની ઝડપે ટકરાશે

અમરાવતી: ભયાનક ચક્રવાતી વાવાઝોડું મોંથા (Cyclone Montha) આંધ્ર પ્રદેશના દરિયાકાંઠા તરફ આગળ વધી રહ્યું છે. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુ સાથે ફોન પર વાત કરી અને ચક્રવાતની વર્તમાન પરિસ્થિતિ વિશે માહિતી મેળવી. મુખ્યમંત્રીએ X પર પોસ્ટ કરીને માહિતી આપી કે પીએમ મોદીએ રાજ્યને તમામ સંભવિત મદદ અને સમર્થન પૂરૂં પાડવાની ખાતરી આપી છે.

### જ્યાં મુસ્લિમ નથી, ત્યાં 'મુસ્તફાબાદ' નામ કેમ રાખવું !

# યોગી સરકાર : મુસ્તફાબાદ હવે સંત કબીરધામ તરીકે ઓળખાશે

લખનઉ: ઉત્તર પ્રદેશની યોગી આદિત્યનાથ સરકાર એક મોટો નિર્ણય લેવાની તૈયારીમાં છે. રાજ્યના લખીમપુર ખેરી જિલ્લામાં આવેલા મુસ્તફાબાદ ગામનું નામ બદલીને કબીરધામ કરવાની દરખાસ્ત પર સરકાર કામ કરી રહી છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે તાજેતરમાં સ્મૃતિ મહોત્સવ મેળા 2025માં એક સભાને સંબોધતા આ જાહેરાત કરી હતી. તેમણે સ્પષ્ટ કર્યું કે આ પગલું સંત કબીર સાથે જોડાયેલા આ સ્થળના સાંસ્કૃતિક અને ઐતિહાસિક ગૌરવને પુનઃસ્થાપિત કરવા માટે લેવામાં આવી રહ્યું છે.

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું કે, 'અમે આ દરખાસ્ત લાવીશું અને તેને આગળ ધપાવીશું. આ પગલું સંત કબીરની વિરાસત સાથે જોડાયેલા એક સ્થળનું સન્માન પુનઃસ્થાપિત કરવા વિશે છે.' યોગી આદિત્યનાથ એ આ નિર્ણયને અગાઉ તેમની સરકારે કરેલા નામ બદલવાના નિર્ણયો સાથે સરખાવ્યો. અગાઉની સરકારોએ અયોધ્યાનું નામ ફૈઝાબાદ, પ્રયાગરાજનું નામ અલ્હાબાદ અને કબીરધામનું નામ મુસ્તફાબાદ કર્યું હતું. 'અમારી સરકાર આને ઉલટાવી રહી છે - અયોધ્યાને પુનઃસ્થાપિત કરી રહી છે, પ્રયાગરાજને પુનઃસ્થાપિત કરી રહી છે, અને હવે મુસ્તફાબાદને તેના યોગ્ય નામ 'કબીરધામ' તરીકે પુનર્જીવિત કરી રહી છે.'

### રખડતા કૂતરા મુદ્દે સુપ્રીમ કોર્ટ લાલઘૂમ | તમામ રાજ્યોના ચીફ સેક્રેટરીને સમન્સ : દેશની છબી ખરડાવાનો આક્ષેપ

# ખસીકરણ-રસીકરણ નિયમોનું પાલન ન થતાં સુપ્રીમની ગંભીર નારાજગી

નવી દિલ્હી : રખડતા કૂતરાઓના ખસીકરણ, ડીવોર્મિંગ અને રસીકરણ માટેના એનિમલ બર્થ કંટ્રોલ નિયમો, 2023નું પાલન કરવામાં નિષ્ફળ રહેવા બદલ સુપ્રીમ કોર્ટે અનેક રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સામે ગંભીર વાંધો ઉઠાવ્યો છે.

જસ્ટિસ વિક્રમ નાથના વડપણ હેઠળની બેન્ચે સોમવારે આદેશ આપ્યો કે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવો ૩ નવેમ્બરના રોજ કોર્ટ સમક્ષ વ્યક્તિગત રીતે હાજર થાય. સુપ્રીમ કોર્ટે ૨૨ ઓગસ્ટના રોજ ABC નિયમો, ૨૦૨૩નું સખત પાલન કરવાનો નિર્દેશ આપ્યો હતો. આ નિયમો સ્થાનિક સત્તાવાળાઓને 'કેચ-ન્યુટર-રસી-રીલીઝ' મોડેલ હેઠળ રખડતા કૂતરાઓનું ખસીકરણ અને એન્ટિ-રેબીઝ ડ્રાઈવ હાથ ધરવા ફરજ પાડે છે. કોર્ટે ટિપ્પણી કરી કે સતત વધી રહેલા કૂતરાઓના હુમલાથી દેશની છબી વિદેશોમાં ખરડાઈ રહી છે. બેન્ચે સત્તાવાળાઓની સતત બિન-પાલન માટે તેમની ઝાટકણી કાઢી.



**જાહેર સુરક્ષા અને પશુ કલ્યાણ વચ્ચે સંતુલન**

અગાઉ, ૬ વર્ષની બાળકીના મૃત્યુ સહિત કૂતરા કરડવાના બનાવોની શ્રેણીને પગલે સર્વોચ્ચ અદાલતે સુઓ મોટુ દરમિયાનગીરી કરી હતી. કોર્ટે સ્પષ્ટ કર્યું કે તેનો ઉદ્દેશ્ય પશુ કલ્યાણ અને જાહેર સુરક્ષા વચ્ચે સંતુલન જાળવવાનો છે. કોર્ટે જાહેર અસુવિધા ન થાય તે માટે દરેક વોર્ડમાં ફીડિંગ ઝોન નિયુક્ત કરવાનો અને ઉલ્લંઘનની જાણ કરવા માટે સમર્પિત હેલ્પલાઈન શરૂ કરવાનો પણ નિર્દેશ આપ્યો હતો.

**ચીફ સેક્રેટરીઝને કોર્ટનું તેડું**

જસ્ટિસ વિક્રમ નાથે આદેશ આપ્યો કે, 'તેલંગાણા અને પશ્ચિમ બંગાળ સિવાયના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવો આગામી સોમવારે સવારે ૧૦.૩૦ કલાકે આ કોર્ટ સમક્ષ હાજર રહે અને પાલન એફિડેવિટ કેમ ફાઈલ નથી કરી તેની સમજૂતી આપે.

'કોર્ટે નારાજગી વ્યક્ત કરતા કહ્યું કે ઓગસ્ટમાં રાજ્યોને આ નિયમોના અમલ અંગે રિપોર્ટ કરવા માટે લગભગ આઠ અઠવાડિયાનો સમય આપવામાં આવ્યો હતો.

બેન્ચે ટિપ્પણી કરી કે, 'અમારા આદેશની તમામ અખબારો અને અન્ય મીડિયા રિપોર્ટ દ્વારા વ્યાપકપણે જાણ કરવામાં આવી હતી. શું રાજ્યના અધિકારીઓ અખબારો વાંચતા નથી કે સોશિયલ મીડિયા (Social Media)નો ઉપયોગ કરતા નથી?'

### તેજસ્વી યાદવના વચનોમાં દમ નથી : બિહાર ચૂંટણી ફક્ત

# NDA અને જન સુરાજ વચ્ચે સીધી ટક્કર : પ્રશાંત કિશોર

પૂર્ણિયા (બિહાર): જન સુરાજ (Jan Suraaj)ના સ્થાપક પ્રશાંત કિશોર (Prashant Kishor)એ સોમવારે ફરી એકવાર ભારપૂર્વક જણાવ્યું હતું કે આગામી બિહાર વિધાનસભાની ચૂંટણી (Bihar Assembly Polls) માં મુખ્ય મુકાબલો NDA અને જન સુરાજ વચ્ચે છે અને મહાગઠબંધન (Mahagathbandhan) ત્રીજા સ્થાને રહેશે. બિહારના રાજકારણ પર સતત નજીકની નજર રાખતા કિશોરનું આ નિવેદન મહાગઠબંધન માટે મોટી ચિંતાનો વિષય બની શકે છે.



આરજેડી (RJD) નેતા તેજસ્વી યાદવ (Tejashwi Yadav) દ્વારા તાજેતરમાં કરવામાં આવેલી ચૂંટણીની જાહેરાતો વિશે પૂછવામાં આવતાં, પ્રશાંત કિશોરે તેને તદ્દન અર્થહીન ગણાવી હતી. તેમણે કહ્યું, 'અમે દરેક વિધાનસભા ક્ષેત્રની મુલાકાત લઈ રહ્યા છીએ. મહાગઠબંધન ત્રીજા સ્થાને છે.

## બાળકીને તાવ-શ્વાસની તકલીફ છતાં કહ્યું- હું ટ્રીટમેન્ટ નહીં કરું, જ્યાં જવું હોય ત્યાં જાઓ; આરોગ્ય મંત્રીએ તપાસના આદેશ આપ્યા

# અમદાવાદની સોલા સિવિલમાં મહિલા ડૉક્ટરની દાદાગીરી...

(એજન્સી) અમદાવાદ | તા.27

અમદાવાદ શહેરની સોલા સિવિલ હોસ્પિટલના પીડિયાટ્રિક વિભાગમાં રેસિડેન્ટ મહિલા ડૉક્ટરની દાદાગીરીનો એક વીડિયો સામે આવ્યો છે. સારવાર માટે આવેલા એક દર્દીને ડૉક્ટરે સારવાર આપવાની ના પાડી દીધી હતી. એટલું જ નહીં, મહિલા ડૉક્ટરે વીડિયો ઉતારતા વ્યક્તિ સાથે હાથચાલાકી પણ કરી હોવાનું સ્પષ્ટપણે વીડિયોમાં જોવા મળી રહ્યું છે. અજય ચાવડા નામનો શખસ તેમની બીમાર ભત્રીજીની સારવાર માટે ગઈકાલે(26 ઓક્ટોબર) રાત્રે 9 વાગ્યાની આસપાસ સોલા સિવિલમાં આવ્યા હતા તે દરમિયાન આ ઘટના બની હતી. ઉલ્લેખનીય છે કે દિવ્ય ભાસ્કરે આ અંગે સોલા સિવિલ સુપ્રિટેન્ડેન્ટ દેવાંગ શાહનો સંપર્ક કરવા પ્રયાસ કર્યો, પરંતુ તેઓએ ફોન ઉપાડ્યો નથી.

અમદાવાદના સોલા સિવિલ હોસ્પિટલમાં દર્દી સાથે બનેલી ઘટનાને લઈને રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ આરોગ્ય સચિવને તાત્કાલિક તપાસના આદેશ આપ્યા છે. આ અંગે તેમણે જણાવ્યું કે કોઈપણ તબીબી કર્મચારી કે અધિકારી દ્વારા દર્દી સાથે અયોગ્ય વર્તન કરવામાં આવશે તો તે અંગે નિષ્પક્ષ તપાસ કરીને યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

અજય ચાવડાએ જણાવ્યું હતું કે, મારી ભત્રીજીને છેલ્લા બે દિવસથી થોડો તાવ હતો, પણ આજે એને થોડું વધારે વધી ગયું હતું. કફના કારણે શ્વાસ લેવામાં તકલીફ થતી હતી અને તાવ પણ ખૂબ જ વધારે હતો. એટલે અમે તાત્કાલિક સોલા સિવિલ ખાતે લઈ આવ્યા. મારો ભાઈ અહીંયા સોલા સિવિલમાં જ ઈલેક્ટ્રિશિયન તરીકે જોબ કરે છે, એટલે અમે અહીંયા આવ્યા. જ્યારે અમે પીડિયાટ્રિક વિભાગમાં આવ્યા ત્યારે ડૉક્ટર હાજર નહોતા. લગભગ 9 વાગ્યાની આસપાસ અમે હોસ્પિટલ આવ્યા હતા. પરંતુ કોઈ ડૉક્ટર હાજર નહોતા.

થોડીવાર રાહ જોયા બાદ ડૉક્ટર આવ્યા. તેમણે જોયું તો થર્મોમીટર ટી-શર્ટની ઉપર બગલમાં લગાવેલું હતું. ડૉક્ટરે આવીને તરત જ મારા ભાઈને કહ્યું કે, આવી રીતે ન આવે, ટી-શર્ટની અંદર મૂકવાનું હોય. તો મારા ભાઈએ કહ્યું કે, હું નર્સિંગ સ્ટાફમાંથી નથી. તમારા સ્ટાફમાંથી કોઈએ મૂક્યું છે. તો ડૉક્ટરે કહ્યું કે, મેં કીધું ને આને ટી-શર્ટની અંદર મૂકવાનું હોય. મારા ભાઈએ જવાબ આપ્યો કે, હું આ ના કરી શકું. કેમ કે હું સ્ટાફમાંથી નથી. તમે મૂકી દો. તો ડૉક્ટરે ઊંચા અવાજે કહ્યું કે, મેં તમને 3-4 વાર કીધું તો તમને ખબર નથી પડતી? તારી છોકરી છે તો તને ખબર ન પડે મૂકવાની? એમ કહીને અમારી સાથે ઊંચા અવાજે વાત કરવા લાગ્યા. અજયે વધુમાં જણાવ્યું કે, મેં ડૉક્ટરનું નામ પૂછ્યું, પણ કોઈ જવાબ નહોતું આપી રહ્યું. મેં ડૉક્ટરને કહ્યું કે, તમે ધીમેથી વાત કરો. તો એ કહેવા લાગ્યા કે, મારો અવાજ જ આવો જ છે. પછી મેં વીડિયો રેકોર્ડિંગ ચાલુ કર્યું, તો તેમણે મારા ફોન પર હાથ માર્યો. મને હાથ પર વાગ્યું અને મારા ભાઈને પેટ પર પણ વાગ્યું. આવું થયા બાદ ડૉક્ટરે સ્પષ્ટ કહ્યું કે, તમે મારી સાથે ગેરવર્તણૂક કરી છે, એટલે હું ટ્રીટમેન્ટ નહીં કરું. તમારે જ્યાં જવું હોય ત્યાં જાઓ. અને એવું પણ કહ્યું કે, ચીફ મિનિસ્ટર પાસે જવું હોય તો જાઓ, હું ટ્રીટમેન્ટ નહીં કરું. ત્યારબાદ મેં CMOનો કોન્ટેક્ટ કર્યો. થોડીવાર પછી CMOએ અમને જણાવ્યું કે, તમે વીડિયો ડિલીટ કરી દો. એ ડૉક્ટર ટ્રીટમેન્ટ કરી દેશે. ત્યારબાદ અમને વેઈટિંગ એરિયામાં બેસાડ્યા અને મારી ભત્રીજીને ટ્રીટમેન્ટ માટે અંદર લઈ જવામાં આવી હતી.

### 'તારાથી થાય એ કરી લે', રાજકોટ સિવિલ સ્ટાફની તુમાખી

પાંચ મહિના પહેલાં લોકસાહિત્યકાર હકાભા ગઢવીને રાજકોટ સિવિલમાં કડવો અનુભવ થયો હતો તો 3 મહિના પહેલાં જાણીતાં સિંગર અને લોકસાહિત્યકાર મીરા આહીરને પણ રાજકોટ સિવિલ હોસ્પિટલના અણઘડ વહીવટ અને બેદરકાર સ્ટાફનો ભોગ બનવું પડ્યું હતું. મીરા આહીરના ભાઈ કાનાનો પારેવડી ચોક આસપાસ અકસ્માત થયો હતો. ત્યાર બાદ તેને સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો, પરંતુ તેને ઈમર્જન્સી કેસ હોવા છતાં 50 મિનિટ સુધી એડમિટ કરવામાં આવ્યો નહોતો



# પુંધરા ગામમાં પારિવારિક ઝઘડો લોહિયાળ બન્યો : દંપતી પર હુમલો

ગાંધીનગર | ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના પુંધરા ગામમાં હાઈવે રોડ પર રહેતા પટેલ પરિવાર વચ્ચે રોડ પરના ખાડા અને પાણીની પાઈપલાઈનના નજીવા વિવાદે હિંસક સ્વરૂપ ધારણ કરતાં 72 વર્ષીય વૃદ્ધ દંપતી પર ગડદાપાટુ અને ઈંટોના રોડા વડે હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં વૃદ્ધ દંપતી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ અંગે માણસા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

માણસાના 72 વર્ષીય પરસોતમભાઈ અંબાલાલ પટેલે નોંધાવેલી ફરિયાદ મુજબ, ગત શનિવારની રાત્રે આશરે સાડા આઠ વાગ્યાના સુમારે તેમના નાના ભાઈ પ્રવિણભાઈ અંબાલાલ પટેલ, ભત્રીજા કેતનભાઈ પ્રવિણભાઈ પટેલ, અંકિતભાઈ પ્રવિણભાઈ પટેલ અને ભાભી સવિતાબેન પ્રવિણભાઈ પટેલ તેમના ઘર આગળ આવ્યા હતા.

બાદમાં ઝઘડાની શરૂઆત રોડ પર ખોદેલા એક ખાડાના કારણે થઈ હતી. પ્રવિણભાઈએ પરસોતમભાઈને પૂછ્યું હતું કે , કેમ રસ્તામાં ખાડો ખોદ્યો છે? તેના જવાબમાં પરસોતમભાઈએ તેમના ઘરની પાણીની પાઈપલાઈન તોડી નાખવામાં આવી હોવાથી સમારકામ માટે ખાડો ખોદ્યો હોવાનો જવાબ આપ્યો હતો.

આટલી વાતચીત બાદ પ્રવિણભાઈ એકદમ ઉશ્કેરાઈ જઈ ગાળો બોલવા લાગ્યા હતા. જેથી પરસોતમભાઈએ ગાળો બોલવાની ના પાડતા પ્રવિણભાઈ, સવિતાબેન, કેતનભાઈ અને અંકિતભાઈએ મળીને પરસોતમભાઈને ગડદાપાટુનો માર મારવાનું શરૂ કર્યું હતું.

આ દરમિયાન વૃદ્ધ પરસોતમભાઈને બચાવવા માટે તેમના પત્ની મધુબેન પટેલ વચ્ચે પડતા હુમલાખોરોએ તેમને પણ માર માર્યો હતો. એ અરસામાં ભત્રીજા અંકિતભાઈ પ્રવિણભાઈ પટેલે ઉશ્કેરાઈને ઈંટોના છૂટા રોડા મારવાનું શરૂ કરી દીધું હતું. રોડા વાગવાથી પરસોતમભાઈના માથાના પાછળના ભાગે અને મધુબેનના કપાળના આગળના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી અને લોહી વહેવા લાગ્યું હતું.

જેથી બુમાબૂમ થતાં નજીકમાંથી પરસોતમભાઈના ભત્રીજા રાકેશભાઈ મણીલાલ અને પુત્ર પિનાકિન પટેલ દોડી આવ્યા હતા અને વચ્ચે પડીને મામલો થાળે પાડ્યો હતો. બાદમાં ઈજાગ્રસ્ત દંપતીને સૌપ્રથમ માણસા સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયા હતા, જ્યાંથી વધુ સારવાર માટે તેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા.

## ઘોઘા નજીક રાત્રે 11 વાગ્યે ફિલ્મી દ્રશ્યો સર્જાયા

# સરકારી કર્મચારીને ધમકાવી રેતી ભરેલું ડમ્પર ભગાડી ગયા...

ભાવનગર | ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના અવાણીયા ગામ નજીક ગેરકાયદેસર રીતે સાદી રેતીનું વહન કરતા એક ડમ્પરને ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ ખાતાની ટીમે ઝડપી પાડ્યું હતું. જોકે, આ દરમ્યાન બે ખાનગી વાહનોમાં આવેલા ચાર શખ્સોએ કાયદેસરની કાર્યવાહીમાં રૂકાવટ ઊભી કરીને સરકારી કર્મચારીને ડમ્પર માંથી નીચે ઉતારી, આશરે રૂ.1 લાખથી વધુની કિંમતની રેતી ભરેલું ડમ્પર ભગાડી જતાં ખનીજ માફિયાઓની દાદાગીરી સામી આવી હતી,

આ બનાવ અંગે ઘોઘા પોલીસ મથકે થી જાણવા મળતી વિગતો અનુસાર ખનીજ વિભાગના માઈન્સ સુપરવાઈઝર તેમની ટીમ ગાર્ડ સંજયદાન ગઢવી, પ્રવિણભાઈ રાઠોડ, ડ્રાઈવર સમીરહુશેન શેખ અને વિરભદ્રસિંહ વાળા સાથે ગઈકાલ તા.25/10/2025 ના રોજ રાત્રે 10 વાગ્યાથી સરકારી વાહનમાં ઘોઘા નજીક અવાણીયા ગામના પાટીયા પાસે ફરજ પર હતા. રાત્રે આશરે 11 વાગ્યાના સુમારે ઘોઘા તરફના પીપળીયા પુલ તરફથી આવી રહેલું 6 વ્હીલનું પીળા કલરનું ડમ્પર નં. GJ-13-AT-0900 રોકાવવામાં આવ્યું હતું. ડમ્પરની તપાસ કરતાં તેમાં ગેરકાયદેસર રીતે સાદી રેતી ભરેલી હતી. ડ્રાઈવર લાલો રહે. માંડવા, તા. તળાજા પાસે રેતીના વહન માટેનો રોયલ્ટી પાસ કે કોઈ પરમીટ મળી આવી નહોતી. ડમ્પરમાં આશરે 10 થી 12 મેટ્રિક ટન સાદી રેતી ભરેલી હતી, જેની કિંમત રૂ.1,10,000 નો મુદ્દામાલ થાય છે, માઈન્સ સુપરવાઈઝરે તેમના સ્ટાફના કર્મચારી વિરભદ્રસિંહ વાળાને ડમ્પર ડ્રાઈવર સાથે ઘોઘા પોલીસ સ્ટેશન તરફ વાળવામાં આવ્યું તે જ સમયે બે ખાનગી કારો ઘટનાસ્થળે આવી પહોંચી હતી.બ્લેક કલરની સ્કોર્પિયો GJ-04-EP-3334 તથા બ્લેક કલરની સ્વીફ્ટ કાર GJ-38-BF-18 આ વાહનોમાંથી અશ્વીન મગનભાઈ ડાભી રહે.ખદરપર, તા.તળાજા, કનકસિંહ જસુભા ગોહિલ રહે.સોસીયા, તા.તળાજા અને અમર લાખાભાઈ ડાભી નામના ચાર શખ્સો આવ્યા હતા. આરોપીઓએ તુરંત જ ડમ્પરમાં બેઠેલા સરકારી કર્મચારી વિરભદ્રસિંહ વાળાને નીચે ઉતારી મૂક્યા હતા અને ખનીજ વિભાગની કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી હતી. આ ચારેય વ્યક્તિઓએ એકબીજાની મદદગારી કરીને અધિકારીઓ દ્વારા પકડવામાં આવેલું ગેરકાયદેસર રેતી ભરેલું ડમ્પર બળજબરીપૂર્વક ભગાડી ગયા હતા. ફરિયાદી માઈન્સ સુપરવાઈઝરે આ સમગ્ર મામલે આરોપીઓ વિરુદ્ધ તાત્કાલિક કાયદેસરની કાર્યવાહી કરવા માટે પોલીસને વિનંતી કરી હતી.

## ભરૂચમાં દારૂ ભરેલી કિયા ઝડપાઇ:12.34 લાખના વિદેશી દારૂ સાથે એક ઝડપાયો



ભરૂચ | ભરૂચ શહેર એ-ડિવિઝન પોલીસે વિદેશી દારૂની હેરાફેરી કરતા એક ઈસમને કિયા કંપનીની ફોર વ્હીલર કાર સાથે ઝડપી પાડી 12.34 લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. પોલીસને બાતમી મળી હતી કે ભરૂચ રેલવે સ્ટેશન તરફથી વિદેશી દારૂનો જથ્થો કિયા સેલ્ટોસ કાર (કંપની કિયા) માં ભરાઈ શક્તિનાથ તરફથી જંબુસર બાયપાસ તરફ જવાનો છે.આ બાતમીના આધારે એ-ડિવિઝન પોલીસ સ્ટાફે સિવિલ રોડ પર હિતેશ નગર ત્રણ રસ્તા પાસે વોચ ગોઠવી હતી. આ દરમિયાન બાતમી મુજબની ગાડી સ્થળ પર આવતા પોલીસે તેને અટકાવી તપાસ કરતા અંદરથી વિદેશી દારૂની કુલ 899 બોટલ મળી આવી હતી. પોલીસે રૂ.2.29 લાખ રૂપિયાનો દારૂ તથા રૂ.10 લાખ રૂપિયાની કાર મળી કુલ રૂ.12.34 લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

પોલીસે અંકલેશ્વરના કાપોદ્રા ગામની નવજીવન હોટલ બાજુ પ્રતિષ્ઠા રેસિડેન્સીમાં રહેતા રમઝાન ઈદ્રિશ મુન્નાખા શેખને ઝડપી પાડ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં રમઝાને જણાવ્યું હતું કે આ દારૂનો જથ્થો વલસાડની મહિલા બુટલેગર રુબીનાબાનુ સરફરાજ શેખ દ્વારા રેલવે સ્ટેશન પાસે આપી ગયો હતો. તેના જણાવ્યા મુજબ બુટલેગર અરવિંદ ઉર્ફે દાજી લક્ષ્મણ પટેલ અને ધર્મેન્દ્ર ઉર્ફે કાળિયો રામજી પટેલે આપેલી કિયા કારમાં પોતાના ભાઈ સાથે દારૂનો જથ્થો ભરી, બંનેને પહોંચાડવા જતો હતો.

# અમરેલીના ડુંગર પોલીસ સ્ટેશનની સતર્કતાથી રાભડા-કણકોટ માર્ગ પર મોટી દુર્ઘટના ટળી

અમરેલી

નદી પાસેના રસ્તાની બાજુમાં આવેલી દિવાલ તૂટી જતા રસ્તાનો મોટો ભાગ ધોવાઈ ગયો, પોલીસે બંને તરફ સતર્ક બંદોબસ્ત ગોઠવીને વાહનચાલકોને જોખમી વિસ્તાર વિશે ચેતવણી આપી વાહનવ્યવહારને સુરક્ષિત રીતે નિયંત્રિત કર્યો* અમરેલી જિલ્લામાં ભારે વરસાદને કારણે રામતલિયુ નદી પાસેના રાભડા-કણકોટ જવાના માર્ગ પર સર્જાયેલી અકસ્માતજનક સ્થિતિમાં ડુંગર પોલીસે ત્વરિત અને સરાહનીય કામગીરી કરી છે. રાભડા-કણકોટને જોડતા માર્ગ પર રામતલિયુ નદીની નજીક રસ્તાની બાજુમાં આવેલી એક દીવાલ અચાનક તૂટી પડવાથી રસ્તાનો મોટો ભાગ ધોવાઈ ગયો હતો. દીવાલ તૂટી જવાથી અને રસ્તો ધોવાઈ જવાથી વાહનવ્યવહાર માટે ગંભીર જોખમ ઊભું થયું હતું, જેના કારણે કોઈ મોટી દુર્ઘટના થવાની સંભાવના હતી. આ બાબતની જાણ થતાની સાથે જ ડુંગર પોલીસ સ્ટેશનના અધિકારીઓએ પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં લઈને તાત્કાલિક પગલાં લીધા છે. માનવજીવનની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને, પોલીસે તકેદારીના ભાગરૂપે તાત્કાલિક ધોરણે હોમગાર્ડ જવાનોને ઘટનાસ્થળે બંદોબસ્ત માટે મોકલી આપ્યા છે. ધોવાણ થયેલા રસ્તાની બંને તરફ સતર્ક બંદોબસ્ત ગોઠવીને હોમગાર્ડ જવાનોએ વાહનચાલકોને જોખમી વિસ્તાર વિશે ચેતવણી આપી હતી અને વાહનવ્યવહારને સુરક્ષિત રીતે નિયંત્રિત કર્યો હતો. પોલીસની આ ત્વરિત કામગીરીથી કોઈપણ પ્રકારની જાનહાનિ કે મોટી અકસ્માતની ઘટના ટળી છે. હાલમાં, તંત્ર દ્વારા રસ્તાના સમારકામની કામગીરી શરૂ કરવામાં આવે ત્યાં સુધી પોલીસ અને હોમગાર્ડનો બંદોબસ્ત ચાલુ રહેશે, જેથી લોકો સુરક્ષિત રીતે અવરજવર કરી શકે.

## સેજલ ગ્લાસે નાણાકીય વર્ષ 26ના બીજા ત્રિમાસિકમાં 70% આવક વૃદ્ધિ અને નફામાં 3 ગણા ઉછાળા સાથે મજબૂત પરિણામો આપ્યા

મુંબઈ | સેજલ ગ્લાસ લિમિટેડ, અગ્રણી આર્કિટેક્ચરલ ગ્લાસ મેન્યુફેક્ચરર્સ પૈકીની એકે નાણાકીય વર્ષ 26ના અનઓડિટેડ બીજા ત્રિમાસિક અને પ્રથમ અર્ધવાર્ષિક નાણાકીય પરિણામો જાહેર કર્યા. Q2 FY26ની મુખ્ય સંકલિત નાણાકીય વિશેષતાઓ : કુલ આવક 105.04 કરોડ, વાર્ષિક ધોરણે 69.75%ની વૃદ્ધિ, EBITDA 17.89 કરોડ, વાર્ષિક ધોરણે 106.34%ની વૃદ્ધિ, EBITDA માર્જિન (%) 17.03%, વાર્ષિક ધોરણે 302 બીપીએસની વૃદ્ધિ, ચોખ્ખો નફો 8.12 કરોડ, વાર્ષિક ધોરણે 231.43%ની વૃદ્ધિ, ચોખ્ખા નફા માર્જિન (%) 7.73%, વાર્ષિક ધોરણે 378 બીપીએસની વૃદ્ધિ, શેર દીઠ કમાણી 7.95, વાર્ષિક ધોરણે 231.25%ની વૃદ્ધિ સાથે મજબૂત પરિણામો આપ્યા છે. H1 FY26ની મુખ્ય સંકલિત નાણાકીય વિશેષતાઓ : કુલ આવક 182.81 કરોડ, વાર્ષિક ધોરણે 59.03%ની વૃદ્ધિ, EBITDA 30.38 કરોડ, વાર્ષિક ધોરણે 89.40%ની વૃદ્ધિ, EBITDA માર્જિન (%) 16.62%, વાર્ષિક ધોરણે 266 બીપીએસની વૃદ્ધિ સાથે મજબૂત પરિણામો આપ્યા.

# AAPની કિસાન મહાપંચાયતમાં લાખો ખેડૂતો ઉમટશે: સાગર રબારી AAP

(એજન્સી) | અમદાવાદ/સુરેન્દ્રનગર

આમ આદમી પાર્ટીના પ્રદેશ મહામંત્રી અને ખેડૂત નેતા સાગર રબારીએ પ્રેસ કોન્ફરન્સના માધ્યમથી જણાવ્યું હતું કે, 10 ઓક્ટોબરના રોજ બોટાદ APMCમાં તમામ ખેડૂતો ભેગા થયા હતા ત્યાં ચાલી રહેલા કડદા પ્રથાના વિરોધમાં લેખિતમાં બાંહેધરી માંગી હતી. APMCના સેક્રેટરી, ચેરમેન કે ડિરેક્ટરે બાંહેધરી આપવાને બદલે ખેડૂતોને જવાબ આપવાનું ટાળ્યું હતું, રાત્રે 3:00 વાગ્યાની આસપાસ પોલીસેયાર્ડકોર્ડનકરીનેઆગેવાનોની



ધરપકડ કરી લીધી હતી અને ખેડૂતોને વિખેરી નાખ્યા હતા. 12 તારીખે ખેડૂત મહાપંચાયત થઈ શકે નહીં એટલા માટે આખું બોટાદ માર્કેટ પોલીસમાં છાવણીમાં ફેરવાઈ ગયું હતું. સત્તા પક્ષે પોલીસનો દૂર ઉપયોગ કર્યો હતો. હડદડમાં ખેડૂતો એકઠા થયા ત્યારે શાંતિપૂર્ણ રીતે સંબોધન ચાલી રહ્યું હતું એને વિખેરી નાખવા માટે પાટીદાર આંદોલન વખતે GMDC ગ્રાઉન્ડમાં જે મોડસ ઓપરેન્ડી અપનાવી હતી તે જ મોડસ ઓપરેન્ડી અપનાવી ખેડૂતોને નિર્મમતાથી માર્યા હતા અને ઉપરથી FIR દાખલ કરી હતી. આ પછી ખેડૂતોમાં આક્રોશ ફાટી નીકળ્યો છે. કડદા જેવી અનેક પ્રથાઓ APMCમાં ચાલી રહી છે એને ધ્યાનમાં રાખીને ભાજપના શોષણમાંથી ખેડૂતોને મુક્તિ મળે એટલા માટે સુદામડા ગામ, લીંબડી વિધાનસભા ખાતે ખેડૂત મહાપંચાયતનું આયોજન કરવામાં આવ્યું છે.

## SIR મુદ્દે AAP નેતા ઈસુદાને ગુજરાતના મતદારોને ચેતવ્યા

અમદાવાદ | આપ ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ એક વીડિયોના માધ્યમથી SIR મુદ્દે પોતાની પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, ગુજરાતમાં ભાજપ ચૂંટણી હારી રહ્યું છે, માટે મળતી માહિતી અનુસાર ભાજપે SIRના માધ્યમથી ભાજપ



વિરોધી મતોને કાપી નાખવાનો કારસો રચ્યો હોય એવું લાગી રહ્યું છે. લોકતંત્રમાં સૌથી મહત્વનું પાસું છે મતદાન અને મતદાનનો અધિકાર, મતદારોનો અધિકાર જ જે પાયા પર ઉભો છે તેને કાપવા માટે ભાજપ ષડયંત્ર કરી રહ્યું છે, તે ખૂબ જ દુ:ખદ બાબત છે. હું ગુજરાતની જનતાને જણાવવા માંગુ છું કે ભાજપ પોતાના વિરુદ્ધના મતોને કાપીને ફર્જી મતો ઉમેરવાનું ષડયંત્ર કરી રહ્યું છે, તો ગુજરાતના તમામ લોકો હવે એ વાતનું ધ્યાન રાખે કે મતદારયાદીમાંથી તમારું નામ કમી ન થઈ જાય. ત્યારબાદ AAP પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ ભાજપ પર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, ભાજપે મતદાતાઓ સાથે નવું નાટક શરૂ કર્યું છે, અગાઉ પણ ભાજપે આવું જ નાટક બીજા રાજ્યમાં પણ કર્યું હતું અને એ રાજ્યોમાં પણ આ SIRનો ખૂબ જ વિરોધ થયો હતો.

## લાભપાંચમના દિવસે પૂર્વ MLA ચંદનજી ઠાકોરના નિવાસ્થાને સંતવાણીના સામૈયા સહિત ધાર્મિક કાર્યક્રમ યોજાયો



લાભપાંચમને જ્ઞાનપંચમી કહેવાય છે આ શુભ દિવસે ગ્રંથ પૂજા..સત્સંગ સહિતના ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે ત્યારે સિદ્ધપુરના પૂર્વ ધારાસભ્ય ચંદન ઠાકોરના નિવાસ્થાને સંતો મહંતોના સામૈયા સહિત ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરાયું હતું જ્યારે પ પુ . દાસ બાપુ દ્વારા સંત્સંગ થકી મોક્ષમાર્ગના દ્વારા બતાવાયા હતા

## ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશની જાહેરાત

અમદાવાદ | ભારતના ચૂંટણી પંચે ગુજરાત સહિત કુલ 12 રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો માટે મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશનું સમય પત્રક જાહેર કર્યું છે. મુખ્ય ચૂંટણી કમિશનર શ્રી જ્ઞાનેશ કુમારે ચૂંટણી કમિશનર ડૉ. સુખબિર સિંહ સંધુ તેમજ શ્રી વિવેક જોશીની ઉપસ્થિતિમાં વિગતવાર કાર્યક્રમ જાહેર કર્યો છે. SIRના વિવિધ તબક્કાઓ અનુસાર તા.04/11/2025થી 04/12/2025 દરમિયાન બૂથ લેવલ ઓફિસર્સ ઘરે ઘરે ફરીને મતદારો પાસે એન્યુમરેશન ફોર્મ ભરાવશે. ત્યારબાદ તા. 09/12/2025ના રોજ હંગામી મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે. જેમાં તા. 09/12/2025થી 08/01/2026 સુધી સુધારા માટેનો દાવો નાગરિકો કરી શકશે. 31/01/2026 સુધી જિલ્લા ચૂંટણી અધિકારી તથા મુખ્ય ચૂંટણી અધિકારી દાવાઓની સુનાવણી તથા પ્રમાણિકરણ કરશે. આ સમગ્ર પ્રક્રિયાના અંતે તા.07/02/2026ના રોજ આખરી મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે. આગાઉ થયેલ SIRને અનુસંધાને તા. 01/01/2002ને લાયકાત યોગ્ય ગણવામાં આવશે.

## એમેઝોને 2025ની ડેડલાઇન પહેલા ભારતથી ઈકોમર્સ નિકાસોનો 20 અબજ ડોલરનો માઈલસ્ટોન પાર કર્યો

નવી દિલ્હી | એમેઝોને આજે જાહેર કર્યું હતું કે તેણે એમેઝોન ગ્લોબલ સેલિંગ પ્રોગ્રામ દ્વારા 2015થી 2025 વચ્ચે કુલ ઈકોમર્સ નિકાસોમાં 20 અબજ ડોલરનો આંક વટાવવામાં હજારો ભારતીય વેચાણકર્તાઓને સક્ષમ કર્યા છે. 2020માં એમેઝોને 2025 સુધીમાં ભારતથી કુલ 10 અબજ ડોલરની ઈકોમર્સ નિકાસો સક્ષમ કરવાનો સંકલ્પ કર્યો હતો જેને આ જ સમયમર્યાદામાં 20 અબજ ડોલર સુધી સુધારવામાં આવી હતી. એમેઝોનનો ફ્લેગશિપ ઈકોમર્સ એક્સપોર્ટ્સ પ્રોગ્રામ એમેઝોન ગ્લોબલ સેલિંગ 2015માં લોન્ચ કરવામાં આવ્યો હતો.

**નામ બદલેલ છે**

મારુ જૂનું નામ :- **સુમિત્રાબહેન ધીરજલાલ પટેલ** હતું જે બદલીને નવું નામ :- **રશ્મીબેન હરેશભાઈ પટેલ** રાખેલ છે. જેની નોંધ લેવી.

**લી. રશ્મીબેન હરેશભાઈ પટેલ**

**સરનામું :-** 1013 કોળીવાડ, નેઅર ગુજરાતી સ્કૂલ, સલવાવ, ગુજરાત - 396191, મો.નં.9979620011

## ટાટા AIAએ લોન્ચ કર્યું શુભ ફેમિલી પ્રોટેક્ટ – પરિવારના ભવિષ્ય માટે લમ્પસમ અને રેગ્યુલર ઈન્કમનું મિશ્રણ કરે તેવું લાઈફ કવર

ભારતની અગ્રણી લાઈફ ઈન્શ્યોરન્સ કંપનીઓ પૈકીની એક ટાટા એઆઈએ લાઈફ ઈન્શ્યોરન્સ કંપની લિમિટેડે (ટાટા એઆઈએ) લમ્પસમ પેઆઉટ અને 30 વર્ષ સુધી ફ્લેક્સિબલ મંથલી ઈન્કમ બંને ઓફર કરે તેવો ગેમ-ચેન્જિંગ પ્લાન ટાટા એઆઈએ સુલભ ફેમિલી પ્રોટેક્ટ રજૂ કર્યો છે. પરિવારો માટે વ્યાપક નાણાંકીય સુરક્ષા પૂરી પાડતો આ અનન્ય પ્રકારનો પ્લાન અનિશ્ચિત સમયમાં માનસિક શાંતિ ઈચ્છતા લોકો માટે આદર્શ સોલ્યુશન છે. આ લોન્ચ અંગે ટાટા એઆઈએ લાઈફ ઈન્શ્યોરન્સના પ્રોડક્ટ્સ, અમિત દવે, ચીફ ડિસ્ટ્રિબ્યુશન ઓફિસર - પ્રોપ્રાઈટરી બિઝનેસ અને એલાઈડ ચેનલ્સ, ટાટા એઆઈએ લાઈફ ઈન્શ્યોરન્સ ખાતે અમે નાણાંકીય સુરક્ષાથી કંઈક સવિશેષ આપવામાં માનીએ છીએ. અમે એ સુનિશ્ચિત કરવામાં માનીએ છીએ કે પરિવારોને જીવનના દરેક તબક્કામાં ટેકો મળે. શુભ ફેમિલી પ્રોટેક્ટ દ્વારા અમે અમારી રીતે ખાતરી કરીએ છીએ કે પરિવારોને જ્યારે જરૂર હોય ત્યારે તેમની ફ્લેક્સિબિલિટી મુજબ નાણાંકીય સુરક્ષા મળે. જીએસટી દૂર થવાથી તે વધુ સુલભ બન્યો છે અને આ પ્રોડક્ટ એવા લોકો માટે એક શક્તિશાળી સાધન બની છે જેઓ વધારાના ખર્ચના બોજ વિના પોતાના પરિવારને સુરક્ષિત કરવા માંગે છે.

## એક્સિસ મ્યુચ્યુઅલ ફંડે એક્સિસ ઈન્કમ પ્લસ આર્બિટ્રેજ પેસિવ ફંડ ઓફ ફંડ્સ લોન્ચ કર્યું

મુંબઈ | ભારતની અગ્રણી એસેટ મેનેજમેન્ટ કંપનીઓ પૈકીની એક એક્સિસ મ્યુચ્યુઅલ ફંડે એક્સિસ ઈન્કમ પ્લસ આર્બિટ્રેજ પેસિવ ફંડ ઓફ ફંડ્સ લોન્ચ કરવાની આજે જાહેરાત કરી હતી. આ એક નવીનતમ ઓપન-એન્ડેડ સ્કીમ છે જે રોકાણકારો માટે સ્થિરતા, અનુમાનિતતા અને કરવેરા કાર્યક્ષમતાનો સમન્વય રજૂ કરે છે. ન્યૂ ફંડ ઓફર 28 ઓક્ટોબર, 2025ના રોજ સબ્સ્ક્રીપ્શન માટે ખુલશે અને 11 નવેમ્બર, 2025ના રોજ બંધ થશે. ફંડ દેવાંગ શાહ, આદિત્ય પગારિયા, હાર્દિક સત્રા અને કાર્તિક કુમાર દ્વારા મેનેજ કરવામાં આવશે. આ નવી ઓફરિંગ રૂઢિચુસ્ત જોખમ અભિગમ જાળવીરાખીને કરવેરા પછી વળતરને ઓપ્ટિમાઈઝ કરવા માંગતા રોકાણકારો માટે બનાવવામાં આવી છે. આ ફંડ આર્બિટ્રેજ ફંડ્સ સાથે પેસિવ ડેટ ઓરિએન્ટેડ મ્યુચ્યુઅલ ફંડ સ્કીમ્સમાં રોકાણોને વ્યૂહાત્મક રીતે ભેળવે છે અને એક એવું હાઈબ્રિડ સ્ટ્રક્ચર ઊભું કરે છે જેનો ઉદ્દેશ્ય મધ્યમથી લાંબા ગાળા માટે સતત વળતર પૂરું પાડવાનો છે. આ લોન્ચ અંગે એક્સિસ એએમસીના એમડી અને સીઈઓ બી. ગોપકુમારે જણાવ્યું હતું કે એક્સિસ મ્યુચ્યુઅલ ફંડ ખાતે અમારું ધ્યાન નવીનતમ, રોકાણકાર કેન્દ્રિત એવા સોલ્યુશન્સ પૂરા પાડવા પર રહ્યું છે જે સરળતા સાથે પર્ફોર્મન્સ રજૂ કરે.

## IT ફંડ્સમાંથી બહાર નીકળીને વિવિધલક્ષી ફંડ્સમાં રોકાણ કરો: દિન્શા ઈરાની, મેનેજિંગ ડિરેક્ટર અને CEO, હેલિયોઝ ઈન્ડિયા

ભારતીય આઈટી ઉદ્યોગ હાલ અનેક પડકારોનો સામનો કરી રહ્યો છે. એક તરફ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવી



નવી ટેક્નોલોજી ઉદ્યોગનું સ્વરૂપ બદલી રહી છે, જ્યારે બીજી તરફ H-1B વિઝાની વધેલી ફીથી કંપનીઓના ખર્ચમાં વધારો થયો છે.

પ્રશ્ન: લાંબા ગાળાના સરેરાશની તુલનામાં હાલ આઈટી સેક્ટરનાં મૂલ્યાંકન કેવી સ્થિતિમાં છે?

કોવિડ પહેલાં આઈટી સેક્ટરનાં મૂલ્યાંકન મધ્યમથી ઉંચા ટીનના સ્તરે હતાં અને વૃદ્ધિ દર પણ સારી ગતિમાં હતો. હાલ, ભલે કિંમતો ઘટી ગઈ હોય, વૃદ્ધિ ખૂબ ધીમી છે અને મૂલ્યાંકન મધ્યમથી ઉંચા ૨૦ના ગુણાંકના સ્તરે પહોંચી ગયું છે. આ પરિસ્થિતિ રોકાણકારો માટે જોખમભરી છે.

પ્રશ્ન: હાલ ભારતીય આઈટી ઉદ્યોગ માટે કયા સકારાત્મક પાસાં જોવા મળે છે?

સૌથી મોટું સકારાત્મક પાસું એ છે કે વ્યવસાયનુંજૂનું મોડલ હવે પડકારરૂપ બની ગયું છે અને તેને ફરીથી ગોઠવવાની જરૂર છે. આ પરિવર્તન ધીમું અને કઠિન રહેશે, પણ અંતે ઉદ્યોગ વધુ મજબૂત બનીને બહાર આવશે.

## ઓર્કલા ઈન્ડિયા લિમિટેડનો આઈપીઓ બુધવાર, 29 ઓક્ટોબર, 2025ના રોજ ખૂલશે

અમદાવાદ | ઓર્કલા ઈન્ડિયા લિમિટેડ તેના ઈક્વિટી શેર્સના આઈપીઓના સંદર્ભે બુધવાર, 29 ઓક્ટોબર, 2025ના રોજ બિડ/ઓફર ખુલ્લી મૂકશે. બિડ/ઓફર શુક્રવાર, 31 ઓક્ટોબર, 2025ના રોજ બંધ થશે. એન્કર ઈન્વેસ્ટર બિડીંગ તારીખ મંગળવાર, 28 ઓક્ટોબર, 2025 રહેશે. બિડ્સ લઘુતમ 20 ઈક્વિટી શેર્સ અને ત્યારબાદ 20 ઈક્વિટી શેર્સના ગુણાંકમાં કરી શકાય છે. પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેર્સનો પ્રાઈઝ બેન્ડ રૂ. 695થી રૂ. 730 નક્કી કરવામાં આવ્યો છે. ઓફરમાં 2,28,43,004 સુધીના ઈક્વિટી શેર્સના વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે. વેચાણ માટેની ઓફરમાં ઓર્કલા એશિયા પેસિફિક પ્રાઈવેટ લિમિટેડ દ્વારા 2,05,60,768 સુધીના ઈક્વિટી શેર્સ, નવાસ મીરન દ્વારા 11,41,118 સુધીના ઈક્વિટી શેર્સ અને ફેરોઝ મીરન દ્વારા 11,41,118 સુધીના ઈક્વિટી શેર્સનો સમાવેશ થાય છે. એમ્પ્લોઈ રિઝર્વેશન પોર્શનમાં બિડીંગ કરી રહેલા લાયક કર્મચારીઓને ઈક્વિટી શેર દીઠ રૂ. 69નું ડિસ્કાઉન્ટ ઓફર કરવામાં આવે છે. 23 ઓક્ટોબર, 2025ના રોજ બેંગાલુરુ ખાતે કર્ણાટકની રજિસ્ટ્રાર ઓફ કંપનીઝમાં ફાઈલ કરેલા રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ દ્વારા ઓફર કરવામાં આવેલા ઈક્વિટી શેર્સને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ તથા બીએસઈ લિમિટેડ પર લિસ્ટ કરવાની દરખાસ્ત છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# રાજકોટમાં ધોળે દિવસે છરીની અણીએ લૂંટ ચલાવવામાં આવી

## પરપ્રાંતીય યુવાન રૂ.7500 વતન મોકલવા જતા લૂંટાયો, 2 ઝડપાયા-1ની શોધખોળ




રાજકોટ | રાજકોટમાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ બેહાલ બની છે. શહેરના ભગવતીપરામાં પરપ્રાંતીય યુવાનના ગળે છરી રાખી ધોળા દિવસે રૂ.7500 ની લૂંટની ઘટના સામે આવી છે. વતન નાણા મોકલવા માટે મિત્ર સાથે દુકાને જઈ રહ્યો હતો ત્યારે 3 શખ્સોએ બંનેને અટકાવ્યા હતા અને યુવાનને આંતર્યા બાદ પ્રતિકાર કરતા ગળા અને હાથમાં છરી મારી દીધી હતી. બી ડિવિઝન પોલીસ મથકમાં ગૂનો નોંધાયા બાદ તાત્કાલિક SOG ની ટીમે લૂંટ ચલાવતા 2 શખ્સોને ઝડપી પાડ્યા છે. જમાનો એક શખ્સ વાહન ટોઈંગનું કામ કરે છે. જ્યારે ત્રીજો શખ્સ પકડવાનો બાકી છે તે અગાઉ પોલીસ ચોપડે ચડી ચૂક્યો છે.

શહેરના પારેવડી ચોક પાસે લાતી પ્લોટમાં રહેતાં મૂળ ઉત્તરપ્રદેશના વતની મોહીતકુમાર દીનેશકુમાર ગૌતમ (ઉ.વ.19) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે ત્રણ અજાણ્યા શખ્સોના નામ આપ્યા હતા. યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે અહીં તેના મિત્રો સાથે છેલ્લા બે મહીનાથી રહે છે અને લાતી પ્લોટ શેરી ન.4 માં પુનિતભાઈને ત્યા સાડીના રંગ કામનું કામ કરે છે. 26 મીએ બપોરના 4 વાગ્યાની આસપાસ તે અને તેનો મિત્ર છુટકાકુમાર ઘરેથી ભગવતીપરામા આવેલ દર્શ નામની દુકાને તેમની પાસે રહેલ રૂ.7500 વતન પરિવારને મોકલવા જતો હતો. આ દરમિયાન તે બન્ને મિત્રો ભગવતીપરા પુલ નીચે રેલ્વેના પાટા પહેલા મેલડી માતાના મંદીર પાછળ આવેલ ખરાબા પાસે પહોંચતા સામેથી ત્રણ અજાણ્યા શખ્સો તેમની પાસે ઘસી આવ્યા હતા અને તેમા 3 પૈકી એક શખસે યુવાનના ગળા પર છરી રાખી કહ્યું હતું કે, તમારી પાસે જેટલા પૈસા હોય તે આપી દો. જેથી બંને યુવાનોએ કહ્યુ હતુ કે, અમારી પાસે કંઈ નથી. જેથી ત્રણેય શખ્સો ગાળાગાળી તથા ઝપાઝપી કરવા લાગતા યુવાનને ગળામા અને હાથમા ઈજા થઈ હતી. બે શખસોએ જબરદસ્તી કરી યુવાનના પેન્ટના ખીસ્સામા રાખેલ રૂ.7500 બળજબરીથી ઝુટવી લીધા હતા. આ ઘટના વખતે મિત્ર છુટકાકુમાર ત્યાથી ભાગી ગયો હતો.યુવાન જોરજોરથી બુમો પાડવા લાગતાં આરોપીઓ નાસી ગયા હતાં. જે બાદ દોડી આવેલ તેમના મિત્રોએ 112 મા ફોન કરતા પોલીસ દોડી આવી હતી અને બાદમાં ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી બી. ડિવિઝન પોલીસે ગુનો નોંધી લુંટારૂ ત્રિપુટીને ઝડપી લેવા તપાસ હાથ ધરી હતી.




# ‘શાહ ઇન્વેસ્ટમેન્ટ ફ્રોડમાં ખજૂરભાઈ ભાગીદાર’

## કીર્તિ પટેલનો આરોપઃકહ્યું- જેલમાં પુજા શાહે મારી સામે નીતિન જાનીની પોલ ખોલી હતી...

સુરત | ગુજરાતના જાણીતા સોશિયલ મીડિયા સ્ટાર અને સમાજસેવક નીતિન જાની ઉર્ફે ‘ખજૂર’એ આગામી વિધાનસભા ચૂંટણી લડવાની જાહેરાત કરી છે. જોકે, રાજકારણમાં પ્રવેશ પહેલા જ તેઓ એક ગંભીર વિવાદમાં ઘેરાયા છે. વિવાદીત સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર કીર્તિ પટેલે એક વીડિયો મારફતે નીતિન જાની પર સુરતના ચકચારી શાહ ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડ કેસમાં માત્ર જાહેરાત જ નહીં, પરંતુ ભાગીદાર હોવાનો ગંભીર આક્ષેપ કર્યો છે. સુરતમાં હાર્દિક અને તેની પત્ની પૂજા શાહ દ્વારા થયેલા કરોડો રૂપિયાના શાહ ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડ કેસને લઈને કીર્તિ પટેલે તાજેતરમાં પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક વીડિયો અપલોડ કર્યો હતો. આ વીડિયોમાં તેમણે દાવો કર્યો હતો કે, જ્યારે તેઓ જેલમાં હતા, ત્યારે આ ફ્રોડ કેસની મુખ્ય આરોપી પૂજા શાહ તેની બેરકમાં જ હતી. કીર્તિ પટેલના આક્ષેપ અનુસાર, તેમણે પૂજા શાહ સાથે વાતચીત કરી ત્યારે પૂજા શાહે સ્વીકાર્યું હતું કે, નીતિન જાની માત્ર શાહ દંપતીની કંપનીની જાહેરાત જ નહોતી કરી, પરંતુ આ આખી સ્કેમમાં તે 20 ટકાનો ભાગીદાર પણ હતો. કીર્તિ પટેલે વીડિયોમાં સ્પષ્ટપણે કહ્યું કે, ‘મિત્ર, ખજૂર, નીતિન જાનીએ મારી ખાલી એડવર્ટાઈઝમેન્ટ જ નથી કરી, 20%નો ભાગીદાર પણ હતો. તો આની અંદર તમને અને મને બધાને ખબર છે. ખજૂર ખાલી પૈસા લઈને એડવર્ટાઈઝમેન્ટ નથી કરતો. એ બધી એડવર્ટાઈઝમેન્ટ તેણે ભાગીદારીમાં જ કામ કર્યું છે. આ લોકોને ઠગવા માટે પણ ભાગીદારી રાખી હતી. આ ઉપરાંત કીર્તિ પટેલે નીતિન જાનીની કાર્યશૈલી પર પણ ગંભીર સવાલો ઊભા કર્યા છે. તેમના આક્ષેપ મુજબ, નીતિન જાની માત્ર શાહ ઈન્વેસ્ટમેન્ટ પૂરતો સીમિત નથી, પરંતુ તે જે પણ સંસ્થા કે કંપનીની જાહેરાત કરે છે, તેમાં માત્ર ફી લઈને જાહેરાત કરવાને બદલે તે ભાગીદાર પણ હોય છે. જો આ આક્ષેપો સાચા ઠરે તો, નીતિન જાનીની તમામ ભૂતકાળની કોમર્શિયલ એડવર્ટાઈઝમેન્ટ અને સંસ્થાઓ સાથેના તેમના જોડાણ પર પ્રશ્નાર્થ ઊભો થઈ શકે છે.

કીર્તિ પટેલે નીતિન જાનીના દાન અને આવક પર પણ નિશાન સાધતા કહ્યું કે, જે વ્યક્તિ લાખો રૂપિયા કમાતા હોય તે કોલ સેન્ટર જેવા ફ્રોડ અને લોકોને લૂંટીને મેળવેલા કરોડોના દાન કરે છે.જેના પણ શાહ ઈન્વેસ્ટમેન્ટમાં પૈસા ફસાયા છે ને તેઓ મારો સંપર્ક કરો. મારી પાસે 10-15 મેટર આવી ગઈ છે. આપણે લડીશું અને ન્યાય અપાવીશું. તમારા સપોર્ટ માટે હું આવું છું. હું તમારા માટે લડીશ.પૂજા શાહનું કહેવું હતું કે, તમે જેલવાસ ભોગવી લો તો ક્યાં કોઈના પૈસા પાછા દેવાના છે. આ તમારા પરસેવાની કમાણી છે અને જો તેની કિંમત હોય તો મારો સંપર્ક કરવો. ગત સપ્ટેમ્બરમાં જ સુરતમાં સિંગાપોર-કોઝ વે રોડ ઉપર સિલ્વર સ્ટોન આર્કેડમાં શાહ ઈન્વેસ્ટમેન્ટના નામે શેર ટ્રેડિંગની ઓફિસ ખોલી કરોડોનું ફુલેકું ફેરવનાર શાહ દંપતીના કારસ્તાનનો ખેલ ખૂલ્યો હતો.

### સોશિયલ મીડિયા પર જાહેરાત જોઇ રોકાણ કર્યું અને ફસાયા

મળતી માહિતી પ્રમાણે, નાના વરાછા, વંદના સોસાસાયટીમાં રહેતાં હરેશ રામજી ડુંગરાણીએ સોશ્યિલ મીડિયા પર જાહેરાત જોઇ સિંગણપોર-કોઝ વે રોડ ઉપર સિલ્વર સ્ટોન આર્કેડમાં શાહ ઈન્વેસ્ટમેન્ટની ઓફિસમાં પહોંચ્યા હતા. અહીં તેમને રોકાણ પર 100 દિવસમાં 12થી 15 ટકાના વળતરની લાલચ આપવામાં આવી હતી. બધું મળીને આ યુવકે 11 લાખ રૂપિયા રોક્યા હતા. જેમાંથી માત્ર 1.74 લાખ રૂપિયા આપી ઠેંગો બતાવી દેવાયો હતો. આ પેઢીની મેનેજિંગ ડિરેક્ટર પૂજા હાર્દિક શાહ અને ફાઉન્ડર હાર્દિક અશોક શાહ (બંને રહે-લક્ષ્મી રેસિડન્સી, ગજેડરા સર્કલ પાસે, કતારગામ) નાણાં ચૂકવતાં ન હતા. આ પાંચને 30.95 લાખનો ચૂનો લગાવનાર દંપતી વિરૂદ્ધ ચોકબજાર પોલીસે ગુનો નોંધાયો હતો.

## ન્યૂઝ ફ્લેશ

### વડોદરામાં રૂપિયાની ઉઘરાણી કરતા જ યુવકને ચપ્પુના ઘા ઝીંક્યા

વડોદરા | વડોદરાના સયાજીગંજ વિસ્તારમાં રૂપિયાની ઉઘરાણી બાબતે એક યુવક તેમજ તેની પત્ની ઉપર હુમલાનો બનાવ બનતા પોલીસે ત્રણ ભાઈઓ સામે ગુનો દાખલ કર્યો છે.

સયાજી જુલતા પુલ પાસે રહેતા જહીર ગાયકવાડે પોલીસને કહ્યું છે કે, તા.25મી એ સાંજે હું રેલવે લાઈન પાસે હતો તે દરમિયાન અકોટાનો ઈકરાન બંદા આવ્યો હતો. જેથી મેં તેને અગાઉ આપેલા રૂ.1200 પરત માંગતા તે ઉશ્કેરાઈ ગયો હતો અને અપશબ્દો બોલવા માંડ્યો હતો.

તેણે ફોન કરી તેના ભાઈઓને બોલાવતા ઈરબાજ અને ઈમરાન પણ આવી ગયા હતા અને તેમણે મને માર માર્યો હતો. આ દરમિયાન ઈમરાને મને માથા તેમજ બગલના ભાગે ચપ્પુના ઘા માર્યા હતા. જ્યારે મારી પત્ની આવી જતા એકરાને તેને પણ લાફા માર્યા હતા. પોલીસે ત્રણેય જણા સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

### વડોદરામાં નશેબાજ ટ્રક ચાલકે સોસાયટીના કોમન દિવાલમાં ટ્રક ઘુસાડી દીધી

વડોદરા | વડોદરાના પ્રતાપ નગર રોડ વિહાર ટોકીઝની પાછળ આદર્શ નગર સોસાયટીમાં રહેતા એડવોકેટ ભાવેશ વિજયભાઈ કહારે વાડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે ગઈકાલે બપોરે પોણા ચાર વાગે હું મારા ઘરના કમ્પાઉન્ડમાં મારા માતા સાથે બેઠો હતો. ત્યારે કંઈક અથડાવવાનો અવાજ આવતા હું બહાર જોવા ગયો હતો. મેં જોયું તો એક આઈસર ટ્રકના ચાલકે બેદરકારીથી તેને ટ્રક રિવર્સમાં લઈ અમારી સોસાયટીની કોમન દીવાલને અથાડી હતી અને ત્યારબાદ તે ટ્રક લઈને તેની ઓફિસ ટીસીઆઇ એક્સપ્રેસ ખાતે જતો રહ્યો હતો.

ત્યારબાદ હું તથા સોસાયટીના રહીશો તેની પાસે ગયા હતા અને ટ્રક ચાલકને નીચે ઉતારી પૂછતા તેણે પોતાનું નામ સુરેન્દ્રસિંહ શિવરાજસિંહ યાદવ જણાવ્યું હતું. તેણે દારૂનો નશો કર્યો હોવાનું જણાઈ આવ્યું હતું. સોસાયટીના રહીશોએ ટ્રક ચાલકને પકડી રાખી વાડી પોલીસને જાણ કરી હતી.

### સૌરાષ્ટ્રથી સુરત જતા પરિવારની કાર ઉમેટા બ્રિજ પાસે આગમાં લપેટાઇ

વડોદરા | વડોદરા નજીક મહીસાગર પરના બ્રિજ ઉપર ગઈ મોડી સાંજે એક કાર આગમાં લપેટાતા સુરતના પરિવારનો બચાવ થયો હતો. સિંધરોટ નજીક ઉમેટા બ્રિજ પાસે બનેલા બનાવની વિગત એવી છે કે સુરતના એક પરિવારના પાંચ સભ્યો સૌરાષ્ટ્રથી પરત ફરી રહ્યા હતા ત્યારે એન્જિનના ભાગેથી ધુમાડા નીકળતા કોઈ વાહન ચાલકનું ધ્યાન ગયું હતું અને તેણે કાર ચાલકને જાણ કરી હતી. કારચાલક સતર્ક થઈ ગયા હતા અને તરત જ બાજુમાં કાર પાર્ક કરી પરિવાર સહિત નીચે ઉતરી ગયા હતા તેમજ સામાન પણ બહાર કાઢી લીધો હતો. ત્યારબાદ તરત જ આગ ભડકી ઉઠી હતી અને જોત જોતામાં આખી કાર આગમાં સળગવા માંડી હતી. બનાવને પગલે બ્રિજ તરફ જતો આવતો ટ્રાફિક બંધ કરી દેવાતા વાહનોની લાંબી કતાર જામી હતી.

## હોસ્પિટલમાં ભારે આક્રોશ, રાજકીય મધ્યસ્થી બાદ મામલો થાળે પડ્યો

# નર્મદા ઘાટ દુર્ઘટનામાં ત્રણેય મૃતકના પરિવારને 50-50 લાખની સહાયની જાહેરાત કરવામાં આવી

(એજન્સી) નર્મદા | તા. 27

નર્મદા જિલ્લાના ગરુડેશ્વર ખાતે નર્મદા ઘાટ પર ગઈકાલે (27 ઓક્ટોબર) નવીનીકરણની કામગીરી દરમિયાન ભેખડ ધસી પડતાં અકટેશ્વર ગામના ત્રણ સ્થાનિક શ્રમિકના દીવાલમાં દટાઈ જવાથી મૃત્યુ થયા હતા. જેને પગલે ગરુડેશ્વર રેફરલ હોસ્પિટલ ખાતે પરિવારજનોના ભારે આક્રોશથી વાતાવરણ ગરમાયું હતું. પરિસ્થિતિની ગંભીરતા જોઈને ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી (AAP)ના સ્થાનિક નેતાઓ તાત્કાલિક હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા. આ તમામ પક્ષના નેતાઓની મધ્યસ્થી બાદ મૃતક દીઠ 50 લાખની સહાયની જાહેરાત કરાતાં મામલો થાળે પડ્યો હતો.

બીજી તરફ, આ દુર્ઘટનામાં બેદરકારી દાખવવા બદલ પોલીસે એજન્સી અને કોન્ટ્રાક્ટર વિરુદ્ધ FIR નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આજે (27 ઓક્ટોબર) સવારે ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા, ભાજપના નર્મદા જિલ્લા પ્રમુખ નીલ રાવ, કોંગ્રેસના જિલ્લા પ્રમુખ રણજીત તડવી અને નાંદોદના ધારાસભ્ય દર્શનાબેન દેશમુખ ગરુડેશ્વર સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચ્યા હતા. અહીં તેમણે ત્રણેય મૃતક શ્રમિકના પીડિત પરિવારો સાથે મુલાકાત કરી અને તેમને સાંત્વના પાઠવી અને તેમની રજૂઆતો સાંભળી હતી.

આ મુલાકાત બાદ નેતાઓએ આ મામલે તંત્રના ઉચ્ચ અધિકારીઓ સાથે એક બેઠક પણ યોજી હતી. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય પીડિત પરિવારોને કોઈપણ સંજોગોમાં અન્યાય ન થાય તે સુનિશ્ચિત કરવાનો હતો. નેતાઓએ તંત્ર સમક્ષ મૃતકોના પરિવારોને તાત્કાલિક અને યોગ્ય વળતર ચૂકવવામાં આવે તેવી ભારપૂર્વક માગણી કરી હતી.

પરિવારના આક્રોશને લઇ લાંબી ચર્ચા અને મધ્યસ્થી બાદ વળતર અંગે સમાધાન સધાયું હતું. તંત્ર દ્વારા આ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા પ્રત્યેક વ્યક્તિના પરિવારને 50 લાખ રૂપિયાની સહાય આપવાની જાહેરાત કરવામાં આવી હતી. આ સહાયની રકમ બે તબક્કામાં ચૂકવવામાં આવશે, જેમાંથી 20 લાખ રૂપિયા આજે જ સ્થળ પર અને બાકીના 30 લાખ રૂપિયા આગામી 10 દિવસમાં ચૂકવી દેવામાં આવશે. સહાયની જાહેરાત બાદ પરિવારજનોનો આક્રોશ શાંત થતાં મામલો થાળે પડ્યો હતો અને ત્રણેય મૃતદેહનું પોસ્ટમોર્ટમ શરૂ કરવામાં આવ્યું હતું.



### જવાબદારો સામે પોલીસ ફરિયાદ દાખલ

આ ગંભીર ઘટના બાબતે કેવડિયા ખાતેના સલામતી પોલીસ સ્ટેશનમાં જવાબદારો સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પોલીસે આ કામગીરી કરી રહેલી ઈન્ફા એજન્સી (INFA Agency) તથા કોન્ટ્રાક્ટર શૈલેષ પટેલ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ 106(1) અને 54 મુજબ ફરિયાદ નોંધી છે. પોલીસે આરોપીઓની ધરપકડ કરવા માટેની તજવીજ હાથ ધરી છે.

### ગઇકાલે શું દુર્ઘટના બની હતી?

ઉલ્લેખનીય છે કે, આગામી 31મી ઓક્ટોબરે સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતીની ઉજવણી વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં થવાની છે. આ કાર્યક્રમને લઈને સ્ટેચ્યૂ ઓફ યુનિટી આસપાસ વિવિધ વિકાસના કામો ઝડપથી પૂર્ણ કરવામાં આવી રહ્યા છે.

આ જ કામગીરીના ભાગરૂપે ગરુડેશ્વર નર્મદા ઘાટ પર નવીનીકરણ અને પ્રોટેક્શન વોલ બનાવવાનું કામ ચાલી રહ્યું હતું. ગઈકાલે કામ દરમિયાન અચાનક ભેખડ ધસી પડતાં ત્યાં કામ કરી રહેલા ત્રણ સ્થાનિક શ્રમિક દટાઈ ગયા હતા. મૃતક ત્રણેય શ્રમિક અકતેશ્વર ગામના વતની હતા, જેમની ઓળખ રોહિત રણછોડ તડવી (ઉંમર 45), દીપક ભાણા તડવી (ઉંમર 40) અને શૈલેષ કનુ તડવી (ઉંમર 37) તરીકે થઈ છે.

### 2 કલાકના રેસ્ક્યૂ બાદ ત્રણેય મૃતદેહ બહાર કઢાયા

ઘટના બાદ સ્થાનિક ફાયર ફાઈટર અને પોલીસની ટીમોએ લગભગ 2 કલાક સુધી રેસ્ક્યૂ ઓપરેશન ચલાવી ત્રણેય મૃતદેહને બહાર કાઢ્યા હતા. આ ઘટનાને પગલે અકતેશ્વર ગામના લોકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો અને તેમણે કોન્ટ્રાક્ટર સામે ગુનો નોંધી તાત્કાલિક ધરપકડ કરવાની માગ કરી હતી.

પ્રાથમિક માહિતી મુજબ, તાજેતરમાં પડેલા વરસાદને કારણે જમીન પોચી હોવા છતાં કામગીરી ચાલુ રખાતાં આ દુર્ઘટના બની હોવાનું મનાય છે.

## કમોસમી વરસાદે ખેડૂતોની આશા પર પાણી ફેરવ્યું : પાકમાં મોટું નુકસાન...

(એજન્સી) નવસારી | તા. 27

દક્ષિણ ગુજરાત, નવસારી અને ઓલપાડ સહિતના વિસ્તારોમાં આ વર્ષે ચોમાસા દરમિયાન અનુકૂળ વાતાવરણ અને સારા વરસાદને કારણે ડાંગરનો પાક સારો થયો હતો. જોકે, પાક તૈયાર થયા બાદ અચાનક આવેલા કમોસમી વરસાદે ખેડૂતોની આશા પર પાણી ફેરવી દીધું છે, જેના કારણે તેમને ભારે નુકસાન થયું છે.

વરસાદને કારણે નાના ખેડૂતોને 50 % સુધીનું નુકસાન થયું છે. જે ખેડૂતોએ ઉતાવળમાં ડાંગર કાપી લીધી હતી, તે ખેતરમાં પલળી ગઈ હતી. જ્યારે મોટા ખેડૂતો જેમણે હવામાનની આગાહીને કારણે પાક કાપ્યો નહોતો, તેમના ઊભા પાક પર વરસાદ પડ્યો છે, જેનાથી તેમને ભાવમાં 10 થી 15 % જેટલું નુકસાન થવાની શક્યતા છે. જોકે, જે ખેડૂતોએ વરસાદ પહેલાં જ ડાંગર કાપીને સહકારી મંડળીઓ, વેપારીઓ અથવા પોતાના ગોડાઉનમાં સંગ્રહ કરી લીધો હતો, તેમને કોઈ નુકસાન થયું નથી અને તેમને પૂરેપૂરા ભાવ મળી રહ્યા છે. ખેડૂતો સારા પાક માટે 2,500 થી 2,600 પ્રતિ ક્વિન્ટલના ભાવની માંગણી કરી રહ્યા છે, પરંતુ વેપારીઓ વરસાદમાં પલળી ગયેલા પાક માટે માત્ર 2,000ના ભાવ આપી રહ્યા છે.

ખેડૂત જગદીશભાઈના જણાવ્યા અનુસાર, વેપારીઓ ડાંગરના ભાવ મશીન કટના ભાવે કાપે છે, જેનાથી ખેડૂતોને મોટું નુકસાન થાય છે. વરસાદથી પલળેલા ડાંગરને કારણે પોહા ઉદ્યોગ પણ મુશ્કેલીમાં મુકાયો છે.

# 9 ઇંચ વરસાદ બાદ અમરેલીનાં ભયંકર દશ્યોઃ નદીઓ ગાંડીતૂર બની, રોડ-રસ્તા બ્લોક, 108ની ટીમ JCBના સહારે; મેઘકહેરથી લોકો ફફડ્યાં

અમરેલી | હવામાન વિભાગની આગાહી મુજબ સમગ્ર રાજ્યમાં કમોસમી વરસાદ વરસી રહ્યો છે. જેમાં ખાસ કરીને સૌરાષ્ટ્રના મોટાભાગના જિલ્લાઓમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઇ છે. અમરેલી જિલ્લામાં છેલ્લા 24 કલાકમાં 9 ઇંચ જેટલો વરસાદ પડતાં નદી-નાળા છલકાઇ ગયા છે, ખેતરો જળબંબાકાર થઇ ગયા છે અને અનેક રસ્તાઓ બ્લોક થઇ ગયા છે. બીજી તરફ રાજુલાના ધાતરવડી ડેમ-2ના એક સાથે 19 દરવાજા ખોલાતા નીચાણવાળા અનેક ગામડાઓને એલર્ટ કરવામાં આવ્યા છે. ભારે વરસાદના પગલે ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે સહિત અનેક રસ્તાઓ બંધ થઇ ગયા છે. બીજી તરફ ખેતરો પાણીમાં તરબોળ થતાં ખેડૂતોને ભારે નુકસાની વેઠવાનો વારો આવ્યો છે. ધાતરવડી ડેમ-2 દરવાજા ખોલાતા ખાખબાઈ, હિંડોરણા, વડ, રામપરા, કોવાયા, ઉછેયા, ભેરાઇ અને ભચાદ સહિતના ગામોને તંત્ર દ્વારા એલર્ટ આપવામાં આવ્યું છે. રાજુલાના રામપરા ગામમાં ધાતરવડી નદીના પાણી ઘૂસી જતાં દૂધ લઇને જતો બોલેરો ધસમસતા પાણીના પ્રવાહમાં ફસાઇ ગયા બાદ તણાઇ ગયો હતો. જોકે, સ્થાનિક લોકોએ ભેગા મળીને દોરડા વડે ચાલકનું રેસ્ક્યૂ કરીને જીવ બચાવી લીધો બતો. બીજી તરફ અહીં એક બાઇક પણ તણાઇ ગયું હતું, જેના ચાલકનું પણ સ્થાનિકોએ રેસ્ક્યૂ કર્યું હતું. ખાંભા તાલુકામાં પણ ધોધમાર વરસાદના પગલે જળબંબાકારની સ્થિતિ સર્જાઇ છે. જેને લઇને ખાંભાનો રાયડી ડેમ છલકાઇ જતાં પાંચ દરવાજા બે-બે ફૂટ ખોલીને પાણી છોડવામાં આવ્યું છે.



જેને લઇને નિચાણવાળા વિસ્તારો જેવા કે, મોટા બારમણ, નાના બારમણ, ચોતરા, મીઠાપુર સહિતના ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે. તંત્ર દ્વારા ડેમ કે આજુબાજુના વિસ્તારમાં ન જવા માટે લોકોને અપીલ કરવામાં આવી છે. બીજી તરફ રાજુલાના ચોત્રા ગામની નદીમા ઘોડાપૂરની સ્થિતિ સર્જાઇ છે. એક મહિલાને પ્રસુતીની પીડા ઉપડતાં 108 એમ્બ્યુલન્સ બોલાવવામાં આવી હતી. જોકે, બ્રિજ ઉપર પાણી હોવાથી એમ્બ્યુલન્સ પરત મોકલવી પડી હતી અને મહિલાને જેસીબીમાં બેસાડીને ડિલિવરી માટે લઇ જવાઇ હતી. ધારતવડી નદીના પાણી ફરી વળતાં રાજુલા તાલુકાનું ઉંચેયા ગામ સંપર્ક વિહોણુ થઇ ગયું છે.

અહીં વાડી વિસ્તારમાં 50 જેટલા શ્રમિકો ફસાઇ જતાં રાજુલા-જાફરાબાદના ધારાસભ્ય હીરા સોલંકી પાણીના ધમસમતા પ્રવાહમાંથી પસાર થઈને પહોંચ્યા હતા. સાથે પીપાવાવ મરીન પોલીસ પણ ઘટના સ્થળે પહોંતી હતી અને ફસાયેલા 50 લોકોનું રેસ્ક્યૂ કરીને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.

## હૃદયને લગતી તકલીફ હોવાથી મેડિકલ ચેક અપ કરવામાં આવ્યું, ચેકઅપ બાદ ફરી જુનાગઢ જેલમાં લઇ જવાયા

# રીબડાના અનિરુદ્ધસિંહ જાડેજાને રાજકોટ સિવિલ લવાયા

(એજન્સી) રાજકોટ | તા 27

હાલ પોપટલાખા સોરઠીયા હત્યા કેસમાં જેલમાં બંધ અનિરુદ્ધસિંહ જાડેજાને રાજકોટ સિવિલમાં લઈ આવવામાં આવ્યા હતા. તેમને હૃદય સંબંધિત તકલીફ હોવાથી મેડિકલ ચેકઅપ કરાયું હતું. ત્યાર બાદ તેમને ફરી જુનાગઢ જેલમાં લઈ જવાયા હતા.

રીબડાના અનિરુદ્ધસિંહ જાડેજાને આજે (18 સપ્ટેમ્બર) પોપટ સોરઠિયા હત્યા કેસમાં સરેન્ડર કરવાના અંતિમ દિવસે સુપ્રીમ કોર્ટમાંથી રાહત આપવામાં આવી હતી. જો કે 24 કલાકમાં જ આ રાહત પાછી ખેંચી લેવાઈ હતી. ત્યાર બાદ અનિરુદ્ધસિંહને જેલ હવાલે કરવામાં આવ્યા હતા.

1988ના પોપટ લાખા સોરઠિયા હત્યાકેસમાં ગોંડલ સેશન્સ કોર્ટે 1994માં અનિરુદ્ધસિંહને પુરાવાના અભાવે નિર્દોષ જાહેર કર્યો હતો. ત્યાર બાદ સરકારે TADA એક્ટ હેઠળ સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી. સુપ્રીમ કોર્ટે 10 જુલાઈ 1997ના રોજ અનિરુદ્ધસિંહને આજીવન કેદની સજા ફટકારી હતી, જોકે ત્યાર બાદ 3 વર્ષે પોલીસ તેને



પકડી શકી એટલે કે 2000માં જેલમાં મોકલી દીધો. અનિરુદ્ધસિંહ જાડેજાના પુત્રએ 29 જાન્યુઆરી 2018ના રોજ તત્કાલીન જેલ આઈજી ટી.એસ બિષ્ટને પત્ર લખીને માફી પર મુક્ત કરવાની વિનંતી કરી હતી. આ પત્રને ધ્યાનમાં લઈને તેમને જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા. એ સમયે અનિરુદ્ધસિંહ જાડેજાએ 18 વર્ષની સજા ભોગવી હતી. આમ, અનિરુદ્ધસિંહ જાડેજાને વર્ષ 2018માં સજામાફી આપીને મુક્ત કરવામાં આવ્યો હતો. અનિરુદ્ધસિંહ જાડેજાની આ સજામાફીને રદ કરવા માટે ગુજરાત હાઈકોર્ટમાં મૃતક ધારાસભ્યના પૌત્ર હરેશ સોરઠિયાએ અરજી કરી હતી.

ગોંડલની સંગ્રામ સિંહજી હાઈસ્કૂલમાં 15 ઓગસ્ટ 1988ના દિવસે ધ્વજવંદન કાર્યક્રમમાં તત્કાલીન ધારાસભ્ય પોપટભાઈ સોરઠિયાને અનિરુદ્ધસિંહ જાડેજા દ્વારા ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. 15 ઓગસ્ટ 1988ના રોજ સ્વતંત્રતા પર્વની ઉજવણી દરમિયાન ધ્વજવંદન કાર્યક્રમમાં કોંગ્રેસના તત્કાલીન ધારાસભ્ય પોપટભાઈ સોરઠિયાની ગોળી મારીને જાહેરમાં હત્યા કરવામાં આવી હતી. આ કેસમાં ટાડા એક્ટ હેઠળ આજીવન કેદની સજા પામેલા રીબડાના અનિરુદ્ધસિંહ જાડેજાને વર્ષ 2018માં સજામાફી આપીને મુક્ત કરવામાં આવ્યા હતા. અનિરુદ્ધસિંહ જાડેજાની આ સજા માફીને રદ કરવા માટે ગુજરાત હાઈકોર્ટમાં મૃતક ધારાસભ્યના પૌત્ર હરેશ સોરઠિયાએ અરજી કરી હતી.

# ગોડાદરામાં સ્પા અને સલૂનની આડમાં ચાલતા કૂટણખાનાનો પર્દાફાશ થયો

(એજન્સી) સુરત | તા. 27

સુરત શહેરના ગોડાદરા વિસ્તારમાં આવેલા ’કિંગ યુનિસેક્સ સલૂન સ્પા’ નામની દુકાન અને સલૂનની આડમાં ચાલતા કૂટણખાનાનો પર્દાફાશ થયો છે. ગોડાદરા પોલીસ સ્ટેશનની હદમાં આવેલા કેપિટલ સ્ક્વેર નામની બિલ્ડિંગના પહેલા માળે આવેલી દુકાન નંબર-108 માં આ ગેરકાયદેસર પ્રવૃત્તિ ચાલતી હતી.

ક્રાઈમ બ્રાન્ચના IUCAW સેલની ટીમે બાતમીના આધારે 26 ઓક્ટોબર, 2025ના રોજ બપોરે 1:00 થી 3:00 વાગ્યાની વચ્ચે દરોડો પાડ્યો હતો.સલૂનમાં ચાલતી ગેરકાયદેસર પ્રવૃત્તિ પોલીસ તપાસમાં બહાર આવ્યું કે, કિંગ યુનિસેક્સ સલૂન સ્પાના માલિક ઉદ્ધવ સુરેશભાઈ જારે (રહે. પલસાણા)એ સલૂનને દેહ વ્યાપારના હેતુસર ઉપયોગમાં લેતા હતા. તેમણે સ્પાના મેનેજર તરીકે સમીર ઐયુબ્બ અંસારી (ઉ.વ. 24, મૂળ ઉત્તર પ્રદેશ)ની નિમણૂક કરી હતી. આ મેનેજર સલૂનની રૂમમાં ગ્રાહકોને બોલાવીને કુલ 4 ભારતીય મહિલાઓ પાસે પોતાના આર્થિક ફાયદા માટે ગેરકાયદેસર રીતે દેહ વ્યાપારની પ્રવૃત્તિ કરાવતો હતો. તે ગ્રાહકો પાસેથી પૈસા લઈને પોતાનું કમિશન કાઢી ગુનો આચરતો હતો.

પોલીસે ઘટનાસ્થળેથી મેનેજર સમીર અંસારીની ધરપકડ કરી છે. આ ઉપરાંત, દેહ વ્યાપાર માટે આવેલા કુલ 7 ગ્રાહકોને પણ પોલીસે ઝડપી પાડ્યા છે, જેમાં સુનીલ રામપ્રતાપ રાવત, વિજયકુમાર રામપ્રસાદ ગૌતમ, કપિલ રામદાસ મોહતો (મૂળ બિહાર), અરવિંદભાઈ શંકરલાલ ઠક્કર (ઉ.વ. 54), આશિષભાઈ બજરંગી ગૌતમ, ગોપીકૃષ્ણ અચ્યુતન નૈયર (મૂળ કેરળ) અને બી. નાગારાજુ ઈરનાનો સમાવેશ થાય છે.આ સમગ્ર કૌભાંડનો મુખ્ય સૂત્રધાર અને સલૂનનો માલિક, ઉદ્ધવ સુરેશભાઈ જારે, હાલમાં વોન્ટેડ જાહેર થયો છે. પોલીસે તેની ધરપકડ કરવા માટે વધુ તપાસ શરૂ કરી છે.

AHMEDABAD EXPRESS
AHMEDABAD • અમદાવાદ

અમદાવાદ એક્સપ્રેસ
TUESDAY • 28-10-2025

# ખેડા અને આણંદ જિલ્લામાં વરસાદ ખેતરોમાં તૈયાર ડાંગરનો પાક પલળી ગયો

નડિયાદ, આણંદ, ડાકોર : ખેડા જિલ્લામાં ડાંગરનો પાક તૈયાર થઈ ગયો હોવાથી મોટાભાગના ખેડૂતોએ કાપણી શરૂ કરી દીધી છે. ઘણાએ પાક ખેતરમાં કાપીને સૂકવવા મૂક્યો છે. તેવા સંજોગોમાં ખેડા અને આણંદ જિલ્લામાં વરસેલા કમોસમી વરસાદને કારણે ખેડૂતોની હાલત કફોડી બની છે. આણંદ જિલ્લામાં લાભ પાંચમના દિવસે સવારના ૬ વાગ્યાથી ઝરમર વરસાદ શરૂ થઈ ગયો હતો. લાભ પાંચમના શુભ મુહૂર્ત કરવા નીકળેલા વેપારીઓ પણ એકાએક વરસાદ શરૂ થઈ જતા મૂંઝવણમાં મુકાયા હતા. પવન પણ ખૂબ જ ફુગાતો હોવાથી ઠંડીનો ચમકારો જોવા મળ્યો હતો. રવિવારનો આખો દિવસ સમગ્ર આણંદ જિલ્લામાં ઝરમર વરસાદ સાથે પૂરો થયો હતો. જ્યારે ખેડા જિલ્લાના ગળતેશ્વર, કઠલાલ, મહુધા અને ખેડા સહિતના તાલુકાઓમાં તા. ૨૫મીને શનિવારે જ્યારે નડિયાદ અને ઠાસરામાં તા. ૨૬મીએ હળવા ઝાપટાં પડયા હતા. તા. ૨૫મીએ સૌથી વધુ વરસાદ ગળતેશ્વર તાલુકામાં ૨૫ મિ.મી., કઠલાલમાં ૯ મિ.મી., મહુધામાં ૬ મિ.મી., ખેડામાં ૪ મિ.મી. અને જિલ્લામાં સરેરાશ ૪.૪ મિ.મી. વરસાદ નોંધાયો હતો. જ્યારે તા. ૨૬મીએ નડિયાદ અને ઠાસરામાં ૧-૧ મિ.મી. વરસાદ પડયો હતો. ડાંગરનો પાક હાલમાં લણણીના તબક્કામાં છે અને મોટાભાગના ખેડૂતોએ પાક કાપીને ખેતરોમાં સૂકવવા માટે મૂકી દીધો છે. જે ખેડૂતોએ હજુ કાપણી નથી કરી, તેમનો તૈયાર પાક પણ વરસાદને કારણે જમીન પર ઢળી પડયો છે. તૈયાર પાક પર પાણી પડવાથી ડાંગરના દાણામાં ભેજનું પ્રમાણ વધી જાય છે, જેના કારણે દાણા કાળા પડી જાય છે.

### ન્યુઝ ફ્લેશ

## જામનગરમાં ઊંચું વળતર આપવાના સપના દેખાડી કરોડો રૂપિયા રોકાણકારો પાસેથી ખંખેરી લીધા

જામનગર : જામનગર શહેરમાં ખાનગી કંપનીએ રોકાણ કરી વધુ નફો મેળવવાની લાલચ આપીને કરોડો રૂપિયા જામનગર શહેર જિલ્લાના અનેક રોકાણકારો પાસેથી મેળવી લીધા બાદ પાકતી મુદતે નાણાં નહીં આપી છેતરપિંડી કરી હોવાથી એજન્ટ સહિતના અનેક રોકાણકારો રસ્તા પર ઉતર્યા છે, અને તંત્ર સમક્ષ રજૂઆત કરવામાં આવી રહી છે. જામનગર શહેરના પંચેશ્વર ટાવર પાસે આવેલી યૂનીક મર્કેન્ટાઈલ નામની કંપની દ્વારા રોકાણ માટે લોભામણી અનેક સ્કીમો બહાર પાડવામાં આવી હતી. જે કંપનીમાં એજન્ટો મારફત શહેરભરમાં જુદા જુદા વિસ્તારોના મોટી સંખ્યામા લોકોએ પોતાની બચતમાંથી રોકાણ કર્યું હતું. પરંતુ પાકતી મુદતે રોકાણકારોને પૈસા પરત આપવામાં આવ્યા ન હતા.

## જામનગર નજીક ઠેબા ચોકડી પાસે ગઈકાલે સાંજે ભારે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાતા અને વાહન ચાલકો અટવાયા

જામનગર : જામનગર નજીક ઠેબા ચોકડી પાસે અવારનવાર ટ્રાફિકજામની સમસ્યા સર્જાતી રહે છે, જેનું પુનરાવર્તન ગઈકાલે રવિવારે સાંજે પણ થયું હતું, અને સાંજે 6.00 વાગ્યા બાદ એકાએક ટ્રાફિકજામ થવા લાગ્યો હતો. ઠેબા ચોકડી પાસે ટ્રાફિક પોલીસ અથવા અન્ય કોઈ પોલીસ કર્મચારીની ટીમ અથવા ટ્રાફિક બ્રિગેડના જવાનો વગેરે કોઈ હાજર ન હોવાના કારણે રોડની ચારેય તરફ વાહનોના થપ્પા લાગી ગયા હતા. એટલું જ માત્ર નહીં કેટલાક વાહન ચાલકો આડેધડ વાહન કાઢવાની પેરવી કરી રહ્યા હોવાના કારણે વધુ ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા, જેથી અનેક ટુ-વ્હીલર, ફોરવીલ તેમજ મોટા હેવી ટ્રક સહિતના અનેક વાહનો અટવાઈ પડ્યા હતા.

## દલિત યુવાનનો આર્થિક સંકળામણના કારણે ગળાફાંસા દ્વારા આપઘાત

જામનગર : જામનગરમાં દિગ્વિજય પ્લોટ શેરી નંબર 45ના છેડે વાલ્મિકી વાસ વિસ્તારમાં રહેતા રાજેશ કુમાર તુલસીભાઈ પરમાર નામના 28 વર્ષના દલિત યુવાને ગઈકાલે પોતાના ઘેર પંખાના હુકમાં દોરડું બાંધી ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લીધી હતી.આ બનાવ અંગે મૃતકના નાનાભાઈ કિશન તુલસીભાઈ પરમારે પોલીસને જાણ કરતાં સીટી સી. ડિવિઝનનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો, અને મૃતક યુવાન રાજેશના મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસની પૂછપરછ દરમિયાન મૃતક યુવાન છેલ્લા કેટલાક સમયથી આર્થિક તંગી અનુભવી રહ્યો હતો.

### શીયાળાની ઋતુમાં વરસાદી માહોલ જામ્યો

# ભાવનગર જિલ્લામાં ઝરમરથી લઈ દોઢ ઇંચ કમોસમી વરસાદ, ખેડૂતો ચિંતીત

### મહુવા તાલુકામાં દોઢ ઈંચ કમોસમી વરસાદ વરસ્યો : ભાવનગર, તળાજા, મહુવા વગેરે તાલુકામાં વરસાદી ઝાપટા યથાવત

ભાવનગર : ભાવનગર શહેર અને જિલ્લામાં હાલ શીયાળાની ઋતુમાં વરસાદી માહોલ જામ્યો છે. કેટલાક તાલુકાઓમાં કમોસમી વરસાદ પડયો હતો, જેના કારણે ખેતીના પાકને નુકશાન થવાની ભીતિ છે તેથી ખેડૂતો ચિંતીત જોવા મળી રહ્યા છે. ચોમાસાની ઋતુ પૂર્ણ થઈ ગઈ છે અને હાલ શીયાળાની ઋતુ ચાલી રહી છે પરંતુ હાલ ઠંડી પડવાના બદલે કમોસમી વરસાદ પડી રહ્યો છે તેથી ખેડૂતોની મુંઝવણ વધી છે. ભાવનગર શહેર અને જિલ્લામાં છેલ્લા બે દિવસથી વાદળછાયુ વાતાવરણ જોવા મળ્યુ હતુ તેમજ કેટલાક તાલુકાઓમાં કમોસમી વરસાદ પણ પડયો હતો, જેમાં ભાવનગર જિલ્લાના મહુવા તાલુકામાં ગઈકાલે શનિવારે રાત્રીના ૮ કલાકથી લઈ આજે રવિવારે રાત્રીના ૮ કલાક સુધીમાં દોઢ ઈંચ વરસાદ વરસ્યો છે, જયારે ભાવનગર, તળાજા અને જેસર વગેરે તાલુકાઓમાં વરસાદી ઝાપટા પડયા હતાં. કમોસમી વરસાદના પગલે ખેતીના પાકને નુકશાન થવાની શકયતા છે, જેના કારણે ખેડૂતો કચવાટ કરતા નજરે પડી રહ્યા છે. હજુ આગામી દિવસોમાં પણ વરસાદની આગાહી છે તેથી વરસાદ પડવાની શકયતા રહેશે તેમ જાણકારો જણાવી રહ્યા છે.



**જિલ્લાના તાલુકાઓમાં નોંધાયેલ વરસાદ**

| તાલુકો | વરસાદ (મીલીમીટર) |
|---|---|
| મહુવા | ૩૮ |
| તળાજા | ૫ |
| જેસર | ૩ |

### ભાવનગર, ઘોઘા અને અલંગમાં 3 નંબરનું સીગ્નલ યથાવત

વરસાદની આગાહીના પગલે ભાવનગર જિલ્લામાં ત્રણ સ્થળે ૩ નંબરનું સીગ્નલ ગઈકાલ શનિવારથી લગાડવામાં આવ્યુ છે અને આજે રવિવારે પણ ૩ નંબરનું સીગ્નલ યથાવત છે, જેમાં ભાવનગર, ઘોઘા અને અલંગના દરિયાકાંઠાનો સમાવેશ થાય છે તેમ પોર્ટ વિભાગના સુત્રોએ માહિતી આપતા જણાવેલ છે.

### કપાસ, મગફળી અને બાગાયતી પાકને નુકશાન થવાની ભીતિ

ભાવનગર જિલ્લામાં કપાસ, મગફળી સહિતના કેટલાક પાકને તેમજ જમરૂખ, સીતાફળ સહિતના કેટલાક બાગાયતી પાકને પણ નુકશાન થઈ શકે છે તેમ જાણકારોએ જણાવ્યુ હતું. કમોસમી વરસાદના પગલે ખેડૂતો હાલત કફોડી થશે તેમ ચર્ચાય રહ્યુ છે.

## સેવાલિયાની નવી ચેકપોસ્ટ ઉપરથી 6.53 લાખનો દારૂ ભરેલી ટ્રક ઝડપાઈ

સેવાલિયા : સેવાલિયામાં નવી ચેક પોસ્ટ ઉપર રૂા. ૯.૫૩ લાખનો દારૂ ભરેલી ટ્રક સાથે સાજસ્થાનનો શખ્સ ઝડપાયો હતો. પોલીસે રૂા. ૧૬.૬૩ લાખનો મુદ્દામાલ જપ્ત કરી બે શખ્સ વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો હતો. સેવાલિયાના મહારાજના મુવાડાની નવી ચેકપોસ્ટ ઉપર દિવાળીના પર્વ નિમિત્તે પોલીસનું ચેકિંગ શરૂ હતું. ત્યારે ગોધરા તરફથી આવતી ટ્રકને રોકી તપાસ કરતા અંદર વિદેશી દારૂ અને બિયરનો જથ્થો મળી આવ્યો હતો. રૂા. ૬,૫૨,૯૪૯ના દારૂની વિવિધ બ્રાન્ડની ૧,૪૧૭ બોટલોનો જથ્થો, આઈસર ટ્રક મળીને કુલ રૂા. ૧૬.૬૩ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. દારૂ સાથે ઝડપાયેલા ટ્રક ચાલક હનુમાન રામ ગુમના રામ સીયાગ રહે. સિયાગપુરા- લીલસર, તા. ચૌટન, જિ. બાડમેરની અટકાયત કરી હતી. જ્યારે ડુગરા રામ નામનો શખ્સ ફરાર થઈ ગયો હતો. સેવાલિયા પોલીસે બંને શખ્સો વિરૂદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### ઓવરબ્રીજ ન થતા ફાટકના નડતરની સમસ્યા જૈસે થે

# ધોળા જં.નું રેલવે ફાટક 24 કલાકમાં 40 વખત બંધ રહેતુ હોય ભારે હાલાકી

ઉમરાળા : ઉમરાળા તાલુકામાંથી પસાર થતા વાહનચાલકો અને મુસાફરો માટે રેલવે ફાટક સહિત અનેક શિરદર્દ સમાન સમસ્યાઓ છે જે હાલ વધુ વિકરાળ સ્વરૂપે સામે ઉભી છે. અહિંના સ્ટેટ હાઈવે નં.૩૯ પર આવેલા ધોળા જં. નજીકના બે રેલવે ફાટકો પ્રતિદિન ૨૪ કલાકમાં ૪૦ વખત બંધ થાય છે. અને દરેક વખતે ફાટકની બંને બાજુ વાહનોની લાંબી લાઈનો લાગી જાય છે આથી તેઓને ભારે હેરાનગતિ થાય છે.

દિવાળીના મીની વેકેશનના સમાપન દરમિયાન દરેક વખતે આ રેલવે ફાટકની બંને બાજુ વાહનોની લાંબી કતારો થઈ જાય છે. દિવાળી વેકેશનને લઈને વતન ઉમરાળા પંથકમાં આવેલા વાહનચાલકો અને મુસાફરો આ સમસ્યાથી હવે ગળે આવી ગયા છે.ધોળા ફાટક બંધ હોય તે વખતે હાઈવે પર ફાટકથી ઉમરાળા તરફ એક કિ.મી. દૂર આવેલા ટીંબી ગામની માનવસેવા હોસ્પિટલ સુધી અને ફાટકની બીજી બાજુ ધન ભગતની જગ્યા પાસેના બીજા ફાટક સુધી વાહનોની કતારો જોવા મળી રહી છે. વર્ષો જુની આ સમસ્યાના ઉકેલ માટે




સરકારે ધોળા નજીક રેલવે ટ્રેક પર રૂા ૨૬ કરોડથી વધુ ખર્ચનો ઓવરબ્રીજ મંજુર કર્યો અને તેનું બાંધકામ બે વર્ષ અગાઉ શરૂ થયુ હતુ અને અટકતા અટકતા ટ્રેકની એક સાઈડમાં થોડા પિલર પણ બંધાયા હતા. પણ પછી બાંધકામ લાંબા સમયથી બંધ પડયુ છે. જે ચાલુ થવા આડે કયુ વિઘ્ન નડે છે તેની કોઈને ખબર નથી. ઓવરબ્રીજનું કામ ન થવાથી વર્ષો જુની ફાટકના નડતરની સમસ્યા જેમની તેમ છે. લોકોના અમૂલ્ય સમય અને વાહનોમાં ઈંધણના બગાડની કોઈને ખેવના નથી. લોકોએ ચૂંટેલા પ્રતિનિધિઓ ભેદી રીતે મૌન સેવતા હોય અથવા નિષ્ક્રિય જણાતા હોય સ્થાનિક રહિશોમાં તંત્રવાહકો સામે આક્રોશ ભભૂકી ઉઠયો છે.




## ઠાસરાના પુરુષની હત્યા કરી લાશ અવાવરું જગ્યાએ ફેંકી દેનાર 2 આરોપી ઝડપાયા

અંકલેશ્વર : અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ અને ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાંચે પિરામણ ગામમાં ઝાડીઝાંખરા વાળી અવાવરુ જગ્યામાં મળેલા અજાણ્યા પુરુષના ખૂનનો ભેદ ઝડપથી ઉકેલી લીધો છે. તા. ૨૧ ઓક્ટોબરના રોજ પિરામણ ગામમાં નવીનગરી સામે અજાણ્યા પુરુષના માથાના ભાગે ગંભીર ઈજા સાથે બેભાન હાલતમાં મળી આવ્યો હતો. તેને આરોગ્ય માટે પહેલા ભરૂચ સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો અને ત્યારબાદ વડોદરા એસએસજી હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો હતો. પોલીસ તપાસમાં મૃતકની ઓળખ વિષ્ણુ કુમાર ગણપતિસિંહ રાઠોડ (મૂળ રહે.નાના કોતરીયા, તા.ઠાસરા, જિ. ખેડા) થઈ હતી. મૃતકના ભાઈએ સૃથાનિક પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપ્યા બાદ ગુનો નોંધાયો હતો. પ્રથમ હત્યાની કોશિશનો ગુનો નોંધાયો હતો પરંતુ ઈજાગ્રસ્તના મૃત્યુ બાદ ગુનામાં ખૂનની કલમ ઉમેરાઈ હતી.અંકલેશ્વર એ-ડિવિઝન પોલીસ અને લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમે સઘન તપાસ હાથ ધરી હતી.



## તારાપુર માર્કેટયાર્ડમાં લાભ પાંચમથી ડાંગરની ખરીદીનો પ્રારંભ

તારાપુર : તારાપુર માર્કેટ યાર્ડ ખાતે લાભ પાંચમના શુભ મુહૂર્તે ડાંગરની ખરીદીનો શુભારંભ કરાયો હતો. કમોસમી વરસાદની આગાહી અને સારા ભાવની આશા વચ્ચે ૧૦૦થી વધુ ટ્રેક્ટરો ભરીને ખેડૂતો ડાંગર વેચવા એપીએમસી પહોંચ્યા હતા. એપીએમસી ખાતે વિવિધ જાતની ડાંગરના મણના ભાવ રૂા. ૫૦૦થી ૬૦૦ના સોદા થતા વેચવા આવેલા ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. તારાપુર એપીએમસીમાં શરૂઆતમાં જ ડાંગરના સારા ભાવ પડતા, ખેડૂતોને આગામી સમયમાં પણ પોષણક્ષમ ભાવો જળવાઈ રહેવાની આશા બંધાઈ હતી. દિવાળીના તહેવારો બાદ વેપારીઓ લાભ પાંચમના દિને વેપાર ધંધાના મુહૂર્ત અને સોદાઓની શુભ શરૂઆત કરતા હોય છે. ડાંગરના પાકનો ગઢ ગણાતા ભાલ પંથકના તાલુકા મથક તારાપુરમાં આવેલા માર્કેટ યાર્ડ ખાતે લાભ પાંચમના દિવસે સવારે શુભ મુહૂર્તમાં એપીએમસીના હોદ્દેદારો, રાઈસ મીલ માલિકો તથા ખંભાત, તારાપુર અને લીંબાસીના અનાજના વેપારીઓની ઉપસ્થિતિમાં ડાંગરની હરાજીની શુભ શરૂઆત કરાઈ હતી.



## ગળતી, મહી નદીના સંગમ સ્થાનમાં હજારો લોકોએ શ્રદ્ધાની ડૂબકી લગાવી

ઠાસરા : પ્રસિદ્ધ યાત્રાધામ અને પર્યટન સ્થલ ગળતેશ્વર મહાદેવ ખાતે દિવાળીના પર્વ દરમિયાન હજારો ભક્તોએ દર્શનનો લાભ લીધો હતો. મંદિર પાસે ગલતી અને મહીસાગર નદીના સંગમ સ્થાનમાં હજારો યાત્રિકોએ શ્રદ્ધાની ડૂબકી લગાવી હતી.ગળતેશ્વર મહાદેવ મંદિર પાસે પસાર થતી ગળતી અને મહી નદીનું સંગમ સ્થાન હોવાથી લોકોની શ્રદ્ધા હજૂ અહી અકબંધ છે. તહેવારોમાં કે રજાઓમાં તમામ ધર્મના લોકો આ સ્થળને પર્યટન સ્થળ માટે પસંદ કરી ગળતેશ્વરની મહી નદીમાં નહાવા મોટી સંખ્યામાં ઉમટે છે. દિવાળી, નવા વર્ષ અને લાભ પાંચમના દિવસે વહેલી સવારથી નદીમાં નહાવાનો લ્હાવો લેવા નાત- જાતના ભેદભાવ વગર માનવ મહેરામણ ઉમટયો હતો. મહી અને ગળતી નદીમાં હાલ પાણીનો પ્રવાહ વધુ હોવાથી કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ તંત્ર, સરનાલ ગામના સ્વયંસેવકો ખડેપગે રહ્યા હતા. ઉપરાંત ગળતેશ્વર મહાદેવ તરફનો રસ્તો પાવાગઢ જવા માટે ટૂંકો છે.



## તળાજાના શાકમાર્કેટમાં કાદવ-કિચડના સામ્રાજયથી હાલાકી

તળાજા : વરસાદી છાંટા પડતાની સાથે જ તળાજાના શાકમાર્કેટમાં કાદવ અને કિચડનું સામ્રાજય છવાઈ જાય છે.૨૫ વર્ષથી ભાજપનું શાસન હોવા છતાં આ શિરદર્દ સમાન સમસ્યાનું કાયમી નિરાકરણ લાવી શકાયુ ન હોય ગ્રાહકોમાં પ્રબળ કચવાટ વ્યાપેલ છે. ગઈકાલ રાત્રીથી તળાજામાં ઝરમર વરસાદ ભીંજવી રહ્યો છે.જેને લઈ શાક માર્કેટમાં જતા પહેલા કિચડમાં લપસવાની અથવા તો કીચડ વાળા થવાની તૈયારી હોય તે વ્યક્તિ જઈ શકે છે.તેમાં ય ખાસ કરીને મહિલાવર્ગને સાડી પહેરીને ત્યાંથી ચાલવું જોખમી બને છે. અત્રે ૫૦ થી ૧૦૦ ડગલાં ચાલવા માટે નાકે દમ આવી જાય છે.વેપારીવર્ગ પણ કાદવ-કિચડના કારણે ત્રાસી ગયા છે.આ સમસ્યા વર્ષોથી છે તેમ છતાંય પાલિકાના શાસકો કે ઈજનેર કક્ષાના કર્મચારીઓ હલ કરી શક્યા નથી.આથી શાકમાર્કેટમાં આવતા લોકોએ વ્યથા અને રોષ વ્યક્ત કર્યો હતો.દરમિયાન તળાજાના ચીફ ઓફિસર આ સમસ્યાનો કાયમી નિકાલ લાવે તેવી અપેક્ષા સેવાઇ રહી છે.

### વધુ ઝડપથી અને મબલખ ઉત્પાદન મેળવવાની લ્હાયમાં

## યુરીયા અને ડીએપીના વધુ પડતા ઉપયોગથી જિલ્લામાં જમીનની ફળદ્રુપતામાં 30 ટકાનો ઘટાડો

ભાવનગર : ઓછી મહેનત અને વધુ ઝડપી મબબલખ પાક લેવા ખેડૂતો પણ શોર્ટકટ અપનાવી યુરીયા અને ડીએપી ખાતરનો વધુ પડતો ઉપયોગ કરતા થયા છે. પરંતુ આ કાર્ય પદ્ધતિના કારણે જમીનની ફળદ્રુપતા સતત ઘટી રહી છે. વિભાગ દ્વારા કાર્યરત સોલ હેલ્થ કાર્ડના તારણ પરથી ભાવનગર જિલ્લાની જમીનની સરેરાશ ફળદ્રુપતા ૩૦થી ૩૫ ટકા સુધી ઘટી હોવાનું જણાય છે. જેથી દેશી ખાતર અને જરૂરી તત્ત્વોની ઉમપ દૂર કરવા જરૂરી બન્યા છે.સોઈલ હેલ્થ કાર્ડ એ જમીનની કુંડળી છે. જેમાં જમીન માલિકોને જમીનનો પ્રકાર, જમીનમાં લભ્ય પોષક તત્ત્વો, ફળદ્રુપતા, જમીનની ખારાશ વગેરે વિગતો સાયન્ટીફીક કારણો સાથે મળે છે. વર્ષ ૨૦૦૬થી દેશમાં પ્રથમવાર ગુજરાતમાં આ યોજના અમલી કરાયેલ છે. પ્રથમ તબક્કામાં દરેક ગ્રામ વાર જમીનના ૧૦ નમુના એકઠા કરી તેનું પૃથ્થકરણ કરી આ વિગતો દર્શાવતુ કાર્ડ આપવામાં આવે છે. જ્યારે બીજા તબક્કામાં દરેક ગામદીઠ ૨૦ નમુના લેવાનું નક્કી કરાયું છે. આ સોઈલ હેલ્થ કાર્ડના અવલોકનથી જમીનની ઉત્પાદકતા, પાક અને ઉત્પાદન ક્ષમતાનો અંદાજ મેળવી શકાય છે. તો બીન જરૂરી વધુ વપરાશને રોકી તથા આવશ્યક પોષક તત્ત્વો ઉમેરવાની સલાહ પણ અપાય છે. આમ વખતો વખત જમીન ચકાસણીની પ્રક્રિયા તથી હોય જમીનની ફળદ્રુપતામાં કાલાંતરે થતા ફેરફારો પણ નજરમાં આવતા તેની જાળવણીની કાર્યપ્રણાલી ઘડી શકાય અને તે વિગતો વ્યક્તિગત મળે છે.


### ભાવનગરમાં સૌથી નાની વયનું અંગદાન

# રમતા રમતા પડી જતા બ્રેઈન ડેડ થયેલ 8 વર્ષના ધ્યેયની બન્ને કીડની, લીવર તેમજ આંખોનું દાન

### સુરતથી માદરે વતન પાલીતાણા દિવાળી વેકેશન ગાળવા આવ્યા હતા : સારવાર દરમિયાન મોત નિપજ્યું

(એજન્સી) ભાવનગર | તા.27

મુળ પાલિતાણાના ઘેટી ગામના રહેવાસી અને સુરત સ્થાયી થયેલ પરિવાર દિવાળીની રજામાં માદરે વતન આવ્યો હતો. દરમ્યાન રમતા રમતા આઠ વર્ષનો ધ્યેય ટ્રેકટર પરથી પડી જતા સ્વરપેટીમાં ગંભીર ઈજા સાથે બેભાન થયેલ જેની સઘન સારવાર બાદ બ્રેઈન ડેડ જાહેર કરાયો હતો. જ્યારે તેના પિતાએ જ સામેથી અંગદાનની ઈચ્છા દર્શાવતા પોલીસ મદદ સાથે ગ્રીન કોરીડોરથી બે કીડની, લીવર અને આંખોનું દાન તબીબ ટીમે સ્વિકાર્યુ હતું. આ અંગદાન ભાવનગરનું સૌથી નાની વયનું હતું. આ અંગે મળતી વિગતો મુજબ હાલ સુરત રહેતો પરિવાર દિવાળી વેકેશન પર માદરે વતન





ઘેટી પાલીતાણા દાદાના ઘરે મજા માણવા માટે આવ્યો હતો. દરમ્યાન ગઈ તા. ૧૯ના રોજ ઘરે ટ્રેકટર પર બાળકો સાથે રમતા રમતા આઠ વર્ષનો ધ્યેય પરેશભાઈ લાઠીયા પડી જતા ગળામાં સ્વર પેટીમાં ઈજા થતા બેભાન થઈ ગયેલ જેને તાત્કાલીક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયેલ જ્યાં શ્વાસમાં તકલીફ થતાં વેન્ટીલેટર પર અને એમ.આર.આઈ.માં મગજ સુધી પુરતો ઓક્સીજન ન મળતો હોવાનું સામે આવ્યુ હતું. ત્યાર બાદ ઘનિષ્ટ સારવાર બાદ તબીયતમાં કોઈ સુધારો આવ્યો ન હતો તા. ૨૪ના રોજ ડો. રાજેન્દ્ર કાબરીયા (ન્યુરો સર્જન) દ્વારા તપાસી આ બાળકને બ્રેઈન ડેડ જાહેર કરાયો હતો. દર્દીના પિતા વ્યવસાયે રેડીયોલ્જીસ્ટ ડોકટર હતા તેઓએ જાતે સામેથી પોતાના પુત્રના અંગદાન માટે ઈચ્છા દર્શાવી હતી. જ્યારે આજે લાભ પાંચમના દિવસે ધ્યેયની બન્ને કીડની, લીવર તેમજ બન્ને આંખોનું દાન ડોકટર ટીમે લીધું હતું. પોલીસના સહકાર સાથે દર્દીના અવયવોને ભાવનગરથી અમદાવાદ ઝાયડસ હોસ્પિટલ સુધી ગ્રીન કોરીડોરની મદદથી પહોંચાડવામાં આવ્યા હતા.

## વહેલી સવારથી જ વાદળછાયો માહોલ છવાયો હતો


વિરપુર : મહિસાગર જિલ્લાના વાતાવરણમાં પલટા આવ્યો છે.વિરપુર સહિતના વિસ્તારોમાં વરસાદી ઝાપટાથી ખેડૂતો ચિંતિત બન્યા છે.મહિસાગર જિલ્લાના વાતાવરણમાં રવિવારે અચાનક મોટો પલટો આવ્યો હતો. જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા સહિત, બાલાસિનોર , વિરપુર આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં વહેલી સવારથી જ વાદળછાયો માહોલ છવાયો હતો અને સાંજના સુમારે ઝરમર વરસાદ શરૂ થયો છે. ક્યાંક ક્યાંક હળવા ઝાપટાં પણ પડયાના અહેવાલો છે. તો બીજી તરફ.હવામાન વિભાગની આગાહી મુજબ વરસાદ શરૂ થતા ધરતીપુત્રોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. ખાસ કરીને ધામક દ્દષ્ટિએ મહત્વપૂર્ણ એવા લાભ પાંચમના શુભ દિવસે જ કમોસમી વરસાદનું મુહૂર્ત થતાં ખેડૂતો ચિંતામાં મુકાઈ ગયા છે.તો બીજી તરફ ખેડૂતોએ કાપણી કરેલ પાકને બચાવવા તાડપત્રી ઢાંકી અનેક નુસખાઓ અપનાવ્યા હતા. જા ેકે, ગ્રામ્ય વિસ્તારોમાં ખેડૂતોની નજર હાલ આકાશ પર મંડાયેલી છે અને તેઓ વધુ વરસાદ ન થાય તેવી પ્રાર્થના કરી રહ્યા છે.

## આપનો આજનો દિવસ




**મેષ (અ,લ,ઇ)**

તમારી આશા આજે કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશ્બોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. આજ ના દિવસે ધન હાનિ થવા ની સંભાવના છે તેથી લેણદેણ ની સમયે જેટલી સાવચેતી રાખશો તેટલું તમારા માટે સારું રહેશે દિવસના ઉત્તરાર્ધમાં અણધાર્યા સારા સમાચાર ખુશી લાવશે તથા આખા પરિવારો ઉત્સાહ વધારશે.




**વૃષભ (બ,વ,ઉ)**

ઉત્સાહિત કરનારી તથા તમને નિરાંતવા રાખતી પ્રવૃત્તિઓ સાથે સંકળાઓ. અન્યો પર વધુ પડતો ખર્ચ કરશો એવી શક્યતા છે. તમારા ઘરના વાતાવરણમાં તમે કોઈ ફેરફાર કરો તે પૂર્વે સૌની મંજૂરી છે કે નહીં તેની ખાતરી કરો.




**મિથુન (ક,છ,ઘ)**

તમે જે બાબત વાસ્તવિકતામાં મૂર્તસ્વરૂપે જોવા માગતા હો એ દિશામાં તમારા વિચારો અને ઊર્જા વાળો. માત્ર કલ્પના કરવાથી કોઈ અર્થ સરવાનો નથી. તમારી અત્યાર સુધીની સમસ્યા એ છે કે તમે માત્ર ઈચ્છા કરો છો એ દિશામાં પ્રયાસ કરતા નથી.




**કર્ક (ડ,હ)**

આજે ટૅન્શનમુક્ત અને શાંત રહો. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે. જ્ઞાન માટેની તમારી તૃષ્ણા નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. તમારા મિત્ર સાથે બહાર જાવ ત્યારે સારી રીતે વર્તો.




**સિંહ (મ,ટ)**

તમે કોઈ બાબતે ચુકાદો આપતા હો ત્યારે સામેની વ્યક્તિની લાગણીઓની ખાસ દરકાર લો. તમારા દ્વારા લેવામાં આવેલો કોઈ ખોટો નિર્ણય નમાત્ર તેમના પર અવળી અસર કરશે બલ્કે તમને પણ માનસિક તાણ આપશે.




**કન્યા (પ,ઠ,ણ)**

બાળકો સાથે રમવાથી તમને દર્દ દૂર કરનાર અદભુત અનુભવ થશે. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. પારિવારિક રહસ્યના સમાચાર તમને આશ્ચર્યચકિત કરશે. આજે તમે પ્રેમની પીડા અનુભવશો.




**તુલા (ર,ત)**

વ્યસ્ત સમયપત્રક છતાં સ્વાસ્થ્ય સારું રહેશે પણ તમારા જીવનને હળવાશથી લેતા નહીં, જીવનની દરકાર જ સત્ય હકીકત છે એ બાબત અનુભવજો. આજે તમારા હાથ માં ધન નહિ ટકે, ધન સંચય કરવા માં આજે તમને ઘણી બધી તકલીફો નો સામનો કરવો પડશે તમારો વધારાનો સમય નિઃસ્વાર્થ સેવામાં સમર્પિત કરો.



**વૃશ્ચિક (ન,ય)**

તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે. પરિવારની જરૂરિયાતો તરફ દુર્લક્ષ કરશો કેમ કે કામના સ્થળે તમે વધુ પડતું શ્રમ લઈ રહ્યા છો. આજે તમે પ્રેમાળ મૂડમા હશો-આથી તમારા અને તમારા પ્રિયપાત્ર માટે ખાસ યોજના ચોક્કસ બનાવજો.




**ધન (ભ,ધ,ફ)**

જીવનને માણવા માટે તંમારી ઉમેદો ચકાસો. યોગની મદદ લો- જે તમને માનસિક, શારીરિક તથા આધ્યાત્મિક સ્વસ્થતાની જીવન કળા શીખવે છે જેથી તમે તમારી પ્રકૃતિ સુધારી શકો. તમારી કોઈ જૂની બીમારી તમને આજ હેરાન કરી શકે છે જેના લીધે તમને હોસ્પિટલ જવું પડી શકે છે અને તમારું ઘણું ધન પણ ખર્ચ થયી શકે છે.




**મકર (ખ,જ)**

તમારે તમારી લાગણીઓ પર અંકુશ મુકવો પડશે તથા તમારા ભયથી બને એટલી જલ્દી મુક્તિ મેળવવી પડશે, કેમ કે તમારા સ્વાસ્થ્ય પર તેના પર તરત અસર પડવાની શક્યતા છે તથા સારા સ્વાસ્થ્યનો આનંદ લેવાના તમારા માર્ગમાં તે અંતરાય બની શકે એવી શક્યતા જોવાય છે. જે લોકો શેરબજાર માં રોકાણ કરે છે.



**કુંભ (ગ,શ,સ)**

તમારી આશા આજે કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશ્બોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. વિદેશ માં પડેલી તમારી ભૂમિ આજ ના દિવસે સારી કિંમત માં વેચાઈ શકે છે જેના વડે તમને લાભ પણ થશે. તમારા પરિવારના સભ્યો પ્રત્યે તમારો પ્રભુત્વભર્યા અભિગમને કારણે વિના કારણ દલીલો શરૂ થશે.



**મીન (દ,ચ,ઝ,થ)**

આજે તમારે અનેક ટૅન્શન તથા મતભેદોનો સામનો કરવો પડે જે તમને બેચેન અને ગુસ્સાવાળા બનાવી દે એવી શક્યતા છે. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો. પરિવારમાં કોઈ મહિલા સભ્યની તબિયત ચિંતાનું કારણ બનશે. રૉમાન્સની શક્યતા છે પણ શારીરિક લાગણીઓ જાગી શકે છે અને તેને કારણે તમારો સંબંધ બગડવાની શક્યતા છે.

## ન્યૂઝ ટ્રેક

### લેન્સકાર્ટ સોલ્યુશન્સ લિમિટેડનો IPO 31 ઓક્ટોબરના રોજ ખૂલશે

મુંબઈ | લેન્સકાર્ટ સોલ્યુશન્સ લિમિટેડ 31 ઓક્ટોબરના પ્રત્યેક રૂ. 2ની ફેસ વેલ્યુના તેના ઈક્વિટી શેર્સનો આઈપીઓ ખોલવાની યોજના ધરાવે છે. એન્કર ઈન્વેસ્ટર બિડીંગ તારીખ બિડ/ઓફર ખુલવાની તારીખના કામકાજના એક દિવસ પહેલા એટલે કે ગુરૂવાર, 30 ઓક્ટોબર, 2025ના રોજ છે. બિડ/ઓફર ગુરૂવાર, 04 નવેમ્બર, 2025ના રોજ બંધ થશે. પ્રાઈઝ બેન્ડ પ્રત્યેક રૂ. 2ની ફેસ વેલ્યુના ઈક્વિટી શેર દીઠ રૂ. 382થી રૂ. 402 નક્કી કરવામાં આવ્યો છે. બિડ્સ લઘુતમ 37 ઈક્વિટી શેર્સ અને ત્યારબાદ 37 ઈક્વિટી શેર્સના ગુણાંકમાં કરી શકાય છે.

### સ્ટડ્સ એસેસરીઝ લિ.ના ઈક્વિટી શેર્સનો IPO 30 ઓક્ટોબરના રોજ ખૂલશે

મુંબઈ | સ્ટડ્સ એસેસરીઝ લિમિટેડ તેના ઈક્વિટી શેર્સના આઈપીઓના સંદર્ભે બિડ/ઓફર ગુરૂવાર, 30 ઓક્ટોબર, 2025ના રોજ ખોલવાની દરખાસ્ત કરે છે. કુલ ઓફર સાઈઝમાં કંપનીના કેટલાક વર્તમાન શેરધારકો દ્વારા 77,86,120 સુધીના ઈક્વિટી શેર્સના વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે. વેચાણ માટેની ઓફરમાં મધુ ભૂષણ ખુરાના દ્વારા 38,00,000 સુધીના ઈક્વિટી શેર્સ, સિદ્ધાર્થ ભૂષણ ખુરાના દ્વારા 8,00,000 સુધીના ઈક્વિટી શેર્સ, ચાંદ ખુરાના દ્વારા 21,00,000 સુધીના ઈક્વિટી શેર્સ અને સંજય લીખા દ્વારા 3,42,000 સુધીના ઈક્વિટી શેર્સનો સમાવેશ થાય છે.

### વિન્ઝોએ ભારતના વપરાશકર્તાઓને સોનાની વૈશ્વિક માંગનો ભાગ બનાવવા માટે ZO ગોલ્ડ લોન્ચ કર્યું

નવી દિલ્હી | સોનાનો ભાવ પ્રતિ 10 ગ્રામ 1,30,000 રૂપિયાના અત્યાર સુધીના ઐતિહાસિક ઉચ્ચતમ સ્તરને સ્પર્શી ગયો ત્યારે 250 મિલિયનથી વધુ વપરાશકર્તા ધરાવતા ભારતના સૌથી મોટા મનોરંજન પ્લેટફોર્મ WinZO એ ZO ગોલ્ડ લોન્ચ કરવાની જાહેરાત કરી. જે ક્રાંતિકારી પગલું ભારતમાં 500 મિલિયનથી વધુ ડિજિટલ વપરાશકર્તાઓને માત્ર 2 જેવી નજીવી રકમ સાથે ડિજિટલ રીતે સોનામાં રોકાણ શરૂ કરવાની સુવિધા આપે છે. ZO ગોલ્ડ સાથે WinZO રોજિંદી ડિજિટલ કામગીરીને સંપત્તિ નિર્માણની દિશામાં પરિવર્તિત કરી રહ્યું છે. આ પહેલથી ભારતના આગામી 500 મિલિયન નાગરિકો વિશ્વની સૌથી જૂની અને સૌથી વિશ્વસનીય રોકાણ વ્યવસ્થામાં સામેલ થઈ શકે છે. આ પગલા દ્વારા વિન્ઝોએ એક સમગ્ર પેઢી માટે સમૃદ્ધિનું લોકશાહીકરણ કર્યું છે. WinZO ના સહ-સ્થાપકો પાવન નંદા અને સૌમ્ય સિંહ રાઠોડે જણાવ્યું હતું કે, 'WinZO હંમેશા ભારતની ડિજિટલ ક્રાંતિમાં સૌનો સમાવેશ કરવા તત્પર હોય છે.

1,00,000 થી વધુ પ્રતિનિધિઓ, 500+ પ્રદર્શકો, 200+ વૈશ્વિક વક્તાઓ અને 100+ દેશોના સહભાગી

# અદાણી પોર્ટ્સ (APSEZ) 'આત્મનિર્ભર ભારત' વિઝન સાથે બ્લુ ઈકોનોમીને આપશે નવો આકાર

(એજન્સી) નવી દિલ્હી | તા 27

ભારતના સૌથી મોટા પોર્ટ ડેવલપર અને ઓપરેટર અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડ (APSEZ) અદ્યતન ટેકનોલોજી અને આત્મનિર્ભરતા સાથે દરિયાઇ વેપારના ટકાઉ ભવિષ્યને વેગ આપી રહ્યું છે. 27-31 ઓક્ટોબર દરમિયાન મુંબઈના બોમ્બે એક્ઝિબિશન સેન્ટર ખાતે આયોજીત ઈન્ડિયા મેરીટાઇમ વીક (IMW) 2025 ભારતના દરિયાઇ પુનરુત્થાનના વિઝન સાથે આગળ વધી રહ્યું છે. બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય હેઠળ ઈન્ડિયન પોર્ટ્સ એસોસિએશન (IPA) દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં 1,00,000 થી વધુ પ્રતિનિધિઓ, 500+ પ્રદર્શકો, 200+ વૈશ્વિક વક્તાઓ અને 100+ દેશોના સહભાગીઓ વૈશ્વિક દરિયાઈ અર્થતંત્રના ભવિષ્યનો રોડમેપ તૈયાર કરે છે.

આ વૈશ્વિક સંકલનના કેન્દ્રમાં ભારતનું સૌથી મોટું પોર્ટ ડેવલપર અને ઓપરેટર અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડ (APSEZ) રહ્યું. દેશની બ્લુ ઈકોનોમીને નવો આકાર આપવામાં તેની મુખ્ય ભૂમિકા છે. APSEZની ટેકનોલોજી, મેક-ઈન-ઈન્ડિયાની અત્યાધુનિકતા અને ટકાઉપણું તેમજ ભારતની દરિયાઈ વેપાર વૃદ્ધિની વાર્તાને કેવી પુન:વ્યાખ્યાયિત કરી રહ્યું છે. 29 ઓક્ટોબરના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતી ગ્લોબલ મેરીટાઇમ CEO ફોરમમાં દરિયાઈ વિશ્વનું નેતૃત્વ કરવાની ભારતની મહત્વાકાંક્ષાને નવું જોમ પૂરુ પાડશે.

છેલ્લા એક દાયકામાં ભારતની દરિયાઈ નીતિનો લેન્ડસ્કેપ સાગરમાલા અને મેરીટાઇમ વિઝન 2030ના માળખા હેઠળ ઝડપથી વિકસિત થયો છે, જેમાં બંદરો, શિપિંગ અને આંતરિક જળમાર્ગોમાં 150 થી વધુ પહેલોનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય આત્મનિર્ભર ભારતના વિઝન સાથે બંદર-સંચાલિત વિકાસને આગળ ધપાવીને, લોજિસ્ટિક્સ ખર્ચ ઘટાડીને ભારતને વૈશ્વિક દરિયાઈ કેન્દ્ર તરીકે સ્થાપિત કરવાનો છે.



### સંકલિત પરિવહન ઉપયોગિતાનું પ્રતિનિધિત્વ

વૈવિધ્યસભર અદાણી જૂથનો ભાગ APSEZ ભારતના બંદર-સંચાલિત વિકાસના પાયાના પથ્થર તરીકે ઉભરી આવ્યું છે. 1990 ના દાયકામાં ગુજરાતના મુન્દ્રા ખાતેના એક બંદરથી APSEZ હવે સમગ્ર ભારતમાં 15 અને વિદેશમાં ચાર બંદરોનું સંચાલન કરે છે, જેમાં 12 મલ્ટિમોડલ લોજિસ્ટિક્સ પાર્ક્સ, 132 રેક અને 5,000+ વાહન કાફલાઓનો સમાવેશ થાય છે. ભારતના કુલ કાર્ગોના લગભગ એક ચતુર્થાંશનું સંચાલન કરીને APSEZ દેશની સૌથી મોટી સંકલિત પરિવહન ઉપયોગિતાનું પ્રતિનિધિત્વ કરે છે.

### APSEZના પ્રદર્શનની મુખ્ય વિશેષતા

IMW 2025 ના APSEZ પેવેલિયન ચાર મુખ્ય સ્તંભોમાં આત્મનિર્ભર ભારત, મહિલા સશક્તિકરણ, AI-સંચાલિત લોજિસ્ટિક્સ અને અસરકારકતાનો સમાવેશ થાય છે. આ વર્ષે થનારા એમઓયુ મેક-ઈન-ઈન્ડિયા ફ્રેમવર્ક હેઠળ ભારતના બંદર, ડ્રેજિંગ અને બંદર ક્ષમતાઓને આગળ વધારશે. હાર્બર બિઝનેસ હેઠળ APSEZ દરિયાઈ સેવાઓમાં તેના નેતૃત્વને મજબૂત બનાવતા લાંબા ગાળાના MoU પર હસ્તાક્ષર કરશે. APSEZના પ્રદર્શનની એક મુખ્ય વિશેષતા છે ભારતનો પહેલો ટ્રેલિંગ સક્શન હોપર ડ્રેજર (TSHD) સિમ્યુલેટર, જે ARI Simulation દ્વારા Make-in-India કાર્યક્રમ હેઠળ APSEZ માટે સ્વદેશી રીતે ડિઝાઈન કરવામાં આવ્યો છે.

### ગ્રેબ ડ્રેજરના નિર્માણ માટે MoU પર હસ્તાક્ષર કરશે

ઉપરોક્ત MoUમાં મુંબઈ પોર્ટ ઓથોરિટી (MBPA) સાથે સાત વર્ષ માટે છ ASTDS ટગ અને 15 વર્ષ માટે એક ગ્રીન (GTTP) ટગના સપ્લાય અને ચાર્ટર ભાડા માટે, VO ચિદમ્બરનાર પોર્ટ ઓથોરિટી (VOCPA), તમિલનાડુ, સાત વર્ષ માટે બે હાર્બર ટગના ચાર્ટર ભાડા માટે,ચેન્નાઈ પોર્ટ ઓથોરિટી (ChPA) સાથે એક 60 TBP એસ્કોર્ટ ટગ વેસલ (ETV) ના ચાર્ટર ભાડા માટે, બાર ટગબોટના નિર્માણ માટે શિપિંગ ડિરેક્ટોરેટ જનરલ (DGS) સાથે પીએમ મોદીની હાજરીમાં હસ્તાક્ષર કરવામાં આવશે. ડ્રેજિંગ સેગમેન્ટમાં, APSEZ સ્વ-સંચાલિત ગ્રેબ ડ્રેજરના નિર્માણ માટે MoU પર હસ્તાક્ષર કરશે, જે સ્વદેશી દરિયાઈ એન્જિનિયરિંગમાં વધુ એક સીમાચિહ્નરૂપ છે.

### APSEZ માટે સ્વદેશી ડિઝાઇન

APSEZ વઢવાણ બંદર, હલ્દિયા બંદર, વિઝિંજામ LNG બંકરિંગ અને દિઘી બંદર પર નવા અને વ્યૂહાત્મક વિકાસ માટે MoU પર હસ્તાક્ષર કરશે, જે ક્ષમતા નિર્માણ અને ગ્રીન ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રત્યેની તેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. APSEZ નું મુખ્ય આકર્ષણ ભારતનું પ્રથમ ટ્રેઈલિંગ સક્શન હોપર ડ્રેજર (TSHD) છે, જે ARI સિમ્યુલેશન દ્વારા મેક-ઈન-ઈન્ડિયા પ્રોગ્રામ હેઠળ APSEZ માટે સ્વદેશી ડિઝાઈન કરવામાં આવ્યું છે.

## ટેલિકોમ

### એવું તો શું થયું કે વોડાફોન આઈડિયાના શેરમાં આવ્યો 10% મોટો ઉછાળો,

(એજન્સી) નવી દિલ્હી | તા 27

સુપ્રીમ કોર્ટના આદેશ બાદ, શેરમાં 10% સુધીનો વધારો જોવા મળ્યો. છેલ્લા મહિનામાં આ શેરમાં આશરે 17%નો વધારો થયો છે અને હવે તે 9.63 થી 10.5 ની વચ્ચે ટ્રેડ થઈ રહ્યો છે. સોમવારે આર્થિક રીતે સંકટગ્રસ્ત ટેલિકોમ કંપની વોડાફોન આઈડિયા (Vi) ને નોંધપાત્ર રાહત મળી. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને કંપનીના એડજસ્ટેડ ગ્રોસ રેવન્યુ (AGR) લેણાં સંબંધિત એક મહત્વપૂર્ણ બાબત પર પુનર્વિચાર કરવાની મંજૂરી આપી. કોર્ટે સ્વીકાર્યું કે આ મામલો સરકારના "નીતિ અધિકારક્ષેત્ર" માં આવે છે. આ નિર્ણય વોડાફોન આઈડિયાના ભવિષ્ય માટે મહત્વપૂર્ણ માનવામાં આવે છે, જે લાંબા સમયથી તેની જવાબદારીઓ સાથે સંઘર્ષ કરી રહી છે.સોમવારે આર્થિક રીતે સંકટગ્રસ્ત ટેલિકોમ કંપની વોડાફોન આઈડિયા (Vi) ને નોંધપાત્ર રાહત મળી. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને કંપનીના એડજસ્ટેડ ગ્રોસ રેવન્યુ (AGR) લેણાં સંબંધિત એક મહત્વપૂર્ણ બાબત પર પુનર્વિચાર કરવાની મંજૂરી આપી. કોર્ટે સ્વીકાર્યું કે આ મામલો સરકારના "નીતિ અધિકારક્ષેત્ર" માં આવે છે. આ નિર્ણય વોડાફોન આઈડિયાના ભવિષ્ય માટે મહત્વપૂર્ણ માનવામાં આવે છે, જે લાંબા સમયથી તેની જવાબદારીઓ સાથે સંઘર્ષ કરી રહી છે.

# EPFO નિયમ મુજબ 10 વર્ષ નોકરી પૂર્ણ કર્યા પછી શું માસિક પેન્શન મળવા પાત્ર હોય છે?




કોઈપણ નોકરિયાત વર્ગ માટે ભવિષ્યમાં સૌથી મોટી સહાય પીએફના પૈસા હોય છે, પરંતુ ઘણા લોકો 10 વર્ષ નોકરી કરીને નિવૃતિ લઈ લેતા હોય છે. ત્યારે પ્રશ્ન ઉભો એ થાય છે કે શું તેમને પેન્શન મળશે.

### પેન્શન અંગે શું કહે છે EPS નિયમ?

નોકરિયાત વર્ગ માટે EPFO એટલે કે કર્મચારી ભવિષ્ય નિધિ એ ફક્ત બચત યોજના નથી, પરંતુ તેમની ભવિષ્યની સુરક્ષા માટેનો એક મુખ્ય પાયો છે. કટોકટીના સમયે EPFOનું સાચું જ્ઞાન સંકટ દૂર કરી શકે છે.

### EPS આપે છે પેન્શનની ખાતરી

નોકરિયાત વર્ગના ભવિષ્યની સુરક્ષા માટે દર મહિને તેમના પગારમાંથી થોડી રકમ કાપવામાં આવે છે, અને કંપની દ્વારા સમાન રકમ ભંડોળમાં જમા કરવામાં આવે છે. કર્મચારી ભવિષ્ય નિધિમાં સૌથી મહત્વપૂર્ણ ભાગ પેન્શન યોજના એટલે કે EPS હોય છે, કેમ કે EPS નોકરિયાત વર્ગને નિવૃત્તિ પછી નિશ્ચિત માસિક પેન્શનની ખાતરી આપે છે જે સામાન્ય વર્ગના ભવિષ્યની સુરક્ષા માટે ખૂબ જરૂરી હોય છે.

### પેન્શન અંગે શું કહે છે EPS નિયમ?

નોકરિયાત વર્ગને નિવૃત્તિ પછી મળતા નિશ્ચિત માસિક પેન્શન બાબતે કર્મચારીઓના ભવિષ્ય નિધિ સંગઠનમાં ચોક્કસ નિયમો રહેલા છે જે મુજબ માસિક પેન્શન પાત્રતા 10 વર્ષના લઘુત્તમ સેવા સમયગાળા પર આધાર રાખે છે. જો વ્યક્તિની કુલ સેવા 10 વર્ષથી ઓછી હોય તો તે પેન્શન માટે હકદાર નથી. જે તે વ્યક્તિએ નોકરી સેવાનો 10 વર્ષનો આંકડો પાર કર્યો હશે એ પછીજ તે પેન્શન મેળવવા હકદાર બનશે.

### EPFOનો આ નિયમ પેન્શન અધિકાર સુરક્ષિત કરશે

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન મુજબ જો કોઈ વ્યક્તિએ 11 વર્ષ સુધી કામ કર્યું હોય અને પછી કોઈ કારણોસર તે વ્યક્તિ નિવૃતિ લઈ લે છે તો EPFO ના નિયમો અનુસાર, તે પેન્શન માટે પાત્ર છે. 10 વર્ષથી વધુ નોકરી સેવા તમારા પેન્શનને લોક કરે છે. 10 વર્ષની સેવા પૂર્ણ કર્યા પછી, તમે 58 વર્ષની ઉંમરે પહોંચો ત્યારે તમારા માસિક પેન્શન માટે અરજી કરી શકો છો. આનો અર્થ એ છે કે જો તમે 40 વર્ષની ઉંમરે નોકરી છોડી દો છો, તો પણ તમને 58 વર્ષની ઉંમરે પહોંચ્યા પછી જ તમારું પેન્શન મળશે.

# 2025માં આ બેંકો આપી રહી છે સૌથી સસ્તી હોમ લોન, વ્યાજ દર કરો તપાસ

(એજન્સી) નવી દિલ્હી | તા 27

જો તમે લોન લઈને ઘર ખરીદવાનું વિચારી રહ્યા છો, તો તમારે હોમ લોન માટે અરજી કરતા પહેલા બધી બેંકોના વ્યાજ દરોનું સંશોધન કરવું જોઈએ જેથી તમને કોઈ સમસ્યાનો સામનો ન કરવો પડે. ભારતમાં મિલકતના દરો દરરોજ નવા રેકોર્ડ બનાવી રહ્યા છે. દરેક વ્યક્તિ પોતાના જીવનમાં ઘર રાખવાનું સ્વપ્ન જુએ છે. વધતી કિંમતોએ તે સપનાઓને ચકનાચૂર કરી દીધા છે. આ સતત વધતી કિંમતોએ સામાન્ય લોકો માટે ઘર ખરીદવાનું વધુને વધુ મુશ્કેલ બનાવ્યું છે. દેશભરના ટાયર-1 અને ટાયર-2 શહેરોમાં, ઘરની કિંમતો કરોડો રૂપિયા સુધી પહોંચી ગઈ છે.હોમ લોન પહેલા દરેક માહિતી જાણવી છે જરૂરી

ઘણા લોકો ઘર ખરીદવા માટે બેંકોમાંથી હોમ લોન લે છે. વિવિધ બેંકો અલગ અલગ વ્યાજ દરે લોન આપે છે. જો તમે લોન લઈને ઘર ખરીદવાનું વિચારી રહ્યા છો, તો તમારે હોમ લોન માટે અરજી કરતા પહેલા બધી બેંકોના વ્યાજ દરોનું સંશોધન કરવું જોઈએ. આનાથી તમને કોઈપણ સમસ્યાઓ અને નાણાકીય નુકસાન ટાળવામાં મદદ મળશે.


### સરકારી બેંકના વ્યાજ દરો

જો તમે જાહેર ક્ષેત્રની બેંકમાંથી હોમ લોન લેવાનું વિચારી રહ્યા છો, તો તમારે તેમના વ્યાજ દરો જાણવા જોઈએ. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા 7.50 ટકાના વ્યાજ દરે હોમ લોન આપે છે. કેનેરા બેંકનો દર થોડો ઓછો છે, 7.40 ટકા. પંજાબ નેશનલ બેંક, બેંક ઓફ બરોડા અને યુનિયન બેંક ઓફ ઈન્ડિયા બધા 7.45 ટકાના વ્યાજ દરે લોન આપે છે. બેંક ઓફ ઈન્ડિયા અને સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા તરફથી હોમ લોન 7.35 ટકાના વ્યાજ દરે ઉપલબ્ધ છે. હોમ લોન શોધવા માટે તમે આ બેંકોની તુલના કરી શકો છો.

### ખાનગી બેંકોના વ્યાજ દરો

જો તમે કોઈ ખાનગી બેંકમાંથી હોમ લોન લેવાનું વિચારી રહ્યા છો, તો તમારે તેમના વ્યાજ દરોથી વાકેફ રહેવું જોઈએ. HDFC બેંક 7.90 ટકાના વ્યાજ દરે હોમ લોન આપે છે. ICICI બેંક 7.70 ટકાના વ્યાજ દરે લોન આપે છે. એક્સિસ બેંક 8.35 ટકાના વ્યાજ દરે હોમ લોન આપે છે, આઈડીબીઆઈ બેંક 7.55 ટકાના વ્યાજ દરે હોમ લોન આપે છે, જ્યારે યસ બેંક 9 ટકાના વ્યાજ દરે હોમ લોન આપે છે.

# ભારતમાંથી 100 દેશોમાં એક્સપોર્ટ થાય છે આ કાર, જેણે બનાવ્યો નવો રેકોર્ડ



(એજન્સી) નવી દિલ્હી | તા 27

ભારતમાં મહિન્દ્રા થાર સામે હરીફાઈમાં ઉતારેલી મારુતિ સુઝુકીની ઓફ-રોડ SUV જિમ્નીએ ભલે સ્થાનિક બજારમાં અપેક્ષા મુજબ પ્રદર્શન ન કર્યું હોય પરંતુ એક્સપોર્ટના મામલે આ કારે નવો રેકોર્ડ બનાવ્યો છે. જૂન 2023માં લોન્ચ થયાના માત્ર થોડા સમયમાં જ ભારતીય બનાવટની જિમ્નીના એક્સપોર્ટ યુનિટ્સનો આંકડો 1 લાખને પાર કરી ગયો છે.

મારુતિ સુઝુકીએ સત્તાવાર રીતે જાહેરાત કરી છે કે તેની જિમ્ની 5-ડોર SUV એ ભારતમાંથી 1 લાખ યુનિટ્સના નિકાસનો મોટો માઈલસ્ટોન હાંસલ કર્યો છે. આ SUV સંપૂર્ણપણે ભારતમાં જ બનાવવામાં આવે છે અને અત્યાર સુધીમાં 100થી વધુ દેશોમાં તેની નિકાસ કરવામાં આવી છે. જેમાં જાપાન, મેક્સિકો અને ઓસ્ટ્રેલિયા જેવા મુખ્ય બજારોનો સમાવેશ થાય છે.

### જાપાનમાં જિમ્ની નોમાડે તરીકે લોન્ચ

જાન્યુઆરી 2025માં જિમ્ની 5-ડોરને જાપાનમાં Jimny Nomade નામથી રજૂ કરવામાં આવી હતી અને તેને ગ્રાહકો તરફથી જબરદસ્ત પ્રતિસાદ મળ્યો. લોન્ચના થોડા જ દિવસોમાં 50,000થી વધુ બુકિંગ નોંધાયા હતા. આ સફળતા મારુતિ સુઝુકી માટે એક મોટું ગૌરવ છે. જે ભારતના પેસેન્જર વ્હીકલ એક્સપોર્ટમાં 46%થી વધુ બજાર હિસ્સો ધરાવે છે. નાણાકીય વર્ષ 2024-25માં મારુતિ સુઝુકીએ કુલ 3.3 લાખથી વધુ વાહનોની નિકાસ કરી હતી.

### જિમ્નીની વિશેષતા અને ઉત્તમ પ્રદર્શન

મારુતિ જિમ્ની ઓફ-રોડ રસ્તાઓ પર ઉત્તમ પ્રદર્શન માટે જાણીતી છે. તેમાં 1.5-લિટરનું શક્તિશાળી પેટ્રોલ એન્જિન છે. આ ઉપરાંત લેડર ફ્રેમ ચેસિસ, 4x4 સિસ્ટમ, હિલ ડિસેન્ટ કંટ્રોલ, બ્રેક-આધારિત લિમિટેડ સ્લિપ ડિફરન્શિયલ અને 210 મિમીનું ગ્રાઉન્ડ ક્લિયરન્સ તેને એક આકર્ષક અને મજેદાર SUV બનાવે છે. ભારતમાં મારુતિ જિમ્નીના બેઝ મોડલની કિંમત રૂ.14.11 લાખથી શરૂ થાય છે.

### અકબર ટ્રાવેલ્સના ચેરમેન ડૉ. K. W.H. અબ્દુલ નાસેરને "શેખ ઝાયેદ બિન સુલતાન અલ નાહયાન" પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા




(એજન્સી) મુંબઈ | તા 27

કોઝિકોડમાં 1994માં સ્થપાયેલ ઈન્ડો-આરબ કન્ફેડરેશન, થાણેના વાગલે એસ્ટેટમાં આર નેસ્ટ બેન્ક્વેટ હોલમાં તેના 30મા વાર્ષિક વૈશ્વિક NRI સંમેલનનું આયોજન કર્યું હતું. ગોવા અને મિઝોરમના ભૂતપૂર્વ રાજ્યપાલ એડ. પી.એસ. શ્રીધરન પિલ્લઈને છેલ્લા પચાસ વર્ષોમાં સાંસ્કૃતિક અને સામાજિક ક્ષેત્રોમાં તેમના નોંધપાત્ર યોગદાન માટે સન્માનિત કરવામાં આવ્યા હતા. પ્રવાસ અને પર્યટન ક્ષેત્રે તેમના ઉત્કૃષ્ટ યોગદાનની નોંધ લઈને અકબર ગ્રુપ ઓફ કંપનીઝના સ્થાપક અને અધ્યક્ષ ડૉ. ક. અબ્દુલ નાસીરને 'શેખ ઝાયેદ બિન સુલતાન અલ નાહયાન એવોર્ડ' આપવામાં આવ્યો હતો. અથવા વિધાન પરિષદના સભ્યો નિરંજન દાવખરે અને લાયન કુમારન નાયર કાર્યક્રમમાં હાજર રહ્યા હોત. સાંસ્કૃતિક કાર્યક્રમો હેઠળ, તારા વર્માએ હિન્દી ભાષામાં 'પૂતના મોક્ષન' ના સંદર્ભમાં કથકલી રજૂ કરી.

## ડાયમંડ સિટીએ 1800 ટન ફટાકડાના કચરાનો નિકાલ કર્યો

# હીરાનગરીએ સ્વચ્છતાના સંદર્ભમાં સમગ્ર દેશ માટે એક ઉદાહરણ બેસાડ્યું

(એજન્સી) સુરત | તા 27

સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન દેશના સૌથી સ્વચ્છ શહેરોમાંનું એક છે, અને આ દિવાળી તેનું એક ચમકતું ઉદાહરણ હતું. જેમ જેમ લોકો ફટાકડા ફોડતા ગયા, તેમ તેમ સફાઈ કર્મચારીઓએ ઝડપથી શહેરની સફાઈ કરી.ગુજરાતના હીરા શહેર સુરતે ફરી એકવાર સ્વચ્છતાના સંદર્ભમાં સમગ્ર દેશ માટે એક ઉદાહરણ બેસાડ્યું છે. દિવાળી પછી શહેરમાં એકઠા થતા બધો કચરો ફેંકી દેવાને બદલે, તેને રિસાયકલ કરીને ઉપયોગી સામગ્રીમાં રૂપાંતરિત કરવામાં આવ્યો હતો. અધિકારીઓના જણાવ્યા અનુસાર, સુરતે દિવાળીના ત્રણ દિવસ દરમિયાન દરરોજ આશરે 600 ટન કચરો એકઠો કર્યો હતો. આનો અર્થ એ થાય કે કુલ આશરે 1,800 ટન ફટાકડાનો કચરો. આટલા મોટા પ્રમાણમાં કચરો હોવા છતાં, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના સફાઈ કર્મચારીઓએ સમગ્ર શહેરના શેરીઓ અને વિસ્તારોને નોંધપાત્ર ગતિથી સાફ કર્યા, શહેરની "ભારતના સૌથી સ્વચ્છ શહેર" તરીકેની પ્રતિષ્ઠા જાળવી રાખી.સુરતે સ્વચ્છતાના સંદર્ભમાં ઉદાહરણ બેસાડ્યું



એક અધિકારીએ જણાવ્યું હતું કે, "સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન દેશના સૌથી સ્વચ્છ શહેરોમાંનું એક છે, અને આ દિવાળી તેનું એક ચમકતું ઉદાહરણ હતું. લોકોએ ફટાકડા ફોડવાનું શરૂ કરતાં જ સફાઈ કર્મચારીઓએ તરત જ શહેરની સફાઈ કરી. તેમણે ઉમેર્યું હતું કે, "આ દિવાળીમાં, ફક્ત ત્રણ દિવસમાં અંદાજે 1,800 ટન વધારાનો કચરો ઉત્પન્ન થયો. આનો અર્થ એ થયો કે લોકોએ ઘણા બધા ફટાકડા ફોડ્યા અને પોતાના ઘરોને પણ સારી રીતે સાફ કર્યા."

સામાન્ય સમયે સુરત દરરોજ આશરે 3,000 ટન કચરો ઉત્પન્ન કરે છે, પરંતુ તહેવારો દરમિયાન આ સંખ્યા નોંધપાત્ર રીતે વધે છે. તેમ છતાં, મ્યુનિસિપલ કોર્પોરેશને ખાતરી કરી હતી કે દિવાળી દરમિયાન વધેલા કચરાને ફક્ત ફેંકી દેવામાં ન આવે, પરંતુ રિસાયકલ કરીને ફરીથી ઉપયોગમાં લેવામાં આવે. સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના નાયબ આરોગ્ય અધિકારી ડૉ. કલ્પેશે જણાવ્યું હતું કે આ વર્ષે સૌથી નોંધપાત્ર વિશેષતા એ હતી કે ફટાકડા અને દિવાળીના કચરાને વિવિધ ઉપયોગી વસ્તુઓમાં રિસાયકલ કરવામાં આવી રહ્યા છે. મતલબ કે, જે એક સમયે કચરો હતો તે હવે ઉપયોગી બન્યો છે.તેમણે એ પણ નિર્દેશ કર્યો કે શહેરના સફાઈ કર્મચારીઓ દરરોજ અથાક મહેનત કરે છે, પછી ભલે તે તહેવાર હોય કે રજા. ડૉ. કલ્પેશે કહ્યું કે સુરત દેશનું સૌથી સ્વચ્છ શહેર છે કારણ કે તેના સફાઈ કર્મચારીઓ દરરોજ ફરજ પર હોય છે. જ્યારે આખું શહેર ઉજવણી કરી રહ્યું છે, ત્યારે તેઓ શેરીઓ અને ગલીઓ સાફ કરી રહ્યા છે. દિવાળી પછી, સુરતનું રિસાયક્લિંગ મોડેલ અન્ય શહેરો માટે પ્રેરણાદાયક ઉદાહરણ બની ગયું છે.

# ભારતમાં સ્ટારલિંક ઈન્ટરનેટ સેવા ક્યારે થશે શરૂ? કિંમત, ગતિ અને લોન્ચ તારીખ વિશે જાણો

(એજન્સી) નવી દિલ્હી | તા 27

સ્ટારલિંકને દેશમાં મહત્તમ 20 લાખ કનેક્શન પ્રદાન કરવાની મંજૂરી આપવામાં આવશે. જેને લઈને વપરાશકર્તાઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.એલોન મસ્કની સેટેલાઈટ ઈન્ટરનેટ કંપની, સ્ટારલિંક, ટૂંક સમયમાં ભારતમાં તેની સેવા શરૂ કરવા જઈ રહી છે. કંપનીને લગભગ બધી જરૂરી મંજૂરીઓ મળી ગઈ છે, અને એવો અંદાજ છે કે તે જાન્યુઆરી અથવા ફેબ્રુઆરી 2026 માં લોન્ચ થશે. અહીં, અમે ભારતમાં તેની સંભવિત કિંમત, ગતિ અને કનેક્શન વિશે માહિતી પ્રદાન કરીએ છીએ. સ્ટારલિંકને ભારતમાં તેના લોન્ચ માટે લગભગ બધી જ જરૂરી સરકારી મંજૂરીઓ મળી ગઈ છે. કંપની હાલમાં SATCOM મંજૂરી અને સ્પેક્ટ્રમ ફાળવણીની રાહ જોઈ રહી છે.ભારત સરકારે સ્ટારલિંકના કનેક્શનની સંખ્યા પર મર્યાદા નક્કી કરી છે. માર્ગદર્શિકા અનુસાર, સ્ટારલિંકને દેશમાં મહત્તમ 2 મિલિયન કનેક્શન પ્રદાન કરવાની મંજૂરી આપવામાં આવશે. પ્રારંભિક તબક્કામાં, કંપની મર્યાદિત સંખ્યામાં વપરાશકર્તાઓને તેની સેવા પૂરી પાડી શકશે. જેમાં ગ્રામીણ અને દૂરના વિસ્તારોને પ્રાથમિકતા આપવામાં આવશે. ભારતમાં સ્ટારલિંક ઈન્ટરનેટ સેવા માટે, વપરાશકર્તાઓએ એક વખતનો સેટઅપ ચાર્જ ચૂકવવો પડશે. જે લગભગ 30,000 અથવા તેનાથી થોડો વધારે હોઈ શકે છે.




વધુમાં, માસિક સબ્સ્ક્રિપ્શન કિંમતો 3300 થી શરૂ થઈ શકે છે. સ્ટારલિંક ભારતમાં 25 Mbps થી 225 Mbps સુધીની ઈન્ટરનેટ સ્પીડ ઓફર કરવાનો દાવો કરે છે. એન્ટ્રી-લેવલ પ્લાન 25 Mbps સ્પીડ ઓફર કરે છે. જ્યારે પ્રીમિયમ અથવા હાઈ-એન્ડ પ્લાન 225 Mbps સુધીની સ્પીડ ઓફર કરે છે. આ સેવા ખાસ કરીને એવા વિસ્તારો માટે બનાવવામાં આવી છે. જ્યાં પરંપરાગત નેટવર્ક ઉપલબ્ધ નથી. જ્યારે આ સ્પીડ શહેરી વિસ્તારોની તુલનામાં મધ્યમ ગણી શકાય, તે દૂરના સ્થળો માટે નોંધપાત્ર રાહત સાબિત થઈ શકે છે.

# જૂનાગઢમાં અનુસુચિત જાતિના યુવક, યુવતીઓ માટે બેઝીક ખડક ચઢાણ કોર્ષ યોજાશે

નરેન્દ્ર દવે | જૂનાગઢ

રાજ્ય સરકારશ્રીના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીનગર અને કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર દ્વારા આયોજિત અને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, જૂનાગઢ દ્વારા અનુસુચિત જાતિના યુવક, યુવતીઓ માટે ખડક ચઢાણ બેઝીક કોર્ષ વર્ષ ૨૦૨૫-૨૬ હાથ ધરવામાં આવશે. જે અન્વયે ૧૪ થી ૩૫ વર્ષના વયજૂથમાં સમાવિષ્ટ અનુસુચિત જાતિના યુવક, યુવતીઓ માટે ખડક ચઢાણ બેઝીક કોર્ષનું આયોજન કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ કોર્ષમાં ભાગ લેવા માટે ઈચ્છુક ઉમેદવારોએ નિયત નમુનાના ફોર્મ સાથે જરૂરી પ્રમાણપત્રો, આધાર પુરાવાની નકલ જોડીને ઉપરોક્ત કચેરીના ચાલુ દિવસો દરમિયાન આગામી તારીખ ૦૬/૧૧/૨૦૨૫ સુધીમાં જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, ૧/૧ બહુમાળી ભવન, સરદારબાગ, જૂનાગઢ- ૩૬૨૦૦૧ ખાતે મોકલી આપવાના રહેશે. તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી એન.ડી.વાળા, જૂનાગઢની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# SBI અને લીડ બેંક જૂનાગઢ દ્વારા અનક્લેમડ ફાઈનાન્શિયલ એસેટ્સ અભિયાન અન્વયે 30મીના મેગા કેમ્પનું આયોજન

નરેન્દ્ર દવે | જૂનાગઢ

સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા અને લીડ બેંક જૂનાગઢ દ્વારા નાણામંત્રાલય ના નાણાકીય સેવા વિભાગના માર્ગદર્શન હેઠળ અનક્લેમડ ફાઈનાન્શિયલ એસેટ્સ અભિયાન તમારી મુડી તમારો અધિકાર અંતર્ગત મેગા કેમ્પનું આયોજન આગામી તા. ૩૦ ઓક્ટોબરના રોજ સવારે ૧૦.૦૦ કલાકે શ્રી હરિવાડી, શ્રી હાટકેશ હોસ્પિટલ સામે, દોમડીયા વાડી બાજુમાં, કોલેજ રોડ, જૂનાગઢ ખાતે કરવામાં આવ્યું છે. નાગરિકોને તેમની રકમ પર પોતાનો હક પ્રાપ્ત થાય અને નાણાકીય જાગૃતિ વધે તે આ કેમ્પનો મુખ્ય હેતુ છે. આ કેમ્પમાં વિવિધ બેન્કો અને નાણાકીય સંસ્થાઓ દ્વારા પોતાના સ્ટોલ રાખવામાં આવશે, જેમાં ગ્રાહકોને તેમની અનક્લેમ્ડ ડિપોઝિટ, એકાઉન્ટ્સ્ તથા DEAF દાવા સંબંધિત માહિતી ચકાસણી તથા તાત્કાલિક નિરાકરણ માટે માર્ગદર્શન આપવામાં આવશે. જૂનાગઢ જિલ્લાના નાગરિકોને પોતાની અનક્લેમ્ડ રકમ તથા એકાઉન્ટ સંબંધિત માહિતી મેળવવા તથા જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરવા માટે આ કેમ્પનો બહોળા પ્રમાણમાં લાભ લેવા એસ.બી.આઈ. અને લીડ બેંકના મેનેજરશ્રી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ગિરનારની લીલી પરિક્રમાના લાખો યાત્રિકોની સુરક્ષા અને સેવા માટે જિલ્લા વહીવટી તંત્ર કટિબદ્ધ

નરેન્દ્ર દવે | જૂનાગઢ

આગામી તા. 2 નવેમ્બર થી શરૂ થનારી ગિરનારની લીલી પરિક્રમામાં લાખો યાત્રિકોની સુરક્ષા અને સેવા જળવાઈ રહે તે માટે જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્રની ટીમે તૈયારીઓ પુર્ણ કરી છે. ખાસ કરીને પીવાનું શુદ્ધ પાણી, ઈમરજન્સીમાં સારવાર અને સુરક્ષા વ્યવસ્થા ઉપરાંત પ્લાસ્ટિક મુક્ત ગિરનારની પરિક્રમા રહે તે માટે જિલ્લા તંત્રએ યાત્રિકોના સહકાર સાથે કટિબદ્ધતા વ્યક્ત કરી છે. કલેકટરશ્રી અનિલ કુમાર રાણાવસિયાના અધ્યક્ષ સ્થાને આજે કલેક્ટર કચેરીના સભાખંડમાં ગિરનારની લીલી પરિક્રમામાં જુદી જુદી કામગીરીમાં જોડાયેલા વિવિધ વિભાગો કચેરીઓના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક કરવામાં આવી હતી. આ બેઠકમાં રૂટ નિરીક્ષણ દરમિયાન ધ્યાનમાં આવેલા મુદ્દા તેમજ યાત્રિકોને પરિક્રમા દરમિયાન મુશ્કેલી ન પડે અને સારી રીતે પરિક્રમા યોજાય તે માટે વિવિધ સુવિધા પર જે તે ડિપાર્ટમેન્ટની તૈયારીની વિગતો જાણીને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

પદગ્રહણની સાથે શુભેચ્છા આપવા આવેલા સમર્થકોએ 50,000થી વધુ વૃક્ષો વાવવાનો કર્યો સંકલ્પ

# ગુજરાતના વન અને પર્યાવરણ ક્લાયમેટ ચેન્જ મંત્રી પ્રવીણ માળીની ગ્રીન પહેલ





(એજન્સી) | પાલનપુર

લાભ પાંચમના શુભ દિવસે આજે વન અને પર્યાવરણ મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીએ મંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં તેમને શુભેચ્છા આપવા બનાસકાંઠા સહિત રાજ્યભરના શુભેચ્છકો ઉમટ્યા હતા. પદગ્રહણના પ્રથમ દિવસે જ મંત્રીશ્રી પ્રવિણભાઈ માળીએ કાર્બન ઉત્સર્જનને બેલેન્સ કરવા માટે નવતર પ્રયોગ માટેની ગ્રીન પહેલ કરી છે.

મંત્રીશ્રી પ્રવિણભાઈ માળીએ સમર્થકો દ્વારા ઓછામાં ઓછા ૧૦ વૃક્ષો અને વધુમાં વધુ ૫૧૦૦ વૃક્ષો એમ ૫૦,૦૦૦ થી વધુ વૃક્ષો વાવવા માટેનો સંકલ્પબધ્ધ કર્યા હતા. ગુજરાતના વન અને પર્યાવરણ, ક્લાયમેટ ચેન્જ તેમજ વાહનવ્યવાર મંત્રીશ્રીના વિસ્તાર માંથી પદગ્રહણ કાર્યક્રમમાં જે શુભેચ્છકો મળવા માટે ગાંધીનગર આવ્યા હતા. તે લોકો ઘરે જઈને ઓછામાં ઓછા ૧૦ વૃક્ષોનું વાવેતર કરે તેવી અપીલ કરતા સૌએ નવા વિચારને વધાવી લીધો હતો.

શુભેચ્છકો દ્વારા ગાંધીનગર આવવા માટે ગાડીમાં ફોસિલ ફ્યુલનો ઉપયોગને કાર્બન બેલેન્સ કરવા માટે નવા વૃક્ષો વાવેતર કરવાનો સંકલ્પ કાર્બન ફૂટપ્રિન્ટ બેલેન્સ કરવાનો પ્રથમવાર પ્રયાસ સરાહનીય રહ્યો. ૧ મેટ્રિક ટન કાર્બન ઉત્સર્જનને બેલેન્સ કરવા માટે ૧૦૫ થી ૧૧૦ વૃક્ષો વાવવા જરૂરી છે. બનાસકાંઠા સહિત રાજ્યભરમાંથી ૪૦૦ થી વધુ સેડાન કાર લઈ શુભેચ્છકો આવ્યા હતા. જે અંતર્ગત તેમના આવક અને જાવક એમ ૩૨૦ કી.મી વાહનમાં ૨૧ મેટ્રિક ટન કાર્બન ડાયોક્સાઈડ ઉત્પન્ન થયું છે. જેને સરભર કરવા મંત્રીશ્રી પ્રવિણભાઈ માળીએ શુભેચ્છકોને વૃક્ષો વાવવા અપીલ કરી તેના ફોટોગ્રાફ સોશિયલ મીડિયામાં મૂકી અન્ય લોકો પણ વધુમાં વધુ વૃક્ષોનું વાવેતર કરે તે પ્રેરણા આપતો સંદેશ આપે તેવી અપીલ કરી હતી.

૨૧ મેટ્રિક ટન કાર્બન ઉત્સર્જન બેલેન્સ કરવા માટે 2310 વૃક્ષો વાવવા પડે તેની સામે આજે ૫૦,૦૦૦ થી વધુ વૃક્ષો વાવવાનો સંકલ્પ સમર્થકોએ કર્યો હતો જેને ઉપસ્થિત લોકોએ આવકારી આ પહેલમાં વધુમાં વધુ લોક ભાગીદારી થાય તે માટેના પ્રયત્નો કરવાની બાહેધરી મંત્રી શ્રી પ્રવીણભાઈ માળીને આપી હતી.

જાફરાબાદ ફશરિઝ કચેરી દ્વારા હવામાન વિભાગે

# માછીમારોને દરિયો ન ખેડવા ચેતવણી આપવામાં આવી

કિશોર આર. સોલંકી | જાફરાબાદ



જાફરાબાદ મદદનીશ મત્સ્યોદ્યોગ નિયમક કચેરી ના કાર્યક્ષેત્ર હેઠળ આવતા તમામ બંદરો ના સાગરખેડૂ ઓને દરિયો ન ખેડવા સુચના તથા હવામાન વિભાગની આગાહી અનુસાર બંગાળની ખાડીમાં સર્જાયેલા લો પ્રેશર ને પગલે ગુજરાતના ખાસ કરીને તટીય વિસ્તારમાં ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે અમુક વિસ્તારોમાં ૪૦/૫૦ કિલોમીટરની ઝડપે પવન સાથે ભારેથી અતિભારે વરસાદ ખાબકી શકે છે. મોસમ વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલ માહિતી મુજબ અમુક વિસ્તારોમાં 3 નંબરનું સિગ્નલ પણ આપવામાં આવ્યું છે જ્યારે અમુક દરિયા કિનારાના વિસ્તારોમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યા છે. માછીમારી કરતા લોકોને હાલ દરિયો ના ખેડવાની એડવાઝરી જારી કરવામાં આવી છે. આથી અત્રેની કચેરી તળે આવતા તમામ મત્સ્ય ઉતરાણ કેન્દ્રો ખાતેના બોટ એસો. પ્રમુખશ્રી, સમાજના આગેવાનો, સહકારી મંડળીઓના પ્રમુખશ્રી તથા તમામ માછીમાર બોટ માલીકોને જણાવેલ કે, હવામાન વિભાગની આગાહીના પગલે હજુ આગામી ૫ દિવસ એટલે કે તા. ૩૧/૧૦/૨૦૧૫ સુધી હવામાન ખરાબ તથા ભારે પવન સાથે વરસાદ તથા ૪૦-૫૦ થી વધી ને 60 કિલોમીટર પ્રતિ કલાક સુધી પવન ફૂંકાવાની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવેલ છે. જેથી દરિયામાં રહેલ તમામ માછીમારી બોટોને તાત્કાલિક અસરથી પરત બોલાવી સુરક્ષિત જગ્યાએ લાંગરવા તથા જાન માલનું નુકસાન ન થવા પામે તેની તકેદારી રાખવા આથી સૂચના આપતો પત્ર જારી કરી જાણકારી આપવામાં આવી છે.

# જૂનાગઢમાં કમોસમી વરસાદની આગાહીને પગલે બાગાયતી ખેતી કરતા ખેડૂત મિત્રો માટે સંદેશો બહાર પડાયો

નરેન્દ્ર દવે | જૂનાગઢ

હવામાન વિભાગ દ્વારા આગામી સમયમાં ગુજરાત રાજ્યના વિવિધ જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. આવા સમયે વાદળછાયું વાતાવરણ અને વરસાદને ધ્યાનમાં રાખતા બાગાયતી પાકોની ખેતી કરતા ખેડૂતો પાકના રક્ષણ માટે ઉચિત પગલા લેતા હોય જ છે. તો પણ અત્રે જણાવ્યા અનુસાર તકેદારી જાળવવા માટેનો સંદેશો બહાર પાડવામાં આવ્યો છે. જે મુજબ ખેતરમાં પરિપક્વ બની ગયેલા ફળો અને શાકભાજી સહિતના બાગાયતી પાકો ઉતારી લેવા. તેમજ તૈયાર ખેત પેદાશો સલામત સ્થળે ખસેડી લેવા અથવા તેને પ્લાસ્ટીકની તાડપત્રીથી યોગ્ય રીતે ઢાંકી દેવું અને આ ઢગલાની ફરતે માટીનો પાળો બનાવીને તેમાં નીચે વરસાદનું પાણી જતું અટકાવવું જોઈએ. કોઈપણ રાસાયણિક સેન્દ્રીય ખાતરો, હોર્મોન્સ કે જંતુનાશક દવાઓનો ઉપયોગ આ સમયગાળા પુરતો ટાળવો જોઈએ. એ.પી.એમ.સી. માં આવતા વેપારી અને ખેડૂત મિત્રોએ કાળજી રાખી આગોતરા સાવચેતીના પગલાં લેવા અનુરોધ કરવામાં આવે છે. એ.પી એમ સી માં બાગાયતી ખેત પેદાશો ઢાંકીને અથવા શેડ નીચે સુરક્ષિત રાખવા. હાલમાં વેચાણ અર્થે આવતી પેદાશો આ દિવસો દરમિયાન ટાળવી અથવા સુરક્ષિત રાખવી જોઈએ. આ અંગે વધુ માહિતી મેળવવા માટે નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, લઘુ કૃષિ ભવન, નીલમ બાગ, બહુમાળી ભવનની સામે, જૂનાગઢના ફોન નંબર ૦૨૮૫-૨૬૩૫૦૧૯ ઉપર સંપર્ક સાધવાનો રહેશે. તેમ નાયબ બાગાયત નિયામકશ્રી, જૂનાગઢની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## રાજકોટ જિલ્લાની આંગણવાડીઓમાં ઈન્સેન્ટિવ, મંગળદીનની રકમ ચૂકવવામાં તંત્રના ઠાગાઠૈયા !

રાજકોટ | રાજકોટ જિલ્લાના આઈ.સી.ડી.એસ હસ્તક કુલ ૧૩૫૫ આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે. જાણવા મળતી વિગતો મુજબ કે રાજકોટ જિલ્લા ભર ની આંગણવાડી કેન્દ્રો માટે મોબાઈલ માટે ચૂકવાતી ઈન્સેન્ટિવ, અને જિલ્લા શાખા કચેરી માથી ચૂકવવામાં આવતા મંગળદીન રકમ ચુકવવામાં તંત્ર ઠાગાઠૈયા કરી રહ્યું છે? હાલ દિવાળી જેવા તહેવાર પર દસ મહિના થી વધુ સમય થી બાકી હોવા છતાં ચૂકવણી કરવામાં આવેલ નથી તો તાત્કાલિક ચૂકવણી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

લખનૌના તબીબ પાસેથી બે સફારી પરમીટના લીધા 31,930 રૂપિયા

# સાસણમાં હજુ સફારીની પરમીટના નામે પ્રવાસીઓ સાથે છેતરપિંડી જારી

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

સાસણમાં હજુ જંગલ સફારીની ઓનલાઈન પરમીટના નામે પ્રવાસીઓ સાથે છેતરપિંડી જારી છે. લખનૌના એક તબીબને વેબસાઈટ પર પરમીટ ઉપલબ્ધ થઈ ન હતી પરંતુ એજન્ટ દ્વારા કરતા બે પરમીટના ૩૧,૯૩૦ રૂપિયા લીધા હતા. તેમાંય એક જ પરમીટ થઈ હતી. બે દિવસ પહેલા તત્કાલ કેટેગરીમાં પરમીટ મળી જશે એવો ફોન પણ આવ્યો હતો. જો કે સાસણ માં પરમીટ માટે આવી કોઈ જોગવાઈ જ નથી. આમ સાસણ આવતા પ્રવાસીઓ સાથે આવી રીતે થતી છેતરપિંડીથી નારાજગી વ્યાપી છે.વેબસાઈટ પર પરમીટ ઉપલબ્ધ ન હતી છતાં એક પરમીટ મળી, બે દિવસ પહેલા તત્કાલ પરમીટનો ફોન પણ આવ્યો, પ્રવાસીઓમાં નારાજગી આ અંગેની વધુ વિગત મુજબ લખનૌમાં રહેતા ડો. નવીન ગર્ગ અને તેના



પરિવારજનોએ દિવાળી પર સાસણ આવવા પ્લાન કર્યો હતો. ત્યારે ડો. નવીન ગર્ગે સાસણ વનવિભાગની સત્તા- વાર વેબસાઈટ પર તપાસ કરતા તેમાં તમામ પરમીટ ફૂલ હતી. આથી તેઓએ ત્યાંના સ્થાનિક એજન્ટને કહી સફારી પરમીટ મળે એ માટે પ્રયાસ કરવા કહ્યું હતું. તેના એજન્ટે તપાસ કરતા જંગલ સફારી ઈન્ડિયા નામની સાઈટ પર પરમીટ મળી જશે વીઆઈપી ક્વોટામાં મળશે આ ક્વોટામાં રોજ ત્રણ જ પરમીટ મળે છે એમ કહી એકના ૧૫ હજારથી વધુ થશે. તબીબ અને તેના પરિવારજનોએ ફલાઈટ, હોટલ બુક કરાવી લીધી હતી. આથી વધુ પૈસા આપી જો પરમીટ મળી જતી હોય તો તે બુક કરવા કહ્યું હતું.તા.૨૫-૧૦-૨૦૨૫ના બપોરનાં ત્રણથી છ વાગ્યાના સેશનની બે પરમીટ પેટે તેની પાસેથી ૩૧,૯૩૦ રૂપિયા લીધા હતા. ૧૫ દિવસ પહેલા એજન્ટને ફોન આવ્યો હતો જેમાં તેઓની એક જ પરમીટ બુક થઈ છે એક થઈ નથી. તબીબે આ અંગે સાસણ વનવિભાગના અધિકારીનો સંપર્ક કરી તપાસ કરતા વીઆઈપી ક્વોટા જેવી કોઈ જોગવાઈ જ ન હોવાનું અને જંગલ સફારી ઈન્ડિયા નામની વેબસાઈટ કે સંસ્થા બુકીંગ કરતી નથી. પોતે કરાવેલી પરમીટનું બુકીંગ થયું છે કે કેમ એ અંગે તપાસ કરતા એક પરમીટ બુક હતી જેના પાંચ હજાર ચાર્જ હતો.બે દિવસ પહેલા તબીબને અજાણ્યા શખ્સે ફોન કરી તમારી એક પરમીટ તત્કાલ ક્વોટામાં થઈ જશે જેનો ચાર્જ સરકારી નિયમ મુજબ રહેશે આમ કહ્યું હતું.

## હવન અને ફુલોનો ગરબો યોજાયો



ચાણસ્માના સેઢાલ ગામે મહાકાળી માતાજીના મંદિરે લાભ પાંચમના રોજ હવન અને ફુલોનો ગરબા યોજાયો. દિવાળી બાદ દેવદેવી એના મંદિરે ધાર્મિક કાર્યક્રમો યોજાય છે ત્યારે ચાણસ્મા તાલુકાના સેઢાલ ગામે માઈ ભક્ત કોકીલા ના સાનિધ્યમાં સાધુ જગદીશભાઈના સુપુત્રો ચિ જ્યદેવ ત્થા ચિ.મિતની ચૌલ ક્રિયા ત્થા હવનનું સુંદર આયોજન કરાયું હતું. (નિતીન ઠાકર, ચાણસ્મા)

ચોવીસ ગામ લેઉઆ પાટીદાર સમાજ વિકાસ પરિષદ દ્વારા

# મહીસાગરમાં ટેકાના ભાવે ડોંગર ખરીદ કેન્દ્ર શરૂ કરવા રજૂઆત

જગદીશ ત્રિવેદી | લુણાવાડા

કોઠંબામાં કમોસમી વરસાદથી ખેડૂતો ભારે ચિંતાતુર બની બેઠા છે ત્યારે કમોસમી વરસાદના કારણે થયેલ નુકસાન અંગેનું વળતર આપવા માટે પણ કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીને લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે. રાજ્ય સરકારે તાજેતરમાં મહીસાગર જિલ્લામાં કોઠંબા ને તાલુકા મથક જાહેર કરવામાં આવેલ છે કોઠંબા વિસ્તારમાં અંદાજિત 6000 હેક્ટર જેટલી જમીનમાં ડોંગરનું વાવેતર કરવામાં આવે છે સરકારે ડાંગર ના ટેકાના ભાવ જાહેર કરેલ છે હાલ નાગરિક પુરવઠા નિગમ દ્વારા ફક્ત લુણાવાડા ખાતે એપીએમસીમાં ખરીદકેન્દ્ર જાહેર કરેલ છે જે કોઠંબા થી 20 કિલોમીટર દૂર ના અંતરે આવેલું છે અને સમગ્ર લુણાવાડા તાલુકાના ખેડૂતોને ડાંગર આપવા માટે એપીએમસી લુણાવાડા ખાતે જવાનું હોવાથી અસાધારણ સ્વરૂપે ખરીદીની પ્રક્રિયામાં ખૂબ વિલંબ થવા પામે છે જેના કારણે 20-20 કિલોમીટરનું અંતર કાપીને લુણાવાડા જતા ખેડૂતોને પારાવાર હાલાકી વેઠવી પડે છે.

# તુલસીશ્યામ ભગવાનના પ્રાંગણમાં માનવ મહેરામણ ઉમટયો

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

તુલસીશ્યામ મંદિર નજીક નવું તૈયાર થયેલુ નાળુ અકસ્માત નોતરે તેવી સ્થિતિ માં તો વન વેજ વાહનો ચાલતા હતા જસાધાર ત્રણ કિલોમીટર થી મંદિરે પહોંચતા ત્રણથી ચાર કલાક લાગતી હતી અને રોડ ઉપર નકરો માનવ મેદનીનો કીડીયારો નવું નાળુ અધૂરું સાંકડું ભયંકર અકસ્માત થાય તેવા દ્રશ્યો.પોલીસ વન વિભાગ સેવકો માત્ર બે હાથ જોડીને જોવાનું જ રહ્યું નવું નાળુ એટલું બધું નાનું બનાવવામાં આવ્યું છે કે તહેવારોમાં ટ્રાફિક જામ થઈ રહ્યો છે. વાહનો માત્ર વન વેજ વાહનો ચાલે છે. સામસામા વાહનો ટકરાય તો નદીમાં જાય તેવી સ્થિતિ સર્જાઈ રહી છે. યાત્રિકો ટ્રાફિક ના કારણે સમયસર ભગવાન તુલસીશ્યામ ની આરતી નો લાભ પણ લઈ શકાય તેમ નથી તેમજ બપોરે સાંજે ટ્રાફિક ના કારણે રસોડાનું કામકાજ ભોજન માટે



સતત શરૂ રાખવું પડ્યું છતાં પણ કોઈ પ્રસાદ વિના જતું નહીં તેવી ટ્રસ્ટની વ્યવસ્થા હતી. આગામી તહેવારો પહેલા સરકાર ના બાંધકામ મંત્રી અને જિલ્લા કલેકટર સોમનાથ બાંધકામ ખાતુ તાત્કાલિક નિર્ણય લઈ નાળા ની પહોળાઈ વધારે અને ત્રણ ભુંગણા મૂક્યા છે તેને બદલે દસ ભુંગણા મૂકવામાં આવે તેવી તુલસીશ્યામ ટ્રસ્ટ ની તથા યાત્રીકો ની માંગણી ઊભી થઈ છે.

# ગિરનાર પરીક્રમાના રુટ પર 11 હંગામી દવાખાના કાર્યરત કરાશે

નરેન્દ્ર દવે | જૂનાગઢ

ગિરનાર લીલી પરિક્રમાનો ૩૬ કિલોમીટરનો રૂટ લાંબો, કઠિન અને ચઢાણવાળો હોવાથી યાત્રિકોએ આરોગ્યની વિશેષ સંભાળ લેવી જરૂરી બની રહે છે. ભાવિકોને જરૂરી આરોગ્ય સેવાઓ મળી રહે તે માટે ગિરનાર લીલી પરિક્રમના રુટ પર તંત્ર દ્વારા ૧૧ જેટલા હંગામી દવાખાના પણ શરૂ કરવામાં આવનાર છે, ગિરનાર પરિક્રમાના જંગલના નિયત કરેલ વિસ્તારમાં ઉભા કરવામાં આવનાર કામચલાઉ દવાખાનામાં ઝીણાબાવાની મઢી, માળવેલાની ઘોડી ઉપર, માળવેલા ખાતે, નળપાણીની ઘોડી ઉપર, નળપાણીની ઘોડી વિસ્તાર- શ્રવણની કાવડ વિસ્તારમાં, સરકડિયા વિસ્તાર, બોરદેવી વિસ્તાર,બોરદેવી મંદિર ખાતે, ભવનાથ ખાતે તેમજ ગીરનાર પર્વત પર, જૈન દેરાસર અને અંબાજીની ટૂંક પર દરેક સ્થળે મેડીકલ ટીમ કે જેમાં ડોક્ટરશ્રી, ફાર્માસિસ્ટશ્રી તથા પેરા મેડીકલ સ્ટાફ અને જરૂરી જીવન રક્ષક દવાઓ, હાર્ટ એટેકને લગત દવાઓ, ઓક્સિજન, પ્રાથમિક સારવારની સાધન- સામગ્રી સાથે કાર્યરત રહેશે.

આદિવાસી કલા અને ડાંગી નૃત્યના તાલે આહલાદક વાતાવરણમાં પ્રવાસીઓ ઝૂમી

# સાપુતારા વેકેશન ફેસ્ટિવલ 2025નો પ્રારંભ

સુશિલ પવાર | ડાંગ

ગિરિમથક સાપુતારા ખાતે આજથી 'સાપુતારા વેકેશન ફેસ્ટિવલ-૨૦૨૫'નો પ્રારંભ થયો છે. ગુજરાતનું સૌથી લોકપ્રિય અને એકમાત્ર હિલ સ્ટેશન, જ્યાં ચોમાસા દરમિયાન લોકકલા અને કુદરતી સૌંદર્યનો સમન્વય જીવંત તહેવાર બની જાય છે. વેકેશનની અસલી મજા, પ્રાકૃતિક સૌંદર્ય, સંસ્કૃતિ અને મનોરંજક કાર્યક્રમોની લિજ્જત માણવા પ્રવાસીઓ સાપુતારાના સોહામણા પર્યટક સ્થળે ઉમટી પડતા હોય છે.પ્રકૃતિ અને સંસ્કૃતિના સમન્વય સમા 'સાપુતારા પ્રવાસ, હવે બારે માસ' સૂત્ર સાથે શરૂ થયેલા 'વેકેશન ફેસ્ટિવલ ૨૦૨૫'નો ઉદ્ઘાટન સમારોહ ડાંગ જિલ્લા કલેક્ટર શાલિની દુહાનના હસ્તે તા.૨૭ ઓક્ટોબરના રોજ સવારે ૧૦ કલાકે થવા પામ્યો છે.ડાંગ જિલ્લા વહીવટી તંત્ર, અને



નોટિફાઈડ એરિયા કચેરી-સાપુતારા દ્વારા આયોજિત આ ફેસ્ટિવલ તા. ૨૭ ઓક્ટોબરથી તા.૫ નવેમ્બર સુધી ચાલશે. ૧૦ દિવસ સુધી રોજેરોજ નવા આકર્ષણ સાથે ચાલનારા આ મહોત્સવમાં ઓપરેશન સિંદૂર થીમ, સાંસ્કૃતિક અને સંગીત કોન્સર્ટ, ક્રાફ્ટ અને આદિવાસી કલા વર્કશોપ, આઉટડોર અને સાહસિક પ્રવૃતિઓ, સ્થાનિક વ્યંજનો અને સેલ્ફી પોઈન્ટ જેવા આકર્ષણો સાથે આજથી આ ભવ્ય ઉત્સવની શરૂઆત કરવામાં આવી છે.ગુજરાત રાજ્યના એકમાત્ર ગિરિમથક સાપુતારામાં 'સાપુતારા પ્રવાસ હવે બારે માસ' ના સૂત્રને સાર્થક કરવા તેમજ દિવાળી વેકેશન માણવા સાપુતારા ખાતે આવતા પ્રવાસીઓને પુરતુ મનોરંજન મળી રહે અને સ્થાનિકો માટે રોજગારી પુરી પાડી શકાય તેવા ઉદેશ્ય સાથે સાપુતારા વેકેશન ફેસ્ટિવલ-૨૦૨૫ નો પ્રારંભ કરવામાં આવ્યો છે, તેમ સમારોહના ઉદ્ઘાટક જિલ્લા કલેક્ટર શાલિની દુહાને પોતાના પ્રાસંગિક વક્તવ્યમાં જણાવ્યું હતુ. સાપુતારાનું સૌંદર્ય અને વરસાદનો વૈભવ જ્યારે સાથે મળે ત્યારે સોનામાં સુગંધ ભળે છે. આ સુગંધને માણવાનો શ્રેષ્ઠ અવસર એટલે જ સાપુતારામાં યોજાનાર વિવિધ ફેસ્ટિવલ છે. સાપુતારામાં મોન્સૂન ફેસ્ટિવલ ઉપરાંત બારે માસ પ્રવાસીઓની અવરજવર થતી રહે તે માટે 'સાપુતારા વેકેશન ફેસ્ટિવલ ૨૦૨૫'નું આયોજન કરવામાં આવ્યું છે. સાપુતારામાં દૂર-દૂર સુધી ફેલાયેલી ખીણો અને અને જંગલોનાં દ્રશ્યો લોકોને ખૂબ આકર્ષિત કરે છે તેમ કલેકટરે કહ્યું હતુ.સાપુતારાના પહાડ, લીલીછમ ખીણો અને ઝરણાં સૌને મંત્રમુગ્ધ કરી દે છે. દક્ષિણ ગુજરાતનું આ પર્યટન સ્થળ સમગ્ર દેશ-વિદેશમાં લોકપ્રિય બની રહ્યું છે. સાપુતારા પ્રકૃતિપ્રેમીઓ અને એડવેન્ચર પ્રેમીઓ માટે એકદમ યોગ્ય પ્રવાસન સ્થળ છે.સાપુતારા ગુજરાતનું એકમાત્ર હિલ સ્ટેશન છે. સાપુતારાને સ્થાનિક પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા તથા મોન્સૂન દરમિયાન પ્રવાસીઓની સંખ્યામાં વધારો કરવાના ઉદ્દેશથી સાપુતારા મોન્સૂન ફેસ્ટિવલનો પ્રારંભ તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૯થી કરાવ્યો હતો.જે પરંપરાને જાળવી પ્રવાસીઓની સંખ્યામાં વધારો કરવા આજે અહીં સાપુતારા વેકેશન ફેસ્ટિવલનો પ્રારંભ કરવામાં આવ્યો છે તેમ કલેકટરે વધુમાં જણાવ્યું હતુ. સાપુતારામાં ઉજવાતા વિવિધ ફેસ્ટિવલના પરિણામે સ્થાનિક આદિવાસી સમુદાયની પરંપરા, નૃત્ય, સંગીત અને હસ્તકલાને પ્રોત્સાહન મળ્યું છે.

લોકગાયક સાહિત્યકાર

# ઉદયભાઈ ધાધલની ઉંચી ઉડાન વિદેશમાં પોતાના સૂરનો દરિયો વહેતો કરશે

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

કાઠી ક્ષત્રિય સમાજનું અણમોલ રત્ન સમગ્ર બોટાદ જિલ્લાનુ ગૌરવ અને સમગ્ર ગુજરાતમાં હરહૈયામા જેમનાં મીઠાં ગળાનાં એકથી એક ગીતો ગુંજે છે એવાં કરોડો ચાહકોના લાડીલા લોકગાયક અને સાહિત્યકાર ભાઈશ્રી ઉદયભાઈ ધાધલની એક ઊંચી ઉડાન ગૌરવનું પ્રતિકપ્રથમ વિદેશ પ્રવાસ દુબઈ મુકામે પોતાનાં સૂરો રેલાવા જઈ રહ્યાં છે ત્યારે ચોતરફથી શુભેચ્છાઓનો ધોધ વહી રહ્યોં છે તેઓ તુલસીશ્યામ શ્યામ નું પ્રથમ ગીત બન્કી બાબરીયા વાડ એટલું બધું લોકપ્રિય બન્યો સૌરાષ્ટ્રમાં જ્યાં ઉદયભાઈ નો પ્રોગ્રામ હોય ત્યાં લોકો આ ગીતને વંશ મોર કરાવતા તેમજ વિદેશમાં પણ તેમનું લોકપ્રિય ગીત વીર ને જરી ફરેલો સાફો તો વિદેશમાં પણ ગુજરાતી જ્યાં વસે છે ત્યાં ત્યાં લોકપ્રિય બન્યું છે ત્યારે હવે તાજેતરમાં નવું લોકપ્રિય ગીત



ભાઈબંધ કોહિનૂર ગીત બહાર પાડતા પ્રથમ વખત દુબઈ ખાતે ત્યારે ભાઈશ્રી ઉદયભાઈ ધાધલને અઢળક શુભેચ્છાઓ અને આ બંને લોકપ્રિય ગીતોથી ભાઈબંધ કોહિનૂર અને બંન્કી બાબરીયા વાડ અને વીર જરી ભરેલો સાફો જ્યાં લગન હોય ત્યાં આ ગીત ડીજે સાંભળવા મળતું જ હોય ભલે ગામડું હોય કે શેર હોય પણ એટલું બધું લોકપ્રિય બચ્યું છે હવે નવું નજરાણું ભાઈબંધ મારો કોહિનૂર એ પણ જમાવટ લઈ રહ્યું છે સમગ્ર કાઠી સમાજમાં નાની ઉંમરમાં લોકપ્રિય ગીતો વિદેશોમાં ડંકો વાગે જતા તે હવે વિદેશ જતા સમગ્ર કાઠી સમાજમાં લાગણી અને સાહિત્યકારોમાં હર્ષની લાગણી વ્યાપી ગઈ છે.

# શિયાળામાં બોર ખાવાથી થાય છે અનેક લાભ







શિયાળામાં બોરનું સેવન કરવાથી કેટલાક લાભ થાય છે. બોરમાં વિટામીન - Cનું પ્રમાણ વધારે હોય છે. જેનું સેવન કરવાથી શરીરમાં વિટામીન - Cની ઉણપ દૂર કરવામાં મદદ કરે છે. બોરનું ઉચિત માત્રમાં સેવન કરવાથી રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મદદ કરે છે. તો કેટલાક નિષ્ણાંતોના અનુસાર બોરમાં નારંગી કરતા વધારે પ્રમાણમાં વિટામીન - સી હાજર હોય છે. જો કોઈ વ્યક્તિને વાળ ખરવાની સમસ્યા હોય કે પછી વાળમાં ડેન્ડ્રફની સમસ્યા હોય તો બોરનું સેવન લાભકારક સાબિત થાય છે. તેમજ ત્વચાને સ્વસ્થ બનાવવા અને ગ્લોઈંગ સ્કીન માટે પણ ફાયદાકારક છે. બોરમાં એન્ટીઑકિસડન્ટો, વિટામિન સી, આયર્ન, પોટેશિયમ અને કેલ્શિયમનું પ્રમાણ પણ ઘણું વધારે હોય છે.તેમજ પાચન માટે પણ લાભકારક છે. જો તમને ગેસની સમસ્યા હોય તો એક વાર તબીબની સલાહ લેવી. બોર મેટાબોલિઝમ વધારવા અને વજન ઘટાડવામાં મદદરૂપ થઈ શકે છે. આમાં મળતા ડાયેટરી ફાઈબર વજન ઘટાડવા અને સારી પાચનક્રિયા માટે ફાયદાકારક છે. તેમજ કબજિયાતની સમસ્યામાં પણ રાહત આપે છે.

## નાહવા માટે ક્યાંક તમે તો નથી કરતાને એનિમલ સોપનો ઉપયોગ ? આ રીતે કરો ચેક



ફ્રેશ રહેવા માટે આપણે દરરોજ સ્નાન કરીએ છીએ. સાબુના ઉપયોગથી આપણે વધુ તાજગી અનુભવીએ છીએ. પરંતુ જો સાબુની પસંદગી ખોટી હોય તો તે આપણી ત્વચા માટે હાનિકારક બની શકે છે. ઘણીવાર આપણે સાબુની જાહેરાત જોઈને ખરીદી લઈએ છીએ. તે સાબુ આપણી ત્વચા માટે સારો છે કે નહીં તે પણ જાણતા નથી. આપણે તેમાં વપરાતા તત્વો વિશે પણ જોતા નથી કે તેનું TFM વેલ્યુ પણ તપાસતા નથી અને નાહવા માટે Animal Soap કે ટોયલેટ સોપ ખરીદીએ છીએ. સાબુ બે પ્રકારના હોય છે. કેમિકલ અને આયુર્વેદિક અથવા હર્બલ. આપણા દેશમાં બહુ ઓછા એવા સાબુ છે જેને નાહાવાના સાબુનો દરજ્જો મળ્યો છે. મોટે ભાગે ફક્ત ટોઈલેટ સાબુ જ છે. તેથી આપણે ફક્ત તે જ સાબુ ખરીદવા જોઈએ જેના પર ટોઈલેટ સોપ લખાયેલ ન હોય. આ સિવાય તમામ સાબુના પેકેટ પર તેની TFM વેલ્યુ લખેલી હોય છે. તેને ચેક કરીને જ સાબુ ખરીદવો જોઈએ. દરેક ઉત્પાદનની ગુણવત્તા માપવા માટે વિવિધ પરિમાણો છે. તે પરિમાણોનું નામ અને વેલ્યુ આપવામાં આવે છે. TFM નો ઉપયોગ સાબુની ગુણવત્તા ચકાસવા માટે થાય છે. તેના દ્વારા આપણે તેમાં વપરાતા કેમિકલની માત્રા જાણી શકીએ છીએ. સાબુમાં TFMની ટકાવારી જેટલી વધારે હશે, તે સાબુની ગુણવત્તા વધુ સારી હોય છે. તેમાં પણ કેટેગરી આપવામાં આવી છે. ગ્રેડ-1 : 75 ટકાથી થી 80 ટકા TFM ગ્રેડ-2 : 65 ટકાથી 75 ટકા TFM ગ્રેડ-3 : 50 ટકાથી 60 ટકાTFM નિષ્ણાતોના મતે, નાહાવાના સાબુમાં TFMની માત્રા 75 ટકાથી વધુ હોય છે. આને ગ્રેડ-1ની કેટેગરીમાં રાખવામાં આવ્યો છે. તેમના ઉપયોગથી આપણી ત્વચાને ઓછું નુકસાન થાય છે. જેમાં Goderej No.1, Centhol, Park Avenue જેવા સાબુ છે. ગ્રેડ-2 કેટગરીમાં ગુણવત્તાના આધારે ટોયલેટ સાબુને ગ્રેડ-2માં રાખવામાં આવ્યો છે. ભારતમાં મોટાભાગના લોકો આ કેટેગરીના સાબુનો ઉપયોગ કરે છે. જેમાં Vivel, lux જેવા સાબુનો સમાવેશ થાય છે. કાર્બોલિક સાબુને ગ્રેડ 3 તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે. તેનો ઉપયોગ પ્રાણીઓને સ્નાન કરાવા માટે થાય છે. યુરોપિયન દેશોમાં તેને Animal Soap કહેવામાં આવે છે. આ સાબુનો ઉપયોગ આપણી ત્વચા માટે નુકસાનકારક છે. આ કેટેગરીમાં Lifebuoy જેવા સાબુઓનો સમાવેશ થાય છે, જેનો કેટલાક લોકો નાહવા માટે પણ ઉપયોગ કરતા હોય છે. તો આ એક Animal Soap છે. તેનો નાહવા માટે ઉપયોગ ના કરવો જોઈએ.

## પલાળેલા અખરોટ સ્વાસ્થ માટે છે ફાયદાકારક હૃદયથી લઈ મગજ બનશે મજબુત



જો તમે દરરોજ સવારે પલાળેલા અખરોટ ખાઓ છો તો તે તમારા સ્વાસ્થ માટે ખુબ ફાયદાકારક છે. તો જાણો ચાલીએ પલાળેલા અખરોટ ખાવાના અનેક ફાયદા વિશે. અખરોટના અનેક ફાયદા છે પરંતુ તેમાં પણ પલાળેલા અખરોટ સ્વાસ્થ માટે ફાયદાકારક છે. દરરોજ અખરોટ ખાવાથી સ્કિનની સાથે તમારું હેલ્થ પણ સારું રહે છે. અખરોટમાં એવા કેટલાક પોષક તત્વો હોય છે જે આપણા શરીર માટે જરુરી હોય છે. પલાળેલા અખરોટ ખાવાથી હાડકાં મજબુત બને છે. અખરોટમાં રહેલ કેલ્શિયમ હાડકાંને મજબુત બનાવે છે. પલાળેલા અખરોટમાં ઓમેગા 3 ફેટી એસિડ હોય છે જે ખરાબ કોલેસ્ટ્રોલને ઓછું કરે છે અને સારા કોલેસ્ટ્રોલને વધારવામાં મદદ કરે છે. જો તમે અખરોટને પલાળીને ખાઓ છો, તો તેમાં રહેલા પ્રોટીન, કેલ્શિયમ, ફાઈબર, આયર્ન વગેરે જેવા ઘણા પોષક તત્વો આપણા મગજના વિકાસ અને યાદશક્તિને વધારવામાં મદદરૂપ થાય છે. જે લોકોને બ્લડ શુગરની પરેશાની છે. તેમણે પલાળેલા અખરોટનું સેવન કરવું જોઈએ. જેનાથી તમારું બ્લડ શુગર કંટ્રોલ થઈ શકે છે. તેમજ અખરોટ લાંબા સમય સુધી તમારું પેટ ભરેલું લાગે છે, પલાળેલા અખરોટ ખાવાથી સ્થૂળતા ઓછી કરી શકાય છે.

# મોટાભાગના મોર્ડન માણસની મુખ્ય સમસ્યા નબળી માનસિકતા છે




માયાનો ભ્રમ

- રુપાલી દવે

આધુનિક યુગને ટેક્નોલોજી યુગ માનવામાં આવે છે પરંતુ મોટાભાગના મોર્ડન માણસની મુખ્ય સમસ્યા નબળી માનસિકતા છે. આજના માણસ ને ખુદ કરતા અન્ય પર વિશ્વાસ વધારે છે એટલે જ એ સાચા માર્ગ કરતા ખોટા માર્ગે ફંટાય ને જીવવાનું પસંદ કરે છે. આ સમય માં ખુદને મોર્ડન ગણાવતા માણસ પાસે પરિસ્થતિ સામે લડવાની તાકાત અને ધીરજ નથી એટલે જ જીવન માં એને સમસ્યા અવાર નવાર ડંખ આપીને રુઝાયેલા ઘા ભરવા દેતી નથી. ભુવા, તાંત્રિક, જ્યોતિષ શાસ્ત્ર, ન્યુમરોલોજી વગેરે વગેરે નો આશ્રય લેતા હોય છે એટલે તો અંધ શ્રદ્ધા,તાંત્રિક વિધિ,મેલી વિદ્યા,જ્યોતિષ,અંક શાસ્ત્ર,જાદુ ટોણા વગેરે વગેરે નું યુ ટ્યુબ વિડિઓઝ માં કુંકિંગ શો કરતા પણ આકર્ષણ લોકોમાં વધારે છે. એમાં જ ઘણીવાર અર્થ નું અનર્થ એના જીવનમાં થતું રહેતું હોય છે. ગામડાઓ અને આદિવાસી વિસ્તારમાં નાની કે મોટી બીમારી ને નજર લાગી કે મેલી વિદ્યાનું નામ આપીને રોગ નો ઈલાજ ડોક્ટર ના બદલે ભુવા પાસે કરાવતા હોય છે.


ઘંટના : મંદિર માં આરતી થતી હતી ત્યાં અચાનક મોટી ચીસ સંભળાઈ નજીક જતા જોયું કે એક બહેન છૂટા વાળ કરીને તાકાત એકઠી કરીને ધૂણી રહિયા છે. ઘર ના બે લોકો એ બહેન ના કપાળે કંકુ અક્ષત કરીને કળશ માં ભરેલું પાણી એના મોઢા પર મૂકતા જ મિનિટ માં એ બેન ધુણવા નું બંધ કર્યું પરંતુ એનું શરીર થાકી ને પરસેવા થી રેબઝેબ બની ગયું હતું. એના વિશે રૂબરૂ તપાસતા કરતા જાણવા મળ્યું કે એના પતિ નો સ્વભાવ ખૂબ ગુસેલ છે એટલે અને પત્ની માં નિપુણતા અને હોશિયારી દેખાવવા ના બદલે એની "સેવાદાર" મને છે. વાત વાતમાં ઉઠતા બેઠતા પત્ની ને અપમાનિત કર્યા કરે છે. આ કારણોસર એનું આંતરિક મન એને પતિ સામે બળવો પોકારવા નું સૂચવે છે પરંતુ પતિ ના ભય ને લીધે એ અનુસાર કરી શકતી નથી એટલે મન નો રોષ ચીસ પાડી અને ધૂણી ને વ્યક્ત કરે છે. જ્યાર થી એણે ધુણવા નું શરૂ કર્યું છે ત્યાર થી એના પતિ ને પણ "માતાજી" શબ્દ થી ડર લાગવાના લીધે એણે એના વર્તન માં બદલાવ કર્યો છે એટલે એ સ્ત્રી ને લાગે છે કે એ જે કરી રહી છે એ સાચું છે.

કંતારા:૧ ફિલ્મ ની સફળતા કરતા કંતારા:૨ની સફળતા કરતા વધારે છે બન્ને ભાગના રેટિંગ ની વિશે એ વિચારીએ તો હાલ માં રિલીઝ થયેલી ફિલ્મો કરતા કાંતારા ૨ ની કમાણી અને રેટિંગ વધારે છે.વિચારો આ ફિલ્મ સાઉથ ની મૂવી નું હિન્દી ડબિંગ છે હીરો હિરોઈન થી લઈને ફિલ્મ નું મ્યૂઝિક પણ તદન અલગ અજાણ્યું છે વળી ફિલ્મ નું શુટિંગ પણ સાઉથ માં થયું છે છતાંય દરેક ભાષા ના લોકોને ફિલ્મ પસંદ આવી રહી છે ને થિયેટર માં શો ફુલ જાય છે આવું કેમ?મનુષ્યની સાયકોલોજી એ છે કે એને "આસ્થા અને શ્રદ્ધા" નામના શબ્દ સાથે વિશેષ લગાવ છે.આ બન્ને શબ્દ સાથેના લગાવને લીધે જ મનુષ્ય ના મન મસ્તિષ્કને આસ્થા અને શ્રદ્ધા ના અનુસંધાનની વાત કરવી, સાંભળવી અને જોવી જાણવી વધારે ગમતી હોય છે. કાંતારા ફિલ્મ ની કથા માં નાયક એના સમુદાય સાથે વિના સાધન સામગ્રી વગર એના સાથે થતા અન્યાય માટે મોટા ગજા ના રાજા સાથે બાથ ભીડે છે. રાજ ની છળ કપટ ને "કાંતારા" ની કૃપા થી બે હરાવીને. કાંતારા? કાંતારા એ આદિવાસી સમુદાય ના દેવ છે ને એ સમુદાય ના ખાસ માણસ ના શરીર માં નિવાસ કરે છે જ્યારે જ્યારે સમુદાય પર કે એના લોકો પર મુસીબત આવે છે ત્યારે એ ખાસ વ્યક્તિ જેને ગુજરાતી માં "ભુવાજી" નામથી ઓળખવામાં આવે છે. કર્ણાટક માં "કાંતારા" ને આદિવાસી લોકો પૂજે છે. શુભ પ્રસંગો કે તહેવાર માં ડાક ડાકલા કે ઢોલ નગારા વગેરે વાજિંત્રો વગાડી ને દૈવ ને બોલાવવાનો આદિવાસી સમુદાય માં રિવાજ હોય છે. લોકોને મૂવી માં રસ વધારે થવાનું કારણ ભારતભર ના શહેરો,ગામડાના અને રિમોટ એરિયા માં રહેતા લોકો"કાંતારા" શબ્દ થી ખુબજ પરિચિત છે.





ખરેખર ભૂવો ધૂણે ત્યારે એના શરીર ની અંદર માતાજી પ્રગટ સ્વરૂપે બિરાજતા હશે? ઘણીવાર નવરાત્રિ ના ગરબા અને આરતી માં અચૂક ચીસ પાડી ને સ્ત્રીઓ અને પુરષો ધુણવા માંડે છે ત્યારે લોકો પગે પડી ને આશીર્વાદ પણ લેતા હોય છે.ધુણનાર ના કપાળે ચોખા અને પાવલી પાણી આપતા ની તુરંત વ્યક્તિ નું શરીર ઠંડું પડી જાય છે.શરીર ની અંદર સ્પિરિટ દાખલ થતા જ "આવેશ" આવી જતા મનુષ્ય નું શરીર ધ્રુજવા લાગે છે અને એનું અન કોન્શિયસ મગજ જાગૃત થઈ જતા એ ગુસ્સા માં ચીસો પાડીને ધ્રુજવા માંડે છે. ભણેલા ગણેલા લોકો નજર સામે ધુણતા લોકો ની મજાક ઉડાડતા હોય છે? અક્ષય કુમાર અને વિધા બાલન ની ફિલ્મ ભૂલ ભૂલૈયા માં પણ દર્શાવ્યું છે કે માણસ ની માનસિકતા ના ઉતાર ચઢાવ,દુ:ખ અને પીડા નો અતિરેક થવાથી ધુણતા વ્યક્તિ ને "માતાજી" આવે છે એવું પ્રસ્થાપિત કરવામાં આવે છે.

ખરેખર આ સૃષ્ટી માં એવું કંઈક રહસ્ય છુપાયેલું છે આ રહસ્ય નું નામ "ઈટર્નલ



**આ સમયમાં ખુદને મોર્ડન ગણાવતા માણસ પાસે પરિસ્થતિ સામે લડવાની તાકાત અને ધીરજ નથી એટલે જ જીવનમાં એને સમસ્યા અવાર નવાર ડંખ આપીને રુઝાયેલા ઘા ભરવા દેતી નથી**

સ્પીરિટ" છે માણસ લાઈફ ની અઘરા માંથી અઘરી સમસ્યાઓથી કંટાળી ને અંતે ઈટર્નલ સ્પીરિટ "ભગવાન અને માતાજી ના" શરણે જવાનું પસંદ કરતા હોય છે.પરંતુ સમસ્યા નું સમાધાન જલ્દી ન મળે તો કઈ પણ કરવાનું ચૂકતો નથી એના માટે અવળો માર્ગ અપનાવો પડે તો પણ અપનાવશે.ગ્રામ્ય અને આદિવાસી સમુદાયના લોકો ભગવાન કરતા પણ વધારે દોરા,ધાગા અને ભૂવા ભરડી પર આસ્થા અને શ્રદ્ધા રાખતા હોય છે. નવરાત્રિ અને ધાર્મિક પ્રસંગો માં અચાનક માણસ ચીસો પાડી ને તેજ ગતિ થી ધુણવા લાગે છે ત્યારે શરીરની અંદર પ્રવેશ થયેલ આવેશની શક્તિ એટલી બધી પાવર ફૂલ હોય છે ને કે ત્રણ ચાર માણસો ભેગા થઈને પણ એક માણસ ને પકડી શકતા નથી તો વિચારો શાંત પાડવા માં કેટલી મહેનત લાગતી હશે? ઘણા લોકો આ "આવેશ" ને નાટક અથવા મેલુ બોલીને હસી કાઢતા હોય છે પરંતુ આવેશ શાંત થતા વ્યક્તિ ના મોઢા પરનો થાક પર અપાર થાક દેખાય છે.ફિલ્મ કાંતારા માં પણ એવું દેખાડવામાં આવ્યું છે જંગલ માં રહેતા આદિવાસી સમુદાયની સાથે થયેલ દગા નો બદલો કાંતારા શિવ અને પાર્વતી સ્વરૂપે લેવા આવે છે ત્યારે બધા ખુશી ઓમાં નાચ ગાન કરે છે.



# ટીવીનું લોકપ્રિય કપલ અલગ થયું...!

## ગુજરાતી જય ભાનુશાળી અને માહી વિજના છૂટાછેડા, ત્રણ બાળકોની કસ્ટડી કોને મળશે?

(એજન્સી) મુંબઇ । તા. 27

ટીવી ઈન્ડસ્ટ્રીનું ફેમસ કપલ જય ભાનુશાળી અને માહી વિજ લગ્નના 14 વર્ષ પછી છૂટાછેડા લેવા જઈ રહ્યા છે. આ સમાચાર સાંભળીને કપલના ફેન્સ ચોંકી ગયા અને સોશિયલ મીડિયા પર ખળભળાટ મચાવી દીધો છે. કોઈ વિશ્વાસ કરી શકતું નથી કે આ કપલ તેમના પ્રેમ સંબંધનો અંત કરવા જઈ રહ્યું.

જુલાઈ-ઓગસ્ટમાં જ કપલે ડિવોર્સ લઈ લીધાં હતાં! મળતી માહિતી મુજબ,જય અને માહીએ થોડા મહિનાઓ પહેલાં જ છૂટાછેડા માટે અરજી કરી હતી અને ત્યારથી તે અલગ રહી રહ્યા છે. રિપોર્ટ્સ તો એવું પણ કહે છે કે જુલાઈ-ઓગસ્ટમાં જ કપલે ડિવોર્સ પેપર્સ પર સહી કરીને પ્રક્રિયા પૂરી કરી દીધી છે. બાળકોની કસ્ટડી અંગે પણ નિર્ણય લેવાઈ ચૂક્યો છે. આ કપલે પોતાનો સંબંધ બચાવવાનો ઘણો પ્રયાસ કર્યો, પરંતુ કેટલીક વસ્તુઓ બદલાઈ શકી નહીં.

તેઓ ઘણા સમયથી અલગ રહેતાં હતાં. અગાઉ જુલાઈ મહિનામાં પણ તેમના છૂટાછેડાની ખબરો આવી હતી, પરંતુ ત્યારે માહીએ કહ્યું હતું કે તેમને કોઈને સફાઈ આપવાની જરૂર નથી. જોકે, આ વખતે વાત લગભગ સાચી માનવામાં આવી રહી છે. જોકે, છૂટાછેડાની ખબરો પર માહી કે જય તરફથી હજી સુધી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આપવામાં આવી નથી. જય- માહીની છેલ્લી મુલાકાત જય અને માહી છેલ્લે પુત્રી તારાના જન્મદિવસ પર સાથે દેખાયા હતા. ઈવેન્ટના વીડિયો અને ફોટામાં બંને દૂર રહીને પોઝ આપ્યો હતો. જુલાઈમાં તેમના છૂટાછેડાની અટકળોએ વધુ જોર પકડ્યું હતું. જ્યારે માહીને લગ્ન અંગે પૂછવામાં આવ્યું ત્યારે તેણે કહ્યું- ‘હું તમને કેમ કહું? તમે મારા અંગલ છો. શું તમે મારા વકીલની ફી ચૂકવશો?‘ બસ, ત્યારથી વાતને કન્ફર્મ માનવામાં આવી રહી હતી.

2011માં થયા હતા લગ્ન જય અને માહીના લગ્ન 2011 માં થયા હતા. બંનેએ 2017 માં એક છોકરો રાજવીર અને એક છોકરી ખુશીને દત્તક લીધી હતી. તેના પહેલાં બાયોલોજિકલ ચાઈલ્ડ, દીકરી તારાનો જન્મ 2019માં થયો હતો. તાજેતરના સમયમાં, બંનેએ તેમના સોશિયલ મીડિયા પર સાથે પોસ્ટ કરવાનું ઓછું કરી દીધું છે. જો કે, તેઓ તેમના ત્રણ બાળકો સાથે પોસ્ટ શેર કરતા રહે છે. આનાથી તેમના અલગ થવાની ચર્ચા વધુ તીવ્ર બની છે. જય ભાનુશાળીની વાત કરીએ તો તેનો જન્મ અમદાવાદના ગુજરાતી પરિવારમાં થયો હતો અને તેને ’કસૌટી જિંદગી કી’, ’ગીત-હુઈ સબસે પરાયી’ અને બીજા ઘણા રિયાલિટી શોમાં જોવા મળ્યો છે. તેણે ’ડાન્સ ઈન્ડિયા ડાન્સ’, ’સા રે ગા મા પા’ અને ’ઈન્ડિયાઝ બેસ્ટ ડાન્સર’ જેવા શો પણ હોસ્ટ કર્યા છે.

# સમય રૈનાની માફી પાછળ કોર્ટનો ડર?

## કોમેડિયને બર્થ-ડે પર દિવ્યાંગોની જાહેરમાં માફી માગી, ભવિષ્યમાં આવી ભૂલ નહીં થાય

(એજન્સી) મુંબઇ । તા. 27

’ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ’ વિવાદ બાદ સમય રૈના પર સ્ટેન્ડ-અપ કોમેડી શો દરમિયાન એક નવજાત સ્પાઇનલ મસ્ક્યુલર એટ્રોફી (SMA)થી પીડિત બાળકની મજાક કરતા હોબાળો થયો હતો. ફેબ્રુઆરીમાં થયેલા વિવાદ પછી સમયે હવે તેના જન્મદિવસ પર જાહેરમાં આ બાબતે માફી માગી છે.

સમય રૈનાએ તેના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી એક સ્ટોરી પોસ્ટ કરી અને લખ્યું, ‘આજે મારો જન્મદિવસ છે, અને ફક્ત મારી જાતની ઉજવણી કરવાને બદલે, હું આ ખાસ દિવસનો ઉપયોગ દિવ્યાંગોની માફી માગુ છું.‘

સમયે આગળ લખ્યું, ‘અમે, સમય રૈના, વિપુલ ગોયલ, સોનાલી ઠક્કર, નિશાંત તંવર અને બલરાજ ઘોષ, અમારા શોને કારણે થયેલી અસુવિધા બદલ ખૂબ જ દુ:ખી છીએ. અમે ભવિષ્યમાં વધુ સાવચેત રહીશું અને સમાજમાં દિવ્યાંગ સમુદાય દ્વારા સામનો કરવામાં આવતા પડકારો વિશે જાગૃતિ ફેલાવવા માટે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કરીશું. તમારી શક્તિ અમને ખૂબ જ પ્રેરણા આપે છે.‘

### શું છે આખો મામલો?



ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ શોમાં માતા-પિતા પર અશ્લીલ કન્ટેન્ટના આરોપોનો સામનો કરી રહેલા સમય રૈના પર આરોપ છે કે તેણે તેના શોમાં એક દુર્લભ રોગથી પીડિત બાળક પર વાંધાજનક ટિપ્પણીઓ કરી હતી. આ આરોપો ક્યોર એસએમએ ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા દ્વારા તેના પર લગાવવામાં આવ્યા છે.

ફાઉન્ડેશને કોર્ટને જણાવ્યું હતું કે સમય રૈનાએ ધેટ કોમેડી ક્લબમાં પોતાના સ્ટેન્ડઅપમાં કહ્યું હતું- ’જુઓ, ચેરિટી એક સારી વસ્તુ છે, તે થવી જોઈએ. હું એક ચેરિટી જોઈ રહ્યો હતો જેમાં બે મહિનાનો એક બાળક છે જે પાગલ થઈ ગયો છે. તેની સારવાર માટે, તેને 16 કરોડ રૂપિયાના ઈન્જેક્શનની જરૂર છે.’

સમયયે શોમાં બેઠેલી એક મહિલાને પ્રશ્ન પૂછ્યો હતો - મેડમ, તમે મને કહો... જો તમે તે માતા હોત અને તમારા બેંક ખાતામાં 16 કરોડ રૂપિયા હોત, તો તમે તમારા પતિ તરફ એક વાર જોઈને કહેત કે મોંઘવારી વધી રહી છે, કારણ કે કોઈ ગેરંટી નથી કે બાળક તે ઈન્જેક્શન પછી પણ બચી જશે. તે મરી પણ શકે છે. કલ્પના કરો કે તે ઈન્જેક્શન પછી મૃત્યુ પામ્યો. તેનાથી પણ ખરાબ, કલ્પના કરો કે બાળક 16 કરોડના ઈન્જેક્શન પછી બચી ગયું, અને પછી મોટો થયા પછી તેણે કહ્યું કે તે કવિ બનવા માંગે છે તો.’

ફાઉન્ડેશનની અરજી પર સુનાવણી કરતી વખતે, સુપ્રીમ કોર્ટે આવી સામગ્રીને ખલેલ પહોંચાડનારી ગણાવી હતી. જસ્ટિસ સૂર્યકાંતે કહ્યું હતું કે- અમે આ આરોપોથી ખરેખર પરેશાન છીએ, અમે આવા કેસ રેકોર્ડ પર રાખીએ છીએ. બાદમાં, સમય રૈનાને આ કેસમાં રાહત આપતાં કહેવામાં આવ્યું હતું કે તેણે પોતાની ઓળખ અને સોશિયલ મીડિયા ફેન ફોલોઈંગનો ઉપયોગ દિવ્યાંગ લોકો વિશે જાગૃતિ ફેલાવવા માટે કરવો પડશે.

# સલમાન ખાનને આતંકી ગણાવતો લેટર વાઇરલ થયો

## પાકિસ્તાને તેને આતંકવાદીઓની લિસ્ટમાં એડ કર્યા હોવાનો દાવો; એક્ટરે બલુચિસ્તાનને પાકિસ્તાનથી અલગ ગણાવ્યું હતું

ઈસ્લામાબાદ | બોલિવુડ અભિનેતા સલમાન ખાનને આતંકવાદી ગણાવતો એક લેટર સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે આ લેટર પાકિસ્તાન સરકાર દ્વારા જારી કરવામાં આવ્યો છે.

સલમાને ગયા અઠવાડિયે સાઉદી અરેબિયામાં એક કાર્યક્રમ દરમિયાન બલુચિસ્તાનને પાકિસ્તાનથી અલગ ગણાવ્યું હતું, ત્યારબાદ કથિત રીતે તેની સામે આ કાર્યવાહી કરવામાં આવી હતી.

લેટરમાં જણાવાયું છે કે પાકિસ્તાન સરકારે સલમાનને આતંકવાદ વિરોધી અધિનિયમ 1997ની ચોથી યાદીમાં મૂક્યો છે. આ યાદીમાં આતંકવાદમાં સંડોવાયેલા હોવાની શંકાસ્પદ વ્યક્તિઓની યાદી છે.બલુચિસ્તાનને પાકિસ્તાનથી અલગ ગણાવ્યું હતું, ત્યારબાદ પાકિસ્તાની મીડિયામાં સલમાન ખાનની ભારે ટીકા થઈ હતી.

જોકે, કેટલાક મીડિયા રિપોર્ટ્સ આ સમાચારને ખોટા ગણાવ્યા છે. બલુચિસ્તાન અંગે સલમાન ખાનનું નિવેદન 17 ઓક્ટોબરે આપવામાં આવ્યું હતું, જ્યારે લેટર 16 ઓક્ટોબરનો છે. વધુમાં, પાકિસ્તાન સરકાર દ્વારા આ જ નંબર સાથેનો બીજો લેટર જારી કરવામાં આવ્યો હતો. આ બધાને જોતા દાવો કરવામાં આવી રહ્યો છે કે આ લેટર ફેક છે.

સલમાન, શાહરૂખ ખાન અને આમિર ખાન સાથે 17 ઓક્ટોબરના રોજ રિયાધમાં ’જોય ફોરમ 2025’ માં ભારતીય ફિલ્મોની લોકપ્રિયતા પર બોલી રહ્યા હતા. આ દરમિયાન તેમણે કહ્યું કે જો તમે અહીં હિન્દી ફિલ્મ રિલીઝ કરશો તો તે સુપરહિટ થશે. તમિલ, તેલુગુ કે મલયાલમ ફિલ્મો પણ સેંકડો કરોડ કમાઈ શકે છે, કારણ કે બલુચિસ્તાન, અફઘાનિસ્તાન અને પાકિસ્તાનના લોકો અહીં કામ કરે છે.

આ નિવેદનમાં સલમાને બલુચિસ્તાનને પાકિસ્તાનથી અલગ ગણાવ્યું હતું, ત્યારબાદ પાકિસ્તાની મીડિયામાં સલમાન ખાનની ભારે ટીકા થઈ હતી.

કેટલાક બલૂચ નેતાઓએ સલમાન ખાનના નિવેદનની પ્રશંસા કરી છે. બલૂચ નેતા મીર યાર બલોચે કહ્યું, ‘બલુચિસ્તાનને એક અલગ ઓળખ આપીને, સલમાને 60 મિલિયન બલૂચ લોકોના દિલ જીતી લીધા છે. આ આપણો અવાજ દુનિયા સુધી પહોંચાડવા જેવું છે.‘


બલુચિસ્તાન પાકિસ્તાનનો સૌથી મોટો પ્રાંત છે, છતાં તેના લોકો તેમની મૂળભૂત જરૂરિયાતો પૂરી કરવા માટે સતત સંઘર્ષ કરે છે. પાકિસ્તાની સેના પર લોકોની કાયદેસર માંગણીઓને દબાવવા માટે બળનો ઉપયોગ કરવાનો આરોપ છે.

### BLA બલુચિસ્તાન માટે લડી રહ્યું છે

બલૂચ લિબરેશન આર્મી (BLA) લાંબા સમયથી પાકિસ્તાન સરકાર સામે લડી રહી છે. બ્રિટિશ માનવાધિકાર કાર્યકર્તા પીટર ટેશેલ માને છે કે પાકિસ્તાન બલુચિસ્તાનની સ્વતંત્રતામાં વિલંબ કરી શકે છે, જોકે તેને કાયમ માટે રોકી શકાતું નથી.

આ દરમિયાન બલૂચ લેખક મીર યાર કહે છે કે બલૂચિસ્તાન હવે સ્વતંત્રતાથી માત્ર બે ડગલાં દૂર છે. તેઓ 1971 માં બાંગ્લાદેશની પરિસ્થિતિની તુલના કરતા કહે છે કે પાકિસ્તાનની સૈન્ય અને ગુપ્તચર એજન્સીઓ આ વાસ્તવિકતા સહન કરી શકતી નથી.

### સલમાનને આતંકી ગણાવનાર લેટર



TO BE SUBSTITUTED IN THE NEXT ISSUE OF BALOCHISTAN GAZETTE

GOVERNMENT OF BALOCHISTAN
HOME DEPARTMENT
(Judicial Section-II)
Quetta 16th October, 2025

NOTIFICATION

No.SO(Judl:II)8(1)/2025/ATA/5995-6018. WHEREAS, the District intelligence Coordination Commitee (DICC), Kech at Turbat, vide letter No.10520-545/DICCIIB, dated 07th October, 2025, has recommended the placement of the following names in the Fourth Schedule of the Anti-Terrorism Act, 1997 (ATA. 1997), being affiliated/ concerned with activities related to terrorism: -

| S # | Name & Parentage | CNIC | Address | Sect | Org | Reason/ Remarks |
|---|---|---|---|---|---|---|
| 1. | Abdul Rashid Salim Salman Khan alias Salman Khan | 52203-000000 | Mumbai, India | Sunni | Film | Azad Balochistan Facilitator |

### તે નંબરથી જાહેર અન્ય લેટર

TO BE SUBSTITUTED IN THE NEXT ISSUE OF BALOCHISTAN GAZETTE

GOVERNMENT OF BALOCHISTAN
HOME DEPARTMENT
(Judicial Section-II)
Quetta 16th October, 2025

NOTIFICATION

No.SO(Judl:II)8(1)/2025/ATA/5995-6018. WHEREAS, the District Intelligence Coordination Committee (DICC), Kech at Turbat, vide letter No.10520-545/DICC/IB, dated 07th October, 2025, has recommended the placement of the following names in the Fourth Schedule of the Anti-Terrorism Act, 1997 (ATA. 1997), being affiliated/ concerned with activities related to terrorism: -

| S # | Name & Parentage | CNIC | Address | Sect | Org | Reason/ Remarks |
|---|---|---|---|---|---|---|
| 1. | Naz Gul w/o Daulat Ali | | | Sunni | BYC | BYC Facilitator |
| 2. | Dr. Shalee Assa @ (Dr. Shali) d/o Muhammad Assa | | | Sunni | Baloch Women Forum (BWF) | BWF Facilitator |
| 3. | Syed Bibi Sharif d/o Mula Bakhsh | | | Sunni | BYC | BYC Platform |



# ‘ધનશ્રીએ સાપ જેવું વર્તન કર્યું છે’

## અરબાઝ પટેલ કોરિયોગ્રાફર પર ભડક્યો, કહ્યું- ‘મિત્રતાનો ડોળ કરીને મારી પીઠ પાછળ ઘણી વાતો કરી છે ’

(એજન્સી) મુંબઇ । તા. 27

ક્રિકેટર યુઝવેન્દ્ર ચહલ સાથે છૂટાછેડા બાદથી કોરિયોગ્રાફર અને સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર ધનશ્રી વર્મા ચર્ચામાં છે. તાજેતરમાં તે રિયાલિટી શો ’રાઈઝ એન્ડ ફોલ’માં જોવા મળી હતી. શોમાં તેની એક્ટર- મોડલ અરબાઝ પટેલ સાથે સારી મિત્રતા જોવા મળી હતી. જોકે, શો દરમિયાન બંનેની ફ્રેન્ડશિપમાં ખટાશ આવવા લાગી હતી. ત્યારે હવે શો પૂરો થયા બાદ અરબાઝ પટેલે ધનશ્રી પર ગંભીર આરોપ લગાવ્યા છે અને ગુસ્સો ઠાલવ્યો છે.

તાજેતરમાં અરબાઝ પટેલને ’ઈન્સ્ટન્ટ બોલિવૂડ’ (એન્ટરટેઈનમેન્ટ વેબસાઈટ) સાથેની વાતચીતમાં પૂછવામાં આવ્યું હતું કે, ’શોમાં તમારો કયો એવો મિત્ર હતો, જેણે સાપ જેવું કામ કર્યું છે?’ આ પ્રશ્નનો જવાબ આપતા અરબાઝે ધનશ્રીનું નામ લીધું.

અરબાઝે કહ્યું, ’શોમાં જ્યારે પવનભાઈ અને નયનદીપ ઊભા હતા, ત્યારે તેણે કહ્યું કે, ’હું સૌથી વધુ પવન પર વિશ્વાસ કરું છું, બીજા કોઈ પર નહીં.’ પછી તેણે મારી પાસે આવીને કહ્યું કે, ’તમે જ એક માત્ર વ્યક્તિ છો, જેના પર હું વિશ્વાસ કરું છું.’ ત્યારબાદ તે અર્જુન (બિજલાણી) પાસે ગઈ અને કહ્યું કે, ’અર્જુન તમે ફર્સ્ટ રેન્કના હકદાર છો.’ તેથી મને સમજાતું નથી કે, આ બધું શું ચાલી રહ્યું છે.’

મોડલે વધુમાં કહ્યું, ’જ્યારે કિકૂભાઈ સાથે મારે બોલાચાલી થઈ, કિકૂભાઈ રડી રહ્યા હતા, હું તેમને સોરી કહી રહ્યો હતો. ત્યારે તેણે મિત્ર હોવા છતાં કહ્યું કે, ’અરબાઝ તું ખોટો છે.’ ત્યારે ધનશ્રીએ બોલવું જોઈતું હતું કે, કિકૂભાઈ મારી અને અરબાઝની વાત થઈ હતી, ત્યારે અરબાઝે કહ્યું હતું કે હું નથી ઈચ્છતો કે ઝઘડો થઈ જાય. એ પણ ખોટો નથી કિકૂભાઈ. તેને પણ ખોટું લાગ્યું છે. તેણે સોરી પણ કહ્યું હતું. અને અત્યારે પણ એ તમારી માફી માંગી રહ્યો છે. પણ આના બદલે તે ત્યાં મને ખોટો પાડી રહી હતી.’

તેણે ઉમેર્યું, ’તે શોમાં કહી રહી હતી કે તેણે મારી માટે સ્ટેન્ડ લીધો છે. હવે જ્યારે હું બહાર આવીને શો જોઈ રહ્યો છું, ત્યારે મને ખબર પડી છે કે તેણે ક્યાં મારું સ્ટેન્ડ લીધું છે? હા, મારી આંખોમાં સમસ્યા થઈ, ત્યારે તેણે મારી સંભાળ રાખી તેના માટે હું તેનો આભારી છું. પણ તેણે શોમાં મારી પીઠ પાછળ ઘણી વાતો કરી છે. ધનશ્રીએ શોમાં અર્જુન બિજલાણીને નંબર વન ખેલાડી કહેતા અરબાઝ તેના પર ગુસ્સે થયો હતો. બંને વચ્ચે દલીલ થઈ હતી અને ધનશ્રી રડતી પણ જોવા મળી હતી.

ધનશ્રીએ શોમાં અરબાઝને કહ્યું, ’જ્યારે તું બેઝમેન્ટમાં ગયો હતો, ત્યારે લોકોએ મને કહ્યું હતું કે, તે નીચે ગયો તે સારું થયું. મને ખૂબ ખરાબ લાગ્યું હતું, છતાં પણ મેં તમારો સાથ છોડ્યો નથી.’ તેના પર અરબાઝે જવાબ આપ્યો, ’તમે તો સીધું કહી દીધું કે અર્જુન મારા કરતા સારો છે. હું એવી મિત્રતા જાળવી રાખું છું કે, ભલે તમે ખોટા હોવ, હું હજી પણ તમારી સાથે ઉભો છું.’

પછી, ધનશ્રી ભાવુક થઈ ગઈ અને કહ્યું, ’મેં મિત્રતા નિભાવી, પરંતુ જો તમારો આ જ વિચાર છે, તો ઠીક છે. મને લાગે છે કે મેં આ મિત્રતાના સંબંધમાં જરૂરિયાત કરતાં વધુ પ્રયત્નો કર્યા છે, હવે હું પાછળ હટવા માંગુ છું.’

ધનશ્રીએ નામ લીધા વિના પૂર્વ પતિ યુઝવેન્દ્ર ચહલ વિશે પણ વાત કરી. તેણે કહ્યું કે, તેણે તેનો પાર્ટનર ખોટો હોવા છતાં પણ તેને ટેકો આપ્યો હતો અને પછીથી તેને પસ્તાવો થયો હતો, તેથી તે એ જ ભૂલનું પુનરાવર્તન કરવા માંગતી નથી.

# સતીશ શાહને યાદ કરતા ભાવુક થયો સલમાન ખાન

## તસવીર શેર કરી કહ્યું - હું તમને 15 વર્ષની ઉંમરથી ઓળખું છું, તમે ખૂબ જ સુંદર જીવન જીવ્યા...

(એજન્સી) મુંબઇ । તા. 27

બોલિવૂડના વરિષ્ઠ એક્ટર સતીશ શાહનું 25 ઓક્ટોબરના રોજ 74 વર્ષની વયે અવસાન થયું. એક્ટર કિડનીની સમસ્યાથી પીડાતા હતા. તેમના નિધન બાદ, સલમાન ખાને ભાવનાત્મક શ્રદ્ધાંજલિ આપી અને યાદ કર્યા. સતીશ શાહ સાથે સલમાને ઘણી બધી ફિલ્મોમાં કામ કર્યું છે.

સલમાન ખાને પોતાના ઓફિશિયલ X એકાઉન્ટ (અગાઉ ટ્વિટર) પર ફિલ્મ ’જુડવા’ના સેટ પરથી સતીશ શાહ સાથેનો એક ફોટો શેર કર્યો. તેણે કેપ્શનમાં લખ્યું:

હું તમને 15 વર્ષની ઉંમરથી ઓળખું છું, તમે ખૂબ જ સુંદર જીવન જીવ્યા છો. તમારા આત્માને શાંતિ મળે. સતીશ જી, અમને તમારી યાદ આવશે. નોંધનીય છે કે સલમાન ખાને સતીશ શાહ સાથે લગભગ પાંચ ફિલ્મોમાં કામ કર્યું છે. 1997માં આવેલી ફિલ્મ ’જુડવા’માં સલમાન ખાને ડબલ રોલ ભજવ્યો હતો, જ્યારે સતીશ શાહે ફિલ્મમાં કોન્સ્ટેબલની ભૂમિકા ભજવી હતી. વધુમાં, બ્લોકબસ્ટર હિટ ફિલ્મ ’હમ આપકે હૈ કૌન’માં, સતીશ શાહે સલમાનની ઓનસ્ક્રીન ગર્લફ્રેન્ડ સોનાલી બેન્દ્રે (પ્રીતિ)ના પિતાની ભૂમિકા ભજવી હતી. સતીશ શાહનું 25 ઓક્ટોબરના રોજ મુંબઈમાં અવસાન થયું. તેમના મેનેજરે જણાવ્યું કે- શનિવારે બપોરે લગભગ 2 વાગ્યે, તેઓ લંચનો પહેલો કોળિયો ખાધા પછી બેહોશ થઈ ગયા હતા. અડધા કલાક બાદ એમ્બ્યુલન્સ ઘરે પહોંચી અને હોસ્પિટલમાં પહોંચતા જ ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા’ તેમના મૃત્યુની સવારે, તેમણે



એક સેલ્ફી લીધી અને ફિલ્મ નિર્માતા વિવેક શર્માને મોકલી. ફોટા સાથે, તેમણે ફિલ્મ નિર્માતાને એક સંદેશ મોકલ્યો, જેમાં લખ્યું, ‘જુઓ, મેં 20-22 કિલો વજન ઘટાડ્યું છે. હું હવે ખૂબ જ સુંદર દેખાઉં છું.‘ સતીશ શાહ નવેમ્બરમાં ફિલ્મ નિર્માતા વિવેક શર્મા સાથે એક પ્રોજેક્ટનું શૂટિંગ કરવાના હતા. સતીશ શાહ 50 વર્ષથી આ ઉદ્યોગનો ભાગ હતા.

સતીશ શાહ ટીવી શો ’સારાભાઈ વર્સેસ સારાભાઈ’થી પ્રખ્યાત થયા. તે ’મૈં હૂં ના’ (2004), ’કલ હો ના હો’ (2003), ’ફના’ (2006), અને ’ઓમ શાંતિ ઓમ’ (2007) સહિત અનેક લોકપ્રિય ફિલ્મોમાં પણ દેખાયા છે. 2008 માં, તેમણે અર્ચના પૂરણ સિંહ સાથે ટીવી શો કોમેડી સર્કસમાં જજ તરીકે કામ કર્યું હતું.

# સતીશ શાહની ચિતા સામે ‘સારાભાઈ vs સારાભાઈ’ની ટીમે ગીત ગાઈને આપી શ્રદ્ધાંજલિ, સૌ કોઈ થયા ભાવુક

મુંબઇ : કિડની ફેલ થવાના કારણે 25 ઓક્ટોબરે મુંબઈમાં 74 વર્ષની વયે અવસાન પામેલા દિગ્ગજ અભિનેતા સતીશ શાહને, ‘સારાભાઈ વર્સીસ સારાભાઈ’ના કલાકારોએ ભાવુક વિદાય આપી. જેમાં રૂપાલી ગાંગુલી, સુમીત રાઘવન, રાજેશ કુમાર, જે.ડી. મજેઠિયા, દેવેન ભોજાણી સહિતના કલાકારોએ સતીશ શાહના પાર્થિવ દેહ સામે ઊભા રહ્યા અને શોનું ટાઈટલ ટ્રેક ગાઈને તેમણે પોતાના પ્રિય સહ-કલાકારને અંતિમ અલવિદા કહ્યું. જ્યારે તેમણે ‘સારાભાઈ વર્સીસ સારાભાઈ’ શોનું ટાઈટલ ટ્રેક ગાયું, ત્યારે રૂપાલી ગાંગુલી ધ્રુસકે ધ્રુસકે રડી પડી. તે બેસૂધ થઈને રડતા જોવા મળી અને જે.ડી. મજેઠિયા તેને દિલાસો આપતા જોવા મળ્યા.



રાજેશ કુમાર અને સુમીત પણ સતીશ શાહના પાર્થિવ દેહ સામે પ્રાર્થના કરતી વખતે રડી પડ્યા હતા. દેવેને ઈન્સ્ટા પર આ ભાવનાત્મક વીડિયો શેર કરીને લખ્યું કે, ‘કદાચ આ પાગલપન, ડાર્ક અથવા વિચિત્ર લાગી શકે છે. પણ જ્યારે પણ અમે મળતા હતા, ત્યારે આ ગીત ગાતા હતા. આજે પણ અમે આ નિયમને તોડ્યો નહીં. અમને એવો અનુભવ થયો કે ઈન્દુ પોતે જ અમને આ ગીત ગાવા માટે કહી રહ્યા છે અને અમારી સાથે જોડાઈ રહ્યા છે. સતીશ શાહજી, તમારી આત્માને શાંતિ મળે. મને ખુશી છે કે મેં તમને ‘સારાભાઈ વર્સીસ સારાભાઈ’ શોમાં ડાયરેક્ટ કર્યા. તમે હંમેશા અમારા દિલમાં જીવંત રહેશો.’‘સારાભાઈ વર્સીસ સારાભાઈ’ના તમામ કલાકારો એકબીજા સાથે ગાઢ સંબંધ ધરાવે છે અને હંમેશા એકબીજાની ખૂબ નજીક રહ્યા છે. તેઓ અવારનવાર ખાસ પ્રસંગોએ મળતા હતા અને સાથે સમય વિતાવવાનું પસંદ કરતા હતા. કલાકારોનો સતીશ શાહની પત્ની મધુ શાહ સાથે પણ સારો સંબંધ હતો.

# ભારત ટેસ્ટ સિરીઝ માટે સા.આફ્રિકાની જાહેરાત

## ટીમમાં યુવા અને અનુભવી બંને ખેલાડીઓનો સમાવેશ કરવામાં આવ્યો

(એજન્સી) નવી દિલ્હી । તા. 27



સાઉથ આફ્રિકાની ટીમ બે ટેસ્ટ મેચની સિરીઝ રમવા માટે ભારતનો પ્રવાસ કરશે. બંને ટીમો વચ્ચે પહેલી ટેસ્ટ મેચ 14 નવેમ્બરથી શરૂ થશે. આ સિરીઝ માટે સાઉથ આફ્રિકાની ટીમની જાહેરાત કરવામાં આવી છે. ટેમ્બા બાવુમા ટીમની કેપ્ટનશીપ કરશે. ટીમમાં કુલ 15 ખેલાડીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

### ટેમ્બા બાવુમા ફર્યો પરત

સાઉથ આફ્રિકાએ તાજેતરમાં પાકિસ્તાન સામે 2 ટેસ્ટ મેચની સિરીઝ રમી હતી, જે ટેમ્બા બાવુમા ઈજાને કારણે ચૂકી ગયો હતો. તે હવે ટેસ્ટ ટીમમાં પાછો ફર્યો છે. તેની કેપ્ટનશીપમાં આફ્રિકન ટીમે 2025ની વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલ જીતી હતી. પાકિસ્તાન સામે ટીમની કેપ્ટનશીપ કરનાર એડન માર્કરામને પણ ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે.

### સાઉથ આફ્રિકાના કોચે આ વાત કહી

ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચેની પહેલી ટેસ્ટ મેચ 14 નવેમ્બરથી કોલકાતાના ઐતિહાસિક ઈડન ગાર્ડન્સ ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમાશે. બીજી મેચ 22 નવેમ્બરથી ગુવાહાટી ગ્રાઉન્ડ પર રમાશે. સાઉથ આફ્રિકાના મુખ્ય કોચ સુશ્રી કોનરાડે કહ્યું કે "અમે પાકિસ્તાન સામેની સિરીઝમાં રમનારા મોટાભાગના ખેલાડીઓને તકો આપી છે. સિરીઝમાં પાછળ પડ્યા પછી આ ખેલાડીઓએ ત્યાં સારું પ્રદર્શન કર્યું અને સિરીઝ બરાબર કરવા માટે સખત મહેનત કરી. અમને ભારતમાં પણ આવા જ પડકારનો સામનો કરવાની અપેક્ષા છે અને તે પરિસ્થિતિઓમાં ટકી રહેલા ઘણા ખેલાડીઓ ફરી એકવાર અમારા માટે મહત્વપૂર્ણ સાબિત થશે."

### સા.આફ્રિકાની ટીમમાં 3 સ્પિનરો

ભારત સામેની ટેસ્ટ સિરીઝ માટે સિમોન હાર્મર, કેશવ મહારાજ અને સેનુરન મુથુસામી ત્રણ મુખ્ય સ્પિનરોને સામેલ કરવામાં આવ્યો છે. કાગીસો રબાડા પેસ આક્રમણનું નેતૃત્વ કરે તેવી અપેક્ષા છે, જેમાં કોર્બિન બોશ, માર્કો જેન્સન અને વિઆન મુલ્ડર તેમને ટેકો આપવા માટે તૈયાર છે.

### ભારત સામેની ટેસ્ટ માટે સાઉથ આફ્રિકાની ટીમ

ટેમ્બા બાવુમા (કેપ્ટન), એડન માર્કરામ, રિયાન રિકલ્ટન, ટ્રિસ્ટન સ્ટબ્સ, કાયલ વેરિન, ડેવાલ્ડ બ્રેવિસ, ઝુબેર હમઝા, ટોની ડી જોરજી, કાર્બીન બોશ, વિઆન મુલ્ડર, માર્કો જાનસેન, કેશવ મહારાજ, સેનુરન મુથુસામી, કગીસો રબાડા, સાઈમન હાર્મર.

ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે ટેસ્ટ સિરીઝનો સંપૂર્ણ શેડ્યુલ
નવેમ્બર 14-18, ઈડન ગાર્ડન્સ, કોલકાતા
22 - 26 નવેમ્બર, એસીએ સ્ટેડિયમ, ગુવાહાટી

## હવે સમજાઈ ગયું છે કે બાકીના કરિયરમાં શું કરવું

# ઑસ્ટ્રેલિયા વનડે સીરિઝ બાદ રોહિત શર્માનું મોટું નિવેદન

(એજન્સી) નવી દિલ્હી । તા. 27



ભારતીય ટીમના પૂર્વ કેપ્ટન રોહિત શર્માએ ઓસ્ટ્રેલિયા પ્રવાસ દરમિયાન તેનું બેટ જોરદાર પ્રદર્શન કર્યું, જે ટીમ માટે તેની યોગ્યતા સાબિત કરે છે. રોહિતે 223 દિવસ પછી ભારતીય ટીમ માટે મેચ રમી. પર્થમાં રોહિત સસ્તામાં આઉટ થયો હતો, પરંતુ તેણે એડિલેડ ODI માં અડધી સદી ફટકારી હતી, જ્યારે સિડનીમાં તેણે અણનમ સદી સાથે ભારતને ક્લીન સ્વીપથી બચાવ્યું હતું.

### રોહિત શર્મા બન્યો હતો પ્લેયર ઓફ ધ સીરિઝ

રોહિતે મે મહિનામાં IPL 2025 પછી કોઈ સ્પર્ધાત્મક ક્રિકેટ રમી ન હતી. તેણે ઓસ્ટ્રેલિયા પ્રવાસ પર આવતા પહેલા સખત તાલીમ લીધી હતી. તેણે ઓસ્ટ્રેલિયામાં પોતાની સફળતાનો શ્રેય આ તૈયારીને આપ્યો હતો. ઓસ્ટ્રેલિયાએ ભારત સામે 2-1થી સીરિઝ જીતી હતી, પરંતુ ભારતીય ચાહકો રોહિત અને વિરાટ કોહલીને રન બનાવતા જોઈને આનંદ થયો. રોહિતને તેની શાનદાર બેટિંગ માટે પ્લેયર ઓફ ધ સીરિઝ તરીકે પસંદ કરવામાં આવ્યો હતો.

### 'હવે સમજાઈ ગયું છે કે બાકીના કરિયરમાં શું કરવું'

રોહિતે BCCIની વેબસાઈટ પર કહ્યું, 'જ્યારથી મેં રમવાનું શરૂ કર્યું છે, ત્યારથી મને સીરિઝની તૈયારી માટે ચારથી પાંચ મહિનાનો સમય મળ્યો નથી, તેથી હું તેનો ઉપયોગ કરવા માંગતો હતો. હું મારી રીતે મારી પોતાની શરતો પર બધું કરવા માંગતો હતો, અને તે મારા માટે ખરેખર સારું હતું. કારણ કે હું સમજી ગયો હતો કે મારે બાકીના કરિયર માટે શું કરવાની જરૂર છે. તે સમયનો ઉપયોગ કરવો જરૂરી હતો કારણ કે, જેમ મેં પહેલા કહ્યું હતું, મારી પાસે પહેલાં ક્યારેય આટલો સમય નહોતો, અને મેં ઘરે જ સારી તૈયારી કરી હતી.'

તેણે વધુમાં આગળ કહ્યું કે, એટલે અહીં આવ્યા પહેલા મેં જે રીતે તૈયારી કરી હતી તેને ઘણો શ્રેય આપું છું. મેં મારી જાતને ઘણો સમય આપ્યો હતો. તે ખૂબ જ મહત્ત્વપૂર્ણ હતું કારણ કે ક્યારેક તમારે સમજવાની જરૂર હોય છે કે, જીવનમાં તમે વ્યવસાયિક રીતે જે કરો છો તેના કરતાં ઘણું કરવાનું છે, પરંતુ મારી પાસે ઘણો સમય હતો, તેથી મેં તેનો ઉપયોગ કર્યો.'

### સિડનીને અલવિદા... ભારત પરત ફરતા પહેલા હિટમેન રોહિત શર્માની ભાવુક પોસ્ટ વાઈરલ

ઓસ્ટ્રેલિયા સામે ટીમ ઈન્ડિયાની ત્રણ મેચની વનડે સીરિઝ પૂરી થઈ, આ સીરિઝ ઓસ્ટ્રેલિયાએ જીતી પણ આકર્ષણનું કેન્દ્ર ROKO જોડી રહી છે. ટીમ ઈન્ડિયાના પૂર્વ કેપ્ટન રોહિત શર્માને આ સીરિઝમાં પ્લેયર ઓફ ધ સીરિઝ જાહેર કરવામાં આવ્યો. તેણે અણનમ રહી સદી ફટકારી હતી. વિરાટ કોહલી પણ અંતિમ મેચમાં દમદાર રમી ચાહકોનું દિલ જીતી લીધુ હતું. રોહિત અને વિરાટ કોહલી જે રીતે રમ્યા તેનાથી 2027 વર્લ્ડ કપ માટે તેમની આશા જીવંત રહી. હવે, આ સીરિઝ પછી, રોહિત શર્મા ઘરે પરત ફર્યો છે. ઘરે પાછા ફરતા પહેલાં તેણે પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક ભાવનાત્મક પોસ્ટ પોસ્ટ કરી હતી. આ પોસ્ટમાં, તેણે લખ્યું, 'છેલ્લી વખત સિડનીને ગુડબાય.' ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની ત્રીજી વનડે સિડનીમાં રમાઈ હતી, જ્યાં રોહિતે અણનમ સદી ફટકારી અને ભારતને 9 વિકેટથી વિજય અપાવ્યો હતો.

# પૃથ્વી શૉએ દમદાર 29 ચોગ્ગા, 5 છગ્ગા સાથે 222 રન ફટકાર્યા

## પૃથ્વી શૉની બીજી સૌથી ઝડપી બેવડી સદી, શૉ ઝીરોમાં રનઆઉટથી શરૂઆત

(એજન્સી) નવી દિલ્હી । તા. 27



રણજી ટ્રોફી 2025-26માં મહારાષ્ટ્રની ટીમ પોતાની બીજી મેચ ચંદીગઢ સામે રમી રહી છે. ચંદીગઢના સેક્ટર-16માં રમાઈ રહેલી આ એલીટ ગ્રૂપ-બીની મેચમાં મહારાષ્ટ્રના બેટર્સે ધુઆંધાર બેટિંગ કરી ચંદીગઢને હંફાવી દીધા છે. જેમાં મહારાષ્ટ્રના બેટર પૃથ્વી શૉએ આકર્ષણ જમાવ્યું છે. પૃથ્વી શૉએ માત્ર 156 બોલમાં 222 રન ફટકારી બોલર્સને હંફાવ્યા હતા.

પૃથ્વી શૉની ધુઆંધાર બેટિંગથી ચંદીગઢની ટીમ ચોંકી ગઈ હતી. શૉએ 29 ચોગ્ગા અને પાંચ છગ્ગા ફટકારી 222 રન ફટકાર્યા હતા. તેણે માત્ર 141 બોલમાં જ બે સદી ફટકારી રેકોર્ડ સર્જ્યો હતો. આ ટૂર્નામેન્ટમાં એલિટ ગ્રૂપમાં અત્યારસુધી બીજી સૌથી ઝડપી બેવડી સદી બની હતી. અગાઉ રવિ શાસ્ત્રીએ 1984-85માં માત્ર 123 બોલમાં બેવડી સદી ફટકારી હતી.

પૃથ્વી શૉની તોફાની બેટિંગના જોર પર મહારાષ્ટ્રે પોતાના બીજા દાંવમાં ત્રણ વિકેટમાં 359 રન ફટકાર્યા હતા. જેમાં 222 રન તો માત્ર પૃથ્વીના જ હતાં. પૃથ્વી શૉની આ ઈનિંગ્સમાં સ્ટ્રાઈક રેટ 142.30નો રહ્યો છે. પૃથ્વીના ફર્સ્ટ ક્લાસ કરિયરની આ 14મી સદી રહી. મહારાષ્ટ્રે આ મુકાબલામાં પોતાની પ્રથમ ઈનિંગમાં 319 રન બનાવ્યા હતાં. ચંદીગઢ પોતાની પ્રથમ ઈનિંગમાં 203 રનમાં સમેટાઈ ગઈ. ચંદીગઢ સામે જીત માટે 464 રનનો ટાર્ગેટ છે. 25 વર્ષીય શૉ પાછલી સીઝન સુધી મુંબઈનો ભાગ રહ્યો હતો. આ સીઝનમાં તે મહારાષ્ટ્રની ટીમમાંથી રમી રહ્યો છે. પ્રથમ ઈનિંગમાં તે ઝીરો રન પર આઉટ થયો હતો, બાદમાં બીજી ઈનિંગાં 75 રન ફટકાર્યા હતા. તેણે ટીમ ઈન્ડિયા તરફથી પાંચ ટેસ્ટ, 6 વનડે અને 1 ટી20 ઈન્ટરનેશનલ મેચ રમી છે. જેમાં 35.20ની એવરેજમાં 528 રન ફટકાર્યા છે.

# 19 વર્ષની કારકિર્દી, વર્લ્ડકપ વચ્ચે દિગ્ગજે લીધી નિવૃતિ

(એજન્સી) ન્યૂઝીલેન્ડ । તા. 27



ન્યૂઝીલેન્ડની દિગ્ગજ ક્રિકેટર સોફી ડિવાઈને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ લીધી છે. રવિવારે તેણીએ 2025 મહિલા વર્લ્ડ કપમાં ઈંગ્લેન્ડ સામે પોતાની કારકિર્દીની અંતિમ મેચ રમી હતી

ન્યૂઝીલેન્ડની દિગ્ગજ ક્રિકેટર સોફી ડિવાઈને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ લીધી છે. રવિવારે તેણીએ 2025 મહિલા વર્લ્ડ કપમાં ઈંગ્લેન્ડ સામે પોતાની કારકિર્દીની અંતિમ મેચ રમી હતી. ન્યૂઝીલેન્ડ પહેલાથી જ સેમિફાઈનલની દોડમાંથી બહાર થઈ ગયું હતું, પરંતુ સોફી ડિવાઈન વિજયની યાદો સાથે ક્રિકેટને અલવિદા કહી શકી નહીં. ઈંગ્લેન્ડે ન્યૂઝીલેન્ડને 8 વિકેટથી હરાવ્યું હતું. સોફી ડિવાઈનની આંતરરાષ્ટ્રીય કારકિર્દી 19 વર્ષથી વધુ લાંબી હતી. તેણીએ અગાઉ વર્લ્ડ કપ ટુર્નામેન્ટ પછી નિવૃત્તિની જાહેરાત કરી હતી. મેચ પછી તેના સાથી ખેલાડીઓ,વિપક્ષની ટીમના ખેલાડીઓ અને ચાહકોએ તેના પ્રત્યે આદર દર્શાવ્યો હતો

હું ટીમના સભ્યો, સપોર્ટ સ્ટાફ, મીડિયા અને અપોનેન્ટ ટીમનો આભારી છું.આટલા વર્ષોથી ક્રિકેટ રમવાની તક મળી તે સન્માનની વાત છે. મેં આ રમતને સંપૂર્ણપણે અલવિદા કહ્યું નથી; મને ખબર છે કે હું હજુ પણ મેદાન પર રહીશ." તેણીએ કહ્યું હતું કે જ્યારે તેણીએ પોતાની કારકિર્દી શરૂ કરી હતી ત્યારે મહિલા ક્રિકેટને બહુ મહત્વ આપવામાં આવતું ન હતું પરંતુ આજે મહિલા ક્રિકેટ નવી ઊંચાઈઓ પર પહોંચી રહ્યું છે.

# વનડે ક્રિકેટમાં કુલદીપ યાદવે આ સિદ્ધિ હાંસલ કરી

## આવું કરનાર બીજો ભારતીય બોલર બન્યો

(એજન્સી) નવી દિલ્હી । તા. 27



ભારતીય ક્રિકેટર કુલદીપ યાદવ હવે અનિલ કુંબલેના કબલમાં જોડાયો છે.જેમાં ઝહીર ખાન અને મોહમ્મદ શમી જેવા દિગ્ગજોનો પણ સમાવેશ થાય છે


ભારતીય ક્રિકેટર કુલદીપ યાદવ હવે અનિલ કુંબલેના કબલમાં જોડાયો છે.જેમાં ઝહીર ખાન અને મોહમ્મદ શમી જેવા દિગ્ગજોનો પણ સમાવેશ થાય છે. હાલમાં જ કુલદીપ યાદવે પોતાના વનડે કરિયરમા 150 વિકેટ પૂર્ણ કરી છે અને તેવું કરનારો તે ભારતનો બીજો બોલર બન્યો છે. તેમની આ ઉપલબ્ધિએ ભારતીય ક્રિકેટના ઈતિહાસમાં એક નવી સિધ્ધી જોડી દીધી છે. કુલદીપ યાદવે વનડેમાં માત્ર 88 મેચમાં 150 વિકેટ લઈને લિસ્ટમાં બીજુ સ્થાન હાંસિલ કર્યુ છે.તેમના આ શાનદાર પ્રદર્શનના કારણે તેમને ટીમમાં સ્થાન મજબૂત કર્યું છે.જેમાં એશિયા કપ અને વર્લ્ડ કપમાં કુલદીપએ ટૂનામેન્ટમાં ભારતીય ટીમ માટે વિકેટ લીધી હતી.

### મોહમ્મદ શમી ટોપ પર

મોહમ્મદ શમી સૌથી ઝડપી 150 વિકેટ લેનાર ભારતીય બોલર છે. તેણે માત્ર 80 મેચમાં આ સિદ્ધિ મેળવી. શમી તેની ઝડપી ગતિ અને સચોટ લાઈન અને લેન્થ માટે જાણીતો છે. જોકે તે હાલમાં ટીમની બહાર છે, તેમનો રેકોર્ડ હજુ સુધી કોઈ ભારતીય બોલર તોડી શક્યો નથી.

# વર્લ્ડકપ 2027ની ટીમમાં અત્યારથી લખી નાંખો રોહિત અને વિરાટનું નામ : ગાવસ્કર

(એજન્સી) નવી દિલ્હી । તા. 27



વર્તમાન ક્રિકેટ કોમેન્ટેટર અને પૂર્વ ભારતીય ક્રિકેટર સુનીલ ગાવસ્કરે BCCIને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, અત્યારથી જ વર્લ્ડ કપ 2027 ટીમમાં રોહિત શર્મા અને વિરાટ કોહલીનું નામ લખી દો. ગાવસ્કરે કહ્યું છે કે, જો તેઓ વર્લ્ડ કપ 2027 માટે ઉપલબ્ધ હોય, તો તેમને સીધી ટીમમાં એન્ટ્રી મળવી જોઈએ. ઓસ્ટ્રેલિયામાં, રોહિત શર્માએ અડધી સદી પછી સદી ફટકારી અને પ્લેયર ઑફ ધ મેચ તેમજ પ્લેયર ઑફ ધ સિરીઝ તરીકે પસંદ કરવામાં આવ્યા, જ્યારે વિરાટ કોહલીએ સતત બે મેચમાં શૂન્ય રન પર આઉટ થયા બાદ 74 રનની અણનમ ઈનિંગ રમી હતી.

સુનીલ ગાવસ્કરે સિડનીમાં ત્રીજી વનડેમાં ભારતની જીત બાદ મીડિયા સાથે વાત કરતાં કહ્યું કે, 'બંનેએ દબાણથી ભરેલી મેચમાં પોતાની ક્લાસ અને નિર્ણય લેવાની ક્ષમતા બતાવી છે. જે ક્ષણે તેને આ પ્રવાસ માટે ઉપલબ્ધ કરાવ્યો, તે સ્પષ્ટ થઈ ગયું કે, તે 2027 વર્લ્ડ કપ માટે ત્યાં રહેવા માંગે છે. આગળ ગમે તે થાય, તે રન બનાવે કે ન બનાવે, તેની પાસે રહેલી ક્ષમતા અને અનુભવ સાથે જો તે ઉપલબ્ધ હોય, તો તેની ટીમમાં હોવાની ખાતરી કરો."

આ ઉપરાંત તેમણે ભારપૂર્વક એમ પણ કહ્યું કે, 'આ પ્રકારના ફોર્મ સાથે તમે તેનું નામ સીધું દક્ષિણ આફ્રિકા 2027 વર્લ્ડ કપ ટીમમાં લખી શકો છો.' રોહિત શર્માએ પર્થ મેચમાં 8 રન બનાવ્યા હતા, જ્યારે વિરાટ કોહલી પોતાનું ખાતું ખોલવામાં નિષ્ફળ ગયો હતો. એ પછી એવું કહેવામાં આવ્યું હતું કે, રોહિત અને વિરાટનું કરિયર સમાપ્ત થઈ ગઈ છે, પરંતુ રોહિત શર્માએ એડિલેડમાં બતાવ્યું કે, તે સક્ષમ છે, અને પછી સિડનીમાં રોહિત અને વિરાટની અતૂટ ભાગીદારી જોવા મળી, જેથી ભારતને એકતરફી રીતે મેચ જીતવામાં મદદ મળી.

## નાનકડી ઓરડીમાં રહેતો એક સમયનો ટીમ ઈન્ડિયાનો

# સ્ટાર ક્રિકેટર હવે રહે છે કરોડોના વૈભવી બંગલોમાં

(એજન્સી) નવી દિલ્હી । તા. 27



ઈરફાન પઠાણ આજે પોતાનો 41 જન્મદિવસ ઉજવી રહ્યો છે. ચાલો જાણીએ તેમની સાથે જોડાયેલા કેટલાક ખાસ રેકોર્ડ. તેમજ તેમના પરિવાર વિશે તેમની પત્ની કોણ છે

ઈરફાન પઠાણ આજે પોતાનો 41 જન્મદિવસ ઉજવી રહ્યો છે. ચાલો જાણીએ તેમની સાથે જોડાયેલા કેટલાક ખાસ રેકોર્ડ. તેમજ તેમના પરિવાર વિશે તેમની પત્ની કોણ છે કેટલા બાળકો છે. ઈરફાન પઠાણને એક ભાઈ અને એક બહેન છે. ભાઈ પણ ભારતીય ક્રિકેટમાં પોતાની તાકાત દેખાડી ચૂક્યો છે. પૂર્વ ક્રિકેટરનો જન્મ વડોદરામાં થયો હતો

ઈરફાને 2004ની સાલમાં ભારતીય ટીમમાં પોતાનું સ્થાન બનાવ્યું હતું. ભારતીય ટીમ ઓસ્ટ્રેલિયાના પ્રવાસે હતી. ત્યારે ટીમના સિનીયર બોલર ઈજાગ્રસ્ત હોવાના કારણે ઈરફાનને ટીમમાં રમવાનો મોકો મળ્યો હતો. જેનું ઉત્તમ ઉદાહરણ છે કે એક મેચ દરમ્યાન મહિલાએ ઈરફાન પઠાણને લગ્ન માટે પ્રપોઝ કર્યું હતું.

19 વર્ષની ઉંમરે ઈરફાન પઠાણે 12 ડિસેમ્બર 2003ના રોજ ઓસ્ટ્રેલિયા સામે એડિલેડ ઓવલ ખાતે રમાયેલી ટેસ્ટ મેચ દ્વારા ટીમ ઈન્ડિયામાં પદાર્પણ કર્યું હતું. ઈરફાન ઉત્તરોત્તર પ્રગતિ કરતો રહ્યો. ઈરફાન બોલરની સાથે બેટિંગ પણ સારુ કરી લેતો હોવાથી લોકો કહેતા કે ભારતને બીજો કપીલ દેવ મળી ગયો છે.

## બે વખતની ઓલિમ્પિક મેડલ વિજેતા

# પીવી સિંધુ આ ટુર્નામેન્ટમાંથી બહાર

(એજન્સી) નવી દિલ્હી । તા. 27

બે વખતની ઓલિમ્પિક મેડલ વિજેતા પીવી સિંધુએ 2025માં બાકી રહેલી બધી BWF ટૂર ટુર્નામેન્ટમાંથી ખસી જવાનો નિર્ણય લીધો છે. તેણીએ પગની ઈજામાંથી સંપૂર્ણપણે સ્વસ્થ થવા પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે આ પગલું ભર્યું. બે વખતની ઓલિમ્પિક મેડલ વિજેતા પીવી સિંધુએ 2025માં બાકી રહેલી બધી BWF ટૂર ટુર્નામેન્ટમાંથી ખસી જવાનો નિર્ણય લીધો છે. તેણીએ પગની ઈજામાંથી સંપૂર્ણપણે સ્વસ્થ થવા પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે આ પગલું ભર્યું છે.30 વર્ષીય સ્ટાર શટલર યુરોપિયન લેગ પહેલા પગની ઈજાથી સંઘર્ષ કરી રહી છે.

### સિંધુ BWF ટૂર ટુર્નામેન્ટમાંથી બહાર

સોમવારે જારી કરાયેલા એક નિવેદનમાં,સિંધુએ કહ્યું,મારી ટીમ સાથે વ્યાપક ચર્ચા કર્યા પછી અને ડૉ.પારડીવાલાના માર્ગદર્શન હેઠળ અમે નિર્ણય લીધો છે કે 2025માં બાકી રહેલી BWF ટૂર ટુર્નામેન્ટમાંથી ખસી જવું મારા માટે શ્રેષ્ઠ રહેશે.આનાથી મને સંપૂર્ણપણે સ્વસ્થ થઈને પાછા ફરવાની તક મળશે.સિંધુએ વધુમાં કહ્યું,યુરોપિયન લેગ પહેલા મને લાગેલી પગની ઈજા હજુ સંપૂર્ણપણે સ્વસ્થ નથી.આ સ્વીકારવું સરળ નથી. 2019ની વર્લ્ડ ચેમ્પિયન સિંધુએ ખુલાસો કર્યો કે ડૉ. વેન લોમ્બાર્ડની દેખરેખ હેઠળ તેનું પુનર્વસન અને તાલીમ પહેલાથી જ ચાલી રહી છે. નિશા રાવત, ચેતના અને કોચ ઈર્વસ્યાહ આદિ પ્રતામા તેને ટેકો આપી રહ્યા છે. તેણીએ ઉમેર્યું, ડૉક્ટર સતત સંભાળ,નિશા રાવત અને ચેતનાના સમર્થન અને કોચ ઈર્વસ્યાહના માર્ગદર્શનથી, હું એવા લોકોથી ઘેરાયેલી છું જે મને દરરોજ મજબૂત બનાવે છે. મારામાં તેમનો વિશ્વાસ મારા પોતાના આત્મવિશ્વાસને વધારે છે. હું પહેલા કરતાં વધુ પ્રેરિત, આભારી અને નવા પડકારો સામે આવી રહ્યા છે



### સિંધુ ડિસેમ્બરમાં જોવા મળશે

ઓલિમ્પિકમાં વહેલા બહાર થયા પછી,2025પણ અપેક્ષાઓ પર ખરું ઉતર્યું નહીં. તે ઘણી ટુર્નામેન્ટના પહેલા કે બીજા રાઉન્ડમાં બહાર થઈ ગઈ હતી, જ્યારે ઈન્ડિયા ઓપન સુપર 750 વર્લ્ડ ચેમ્પિયનશિપ અને ચાઈના માસ્ટર્સ સુપર 750માં ક્વાર્ટર ફાઈનલમાં પહોંચવા ગોલ છે.જોકે, તેણીએ ડિસેમ્બરમાં સૈયદ મોદી ઈન્ટરનેશનલ સુપર 300 ટાઈટલ જીતીને વાપસીનો સંકેત આપ્યો.

# વરસાદને કારણે ભારત-બાંગ્લાદેશ મેચ રદ કરાઇ, બંને ટીમને 1-1 પોઈન્ટ મળ્યા

(એજન્સી) નવી દિલ્હી । તા. 27



ભારત અને બાંગ્લાદેશ વચ્ચે મહિલા વર્લ્ડ કપ 2025 ની 28મી અને અંતિમ લીગ મેચ નવી મુંબઈના થિવાઈ પાટિલ સ્ટેડિયમ ખાતે રમાઈ હતી. સતત વરસાદને કારણે આ મેચ રદ કરવામાં આવી હતી. ભારત હવે 30 ઓક્ટોબરે સેમિફાઈનલમાં ઓસ્ટ્રેલિયા સામે ટકરાશે.

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે મહિલા વર્લ્ડ કપ 2025 ની 28મી અને અંતિમ લીગ મેચ નવી મુંબઈના થિવાઈ પાટિલ સ્ટેડિયમ ખાતે રમાઈ હતી. સતત વરસાદને કારણે આ મેચ રદ કરવામાં આવી હતી. ભારત હવે 30 ઓક્ટોબરે સેમિફાઈનલમાં ઓસ્ટ્રેલિયા સામે ટકરાશે. આ મેચમાં ભારતીય કેપ્ટન હરમનપ્રીત કૌરે ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. પહેલા બેટિંગ કરતા બાંગ્લાદેશે 27 ઓવરમાં 9 વિકેટે 119 રન બનાવ્યા હતા, જેનાથી ભારતને યુકવર્થ-લુઈસ પદ્ધતિના આધારે જીત માટે 126 રનનો લક્ષ્યાંક મળ્યો હતો. ભારતીય ટીમે બીજી ઈનિંગમાં 8.4 ઓવરમાં કોઈ નુકસાન વિના 57 રન બનાવ્યા હતા, પરંતુ ફરીથી વરસાદને કારણે મેચ બંધ કરવામાં આવી હતી વરસાદને કારણે મેચમાં વિલંબ થયો અને શરૂઆતમાં મેચનો સમય ઘટાડીને 43-43 ઓવર કરવામાં આવ્યો, પરંતુ ફરીથી વરસાદ (12.2 ઓવર પછી) ને કારણે મેચ 27-27 ઓવર કરવામાં આવી. તેમ છતાં, મેચ પૂર્ણ થઈ શકી નહીં અને ત્યારબાદ તેને રદ કરવામાં આવી. રદ થયા બાદ, બંને ટીમોને એક-એક પોઈન્ટ આપવામાં આવ્યો.

### ભારતની ઈનિંગમાં, મંધાનાએ 34 રન બનાવ્યા

ભારત માટે સ્મૃતિ મંધાના અને અમનજોત કૌરે ઈનિંગની શરૂઆત કરી. મંધાનાએ 27 બોલમાં અણનમ 34 રન બનાવ્યા, જેમાં છ ચોગ્ગાનો સમાવેશ થાય છે, જ્યારે અમનજોત કૌરે બે ચોગ્ગા સાથે અણનમ 15 રન બનાવ્યા. બંનેએ પ્રથમ વિકેટ માટે 57 રનની શાનદાર ભાગીદારી કરી.

### શર્મીને 36 રન બનાવ્યા

બાંગ્લાદેશની ઓપનર સુમૈયા અખ્તરને રેણુકા સિંહે 2 રન બનાવીને આઉટ કરી, જ્યારે રૂબિયા હૈદર ઝેલિકને દીપ્તિ શર્માએ 13 રન બનાવીને આઉટ કરી. નિગાર સુલતાના 9 રન બનાવીને રન આઉટ થઈ. શોભના મોસ્ટારીએ 26 રન બનાવ્યા અને રાધા યાદવે તેમને આઉટ કર્યા. નાહિદાએ 3 રન બનાવ્યા, જ્યારે શર્મીન અખ્તર 36 રન બનાવીને પેવેલિયન પરત ફર્યા. રાબિયા ખાને 2રનમાં પોતાની વિકેટ ગુમાવી.

**નિષ્ફળ પ્રયાસ : 9 કલાકની બેઠક બાદ પણ આ કારણે ન થઈ શકી ડીલ**

# અફઘાનિસ્તાન-પાકિસ્તાન વચ્ચે સમાધાનના પ્રયાસ નિષ્ફળ!

(એજન્સી) પાકિસ્તાન I તા. 27



પાકિસ્તાન અને અફઘાન તાલિબાન સરકાર વચ્ચેનો વિવાદ ઉકેલાયો નથી રહ્યો. બંને દેશો વચ્ચે શાંતિ કરાર માટે વાટાઘાટો આગળ વધી રહી નથી. પાકિસ્તાને તાલિબાન પર હઠીલું વલણ અપનાવવાનો આરોપ મૂક્યો છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, પાકિસ્તાને જણાવ્યું છે કે તાલિબાન પાયાવિહોણી દલીલો કરી રહ્યું છે. જે તદ્દન ખોટી છે. એકંદરે, તૂર્કિયેમાં તાલિબાન અને પાકિસ્તાન વચ્ચે લગભગ નવ કલાક ચાલેલી બેઠક કોઈપણ ઔપચારિક કરાર વિના સમાપ્ત થઈ.

તાજેતરમાં બંને દેશો વચ્ચે સરહદી સંઘર્ષ બાદ બંને દેશો હવે સમાધાન માટે વાટાઘાટો કરી રહ્યા છે. કતાર અને તૂર્કિયે તેમની વચ્ચે મધ્યસ્થી કરાવી રહ્યું છે. શાંતિ વાટાઘાટોનો પ્રથમ રાઉન્ડ કતારની રાજધાની દોહામાં થયો હતો. વાતચીતનો બીજો રાઉન્ડ 19 ઑક્ટોબરના રોજ તૂર્કિયેની રાજધાની ઈસ્તંબુલમાં શરુ થયો હતો. પાકિસ્તાની મીડિયાના અહેવાલ મુજબ, પાકિસ્તાને તાલિબાનને આતંકવાદ વિરોધી કાર્યવાહીમાં સહયોગ આપવાની માગ કરી છે. પાકિસ્તાને તાલિબાનને સરહદ પાર આતંકવાદના અસંખ્ય પુરાવા રજૂ કર્યા અને આ મુદ્દાના ઉકેલનો પ્રસ્તાવ મૂક્યો છે. પાકિસ્તાને આતંકવાદી પ્રવૃત્તિઓ પર નજર રાખવા અને બંને દેશો વચ્ચે વેપાર મુદ્દાઓને ઉકેલવા માટે નીતિ વિકસાવવાની પણ ચર્ચા કરી હોવાના અહેવાલ છે.

પાકિસ્તાન અને તાલિબાને બંને દેશો વચ્ચે રાજકીય સમજૂતી પર પણ ચર્ચા કરી હતી. જોકે, તાલિબાને કોઈ નક્કર પ્રતિભાવ આપ્યો નથી. પાકિસ્તાની અધિકારીઓનું કહેવું છે કે તાલિબાન સહયોગ કરવા કે જમીની વાસ્તવિકતાઓ સ્વીકારવા તૈયાર નથી. તૂર્કિયે પણ તાલિબાનને આ મુદ્દો ઉકેલવા માટે સમજાવવાનો પ્રયાસ કરી રહ્યું હોવાનું જાણવા મળ્યું છે. અહેવાલમાં પાકિસ્તાની અધિકારીઓને ટાંકીને કહેવામાં આવ્યું છે કે ભવિષ્યની કામગીરી તાલિબાનના નિર્ણય પર નિર્ભર રહેશે.

પાકિસ્તાને તાલિબાનને કહ્યું છે કે તે સરહદ પારના આતંકવાદ સહન કરશે નહીં. જો શાંતિ વાટાઘાટો નિષ્ફળ જાય તો પાકિસ્તાને અફઘાનિસ્તાન સામે યુદ્ધ કરવાની ધમકી પણ આપી છે. વાટાઘાટો શરુ થતાં જ પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી ખ્વાજા આસિફે ચેતવણી આપી હતી કે જો શાંતિ વાટાઘાટો નિષ્ફળ જાય તો તાલિબાન સાથે યુદ્ધ ફાટી નીકળશે.

અમેરિકા પણ મેદાનમાં ઉતર્યું છે. આઠ યુદ્ધ બંધ કરાવવાનો દાવો કરનારા અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે તે અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચે શાંતિ માટે મધ્યસ્થી પણ કરશે. મલેશિયામાં આસિયાન સમિટ દરમિયાન ટ્રમ્પે કહ્યું, મેં સાંભળ્યું છે કે પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે યુદ્ધ શરુ થયું છે, પરંતુ હું તેને ખૂબ જ ટૂંક સમયમાં ઉકેલીશ. હું તે બંનેને ઓળખું છું. ટ્રમ્પે પાકિસ્તાનના વડાપ્રધાન અને ફિલ્ડ માર્શલની પ્રશંસા કરતાં કહ્યું હતું કે, તેઓ મહાન લોકો છે, અને કોઈ શંકાનું સ્થાન નથી, અમે આ મુદ્દો ટૂંક સમયમાં ઉકેલીશું.

**અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પાંચ દિવસના એશિયાના પ્રવાસે**

# રેર અર્થ માટે પ્રમુખ ટ્રમ્પના દ.એશિયાના દેશો સાથે કરાર

(એજન્સી) કુઆલાલુમ્પુર I તા. 27

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફના જવાબમાં ચીને રેર અર્થની નિકાસ પર નિયંત્રણો મુકી અમેરિકાનું નાક દબાવ્યું છે ત્યારે પ્રમુખ ટ્રમ્પે રેર અર્થ માટે ચીનના વિકલ્પો તરફ નજર દોડાવતા ઓસ્ટ્રેલિયા પછી હવે દક્ષિણ એશિયાના ચાર દેશો સાથે રેસિપ્રોકલ વેપાર કરાર કર્યા છે. આ સાથે ટ્રમ્પે કંબોડિયા અને થાઈલેન્ડ વચ્ચે શાંતિ કરાર કરાવવામાં પણ મહત્વની ભૂમિકા ભજવી હતી. બીજીબાજુ બુસાનમાં ટ્રમ્પ અને જિનપિંગની મુલાકાત પહેલા અમેરિકા અને ચીન વચ્ચે વેપાર તણાવ હળવો થવાના સંકેત મળ્યા છે.

સેમીકન્ડક્ટર ચીપ્સ, ઈલેક્ટ્રિક વ્હિકલ્સ, ઈલેક્ટ્રોનિક્સ વસ્તુઓથી લઈને મિલિટ્રી ઈક્વિપમેન્ટ્સ માટે અત્યંત જરૂરી એવા રેર અર્થ અને ક્રિટિકલ મિનરલ્સની નિકાસ પર ચીને નિયંત્રણો મૂક્યા હોવાથી અમેરિકા હવે તેના પુરવઠા માટે અન્ય દેશો તરફ વળ્યું છે. ટ્રમ્પે આ મહિને રેર અર્થ અને ક્રિટિકલ મિનરલ્સ માટે ઓસ્ટ્રેલિયા સાથે કરાર કર્યા હતા. હવે પ્રમુખ ટ્રમ્પે રવિવારે કુઆલાલુમ્પુરમાં દક્ષિણ એશિયાના ચાર દેશો મલેશિયા, થાઈલેન્ડ, કંબોડિયા અને વિયેતનામ સાથે ક્રિટિકલ મિનરલ્સ માટે વેપાર કરાર કર્યા છે. કંબોડિયાના પ્રમુખો સાથે રેસિપ્રોકલ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

### દાયકાઓ પછી આસિયાનનું વિસ્તરણ કરાયું

કુલાઆલાલુમ્પુર : દક્ષિણ-પૂર્વ એશિયન રાષ્ટ્રોના સંગઠન આસિયાને ૧૯૯૦ના દાયકા પછી પહેલી વખત વિસ્તરણ કરતા પૂર્વીય તિમોરનો સભ્ય દેશ તરીકે સંગઠનમાં સમાવેશ કર્યો છે. પૂર્વ તિમોરના વડાપ્રધાન સનાના ગુસ્માઓએ આ ઘટનાને પોતાના નાના દેશ માટે સપનું સાકાર થયા સમાન ગણાવ્યું હતું. આસિયાનના વાર્ષિક શિખર સંમેલનમાં મંચ પર ૧૦ દેશોના ઝંડા સાથે પૂર્વ તિમોરના ઝંડાનો પણ સમાવેશ કરાયો છે.

## ન્યૂઝ બ્રીફ

### ‘હું હજી થાકી નથી’ : કમલા હૅરિસે ચૂંટણીમાં ઉભા રહેવાનો આપેલો સંકેત



વોશિંગ્ટન | શનિવારે સાંજે બી.બી.સી. ઉપર પોસ્ટ થયેલા ઈન્ટરવ્યુમાં કમલા હેરિસે કહ્યું હતું કે, આગામી વર્ષોમાં કોઈ મહિલા અમેરિકાનાં પ્રમુખ બની શકે અને તે મહિલા સંભવત: તેઓ પોતે હશે. આમ છતાં પૂર્વ ઉપપ્રમુખે તેમ પણ કહ્યું હતું કે, ૨૦૨૮ની પ્રમુખપદની ચૂંટણીમાં તેઓ ઉભા રહેશે જ તેવો નિર્ણય હજી તેઓએ નથી કર્યો. પરંતુ તે સાથે તેઓએ તે સૂચનને તો ફગાવી જ દીધું હતું કે, તેઓ સમક્ષ ગજબના અવરોધો છે તેમ કહેતાં તેઓએ સ્પષ્ટત: જણાવ્યું હતું કે, ‘હજી હું થાકી નથી.’ પૂર્વ ઉપપ્રમુખે આગળ કહ્યું, ‘મેં મારો જીવન મંત્ર’ સેવા બનાવ્યો છે. સેવા તે મારા અસ્થિમા છે. સેવા કરવાના બીજા અનેક માર્ગો પણ છે જ.

### ભૂકંપના ઝટકાથી ચાર દેશો હલી ઊઠ્યા પેસિફિકના કોરલ સમુદ્રમાં 6ની તીવ્રતાનો ભૂકંપ

નવી દિલ્હી : ભૂકંપના તીવ્ર ઝટકાથી ધરતી ફરી હલી ગઈ. ૨૬ ઓક્ટો. રવિવારની સવારે પેસિફિક મહાસાગરમાંના કોરલ સમુદ્રમાં આવેલા વાનુઆતુમાં ૬ અંકની તીવ્રતાના આંચકા લાગ્યા હતા. ઉપરાંત જાપાન, મ્યાનમાર અને ભારતમાં પણ ૩ અંક જેટલા હળવા આંચકા લાગ્યા હતા. ભારતનાં જમ્મુ અને કાશ્મીરના ગિલ્ગિટ વિસ્તાર અને લડાખ તથા કર્ણાટકમાં તેની સ્પષ્ટ અસર દેખાઈ હતી, લોકો ઘરમાંથી બહાર નીકળી ગયા હતા. વાનુઆતુની પાસે ધરતી નીચે માત્ર ૧૦ કી.મી.ની ઊંડાઈએ જ આ ભૂકંપનું કેન્દ્ર હોવાનું ‘નેશનલ સેન્ટર ફોર સીસ્મોલોજી’એ જણાવ્યું હતું. આટલી ઓછી ઊંડાઈએ ભૂકંપનું કેન્દ્ર ખતરનાક મનાય છે. આ ધરતીકંપ સ્થાનિક સમય પ્રમાણે સવારે ૫.૫૮ મીનીટે લાગ્યો હતો. તેથી મુખ્ય શહેર વિલામાં ભારે અફરા-તફરી મચી ગઈ હતી.

### જો શાંતિ મંત્રણા નિષ્ફળ જશે તો અફઘાનિસ્તાન સાથે ખુલ્લું યુદ્ધ થઇ જશે



ઈસ્તંબુલ | એક તરફ પાકિસ્તાન અફઘાનિસ્તાન વચ્ચેની શાંતિ મંત્રણાનો બીજો દોર શનિવારથી શરૂ થયો છે, ત્યારે પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી ખ્વાજા આસીફે ઉગ્ર શબ્દોમાં કાબુલને ધમકી આપતાં કહી દીધું છે કે જો મંત્રણા નિષ્ફળ જશે તો બંને દેશો વચ્ચે ખુલ્લું યુદ્ધ શરૂ થઇ જશે. આ પૂર્વે કતાર અને તૂર્કીની મધ્યસ્થીથી બંને દેશો વચ્ચેની શાંતિ મંત્રણાનો પહેલો દોર દોહામાં ૧૮-૧૯ ઓક્ટોબર દરમિયાન યોજાયો હતો. આ બીજા દોરમાં અફઘાનિસ્તાન પ્રતિનિધિ મંડળનું નેતૃત્વ નાયબ ગૃહમંત્રી રહેમતુલ્લાહ મુજીબે સંભાળ્યું છે. ખ્વાજા આસીફે આ મંત્રણાના શનિવારે યોજાયેલા પહેલા દોર પછી શિયાલકોટમાં કહ્યું હતું કે તે દોરની ફલશ્રુતિ અંગે રવિવારે સાંજે જણાવીશ.

**સતત બીજા દિવસે રશિયાનો કીવ પર ડ્રોન હુમલો : ત્રણનાં મોત, સાત બાળકો સહિત 29 ઘાયલ**

# રશિયાએ 'ખતરનાક' મિસાઈલનું પરિક્ષણ કર્યું, પરમાણુ શસ્ત્રો લઈ જવા સક્ષમ મિસાઈલે નાટોની ઊંઘ ઉડાડી

(એજન્સી) કીવ I તા. 27



રશિયાએ પોતાની સૌથી આધુનિક પરમાણુ ઉર્જાથી ચાલતી ક્રૂઝ મિસાઈલ બુરેવેસ્ટનિકનું સફળ પરીક્ષણ પૂર્ણ કર્યુ છે. આ મિસાઈલ પરમાણુ ઉર્જા પર નિર્ભર હોવાથી અમર્યાદિત અંતર કાપી શકે છે અને તેમાં પરમાણુ શસ્ત્રો લઈ જવાની સુવિધા છે. આ મિસાઈલ વિશ્વની સૌથી ખતરનાક મિસાઈલોમાં સ્થાન ધરાવે છે અને રશિયાએ તેનું સફળ પરિક્ષણ કરતા નાટો દેશોની ઊંઘ હરામ થઈ ગઈ છે. પરીક્ષણ દરમિયાન મિસાઈલે ૧૪૦૦૦ કિલોમીટરનું અંતર કાપ્યું હતું અને હવામાં લગભગ ૧૫ કલાક સુધી સક્રિય રહી હતી.

પુતિનના જણાવ્યા અનુસાર ૯એમ૭૩૦ બુરેવેસ્ટનિક (સ્ટોર્મ પેટ્રેલ) જેને નાટોએ એસએસસી-એક્સ-૯ સ્કાઈફોલ નામ આપ્યું છે. આ મિસાઈલ વર્તમાન અને ભવિષ્યની મિસાઈલ સંરક્ષણ સિસ્ટમ વિરુદ્ધ અજેય છે. સામાન્ય મિસાઈલ ઈંધણ સમાપ્ત થવા પર રોકાઈ જાય છે પણ આ મિસાઈલ પરમાણુ ઉર્જાથી સંચાલિત હોવાથી તે સપ્તાહો અને મહિનાઓ સુધી સતત ઉડી શકે છે. આ માત્ર ૫૦-૧૦૦ મીટરની ઉંચાઈએ ઉડે છે જેના કારણે રડાર તેને સરળતાથી ટ્રેક કરી શકતા નથી. બીજી બાજુ તંગદિલી વચ્ચે રશિયાએ યુક્રેનની રાજધાની કીવ પર ડ્રોનથી કરેલા હુમલાઓમાં ત્રણ લોકોનાં મોત થયા છે તેમ સત્તાવાળાઓએ એક નિવેદનમાં જણાવ્યું છે. આ હુમલામાં સાત બાળકો સહિત ૨૯ લોકો ઘાયલ પણ થયા છે.

પુતિનના મતે વિશ્વના કોઈપણ દેશ પાસે બુરેવેસ્તનિક ક્રુઝ મિસાઈલ જેવું કંઈ નથી કે જેની રેન્જ અમર્યાદિત હોય. પુતિને જણાવ્યું હતું કે, ‘બુરેવેસ્તનિક ક્રુઝ મિસાઈલ એ પરમાણુ એન્જિન દ્વારા સંચાલિત થાય છે અને તેની રેન્જ અમર્યાદિત છે.’ આનો અર્થ એ છે કે આ મિસાઈલ વિશ્વના કોઈપણ ખૂણામાં પરમાણુ હથિયારો પહોંચાડવામાં સક્ષમ છે. જોકે, રશિયાએ આ મિસાઈલ સંબંધિત કોઈ પુરાવા રજૂ કર્યા નથી.

### 32 મહિનાથી યુદ્ધ યથાવત

યુક્રેનમાં યુદ્ધ છેલ્લા 32 મહિનાથી ચાલી રહ્યું છે અને યુનાઈટેડ સ્ટેટ્સ સહિત અનેક દેશોની મધ્યસ્થી છતાં યુદ્ધ બંધ થવાના કોઈ સંકેત દેખાતા નથી. રશિયાએ ડોનબાસ પ્રદેશ (ડોનેત્સ્ક, લુહાન્સ્ક, ઝપોરિઝિયા અને ખેરસોન) પર વિજય મેળવ્યો છે અને યુક્રેનના લગભગ 20-25 ટકા ભાગ પર કબજો કરી લીધો છે. તાજેતરમાં રશિયન સેનાએ યુક્રેનના સુમી અને ખારકીવ પ્રદેશોમાં પણ આગળ વધવાનું શરૂ કર્યું છે, અને રાજધાની કિવ પર મિસાઈલ હુમલા શરૂ કર્યા છે. છેલ્લા સાડા ત્રણ વર્ષમાં રશિયાએ યુક્રેનિયન લશ્કરી ઠેકાણાઓ પર અસંખ્ય મિસાઈલ દ્વારા હુમલો કર્યો છે.

### ■ બુરેવેસ્તનિક ક્રુઝ મિસાઈલની ખાસિયત

9M730 બુરોવેસ્તનિક એક ગ્રાઉન્ડ લોન્ચ્ડ, લો-ફ્લાઈંગ ક્રુઝ મિસાઈલ છે જે પરમાણુ શસ્ત્રો વહન કરી શકે છે અને પરમાણુ રિએક્ટર દ્વારા સંચાલિત છે. મિસાઈલની અમર્યાદિત રેન્જ એની અનોખી વિશેષતા છે. ન્યુક્લિયર થ્રેટ ઈનિશિયેટિવના અહેવાલ મુજબ, આ મિસાઈલ ઘણા દિવસો સુધી હવામાં રહી શકે છે અને ઓછી ઊંચાઈએ ઉડાન ભરીને રડાર સિસ્ટમથી બચી શકે છે. 50 થી 100 મીટરની ઊંચાઈએ ઉડતી વખતે, તે દુશ્મન માટે વર્ચ્યુઅલ રીતે અદ્રશ્ય રહે છે. નાટોએ તેને SSC-X-9 સ્કાયફોલ નામ આપ્યું છે.

### ■ પશ્ચિમી દેશોમાં ચિંતા

ઘણા પશ્ચિમી નિષ્ણાતોએ મિસાઈલની ક્ષમતાઓ પર સવાલો ઉઠાવ્યા છે. તેમનો દલીલ છે કે, આટલી લાંબી રેન્જ અને પરમાણુ સંચાલિત મિસાઈલ રેડિયેશનનું જોખમ ઊભું કરી શકે છે. વધુમાં, મિસાઈલની ધીમી ગતિ તેને સરળતાથી ટ્રેક કરી શકાય છે. આ મિસાઈલ અગાઉ ઘણી પરીક્ષણ નિષ્ફળતાઓનો અનુભવ કરી ચૂકી છે.

**પેરિસના મ્યૂઝિયમમાં લૂંટ કરી હતી**

# 8 મિનિટમાં 8 અબજથી વધુના ઘરેણાં ચોરનારો ચોર પકડાયા?



(એજન્સી) પેરિસ I તા. 27

પેરિસના પ્રખ્યાત લૂવર મ્યુઝિયમમાંથી ક્રાઉન જ્વેલ્સ ચોરી કેસમાં પોલીસે બે શંકાસ્પદની ધરપકડ કરી છે. ચોરીની આ ચોંકાવનારી ઘટનાના એક અઠવાડિયા પછી જ આ ધરપકડ કરવામાં આવી છે. ચોરોએ 102 મિલિયન ડૉલર એટલે કે 8 અબજ રૂપિયાથી વધુના ઐતિહાસિક ઘરેણાંની ચોરી કરી હતી.

ફરિયાદીના કાર્યાલયે રવિવારે (26 ઓક્ટોબર) જણાવ્યું હતું કે, તપાસકર્તાઓએ શનિવારે (25 ઓક્ટોબર) સાંજે કાર્યવાહી કરી હતી. આ દરમિયાન એક શંકાસ્પદની પેરિસ ચાર્લ્સ ડી ગૌલ એરપોર્ટ પરથી ધરપકડ કરવામાં આવી હતી જ્યારે તે દેશ છોડવાની તૈયારી કરી રહ્યો હતો.

મીડિયા અહેવાલો અનુસાર, ધરપકડ કરાયેલા બંને શંકાસ્પદ વ્યક્તિઓ 30 વર્ષની ઉંમરના છે અને તેમનો અગાઉનો પોલીસ રેકોર્ડ છે. ડીએનએ સેમ્પલ દ્વારા એક શંકાસ્પદ વ્યક્તિની ઓળખ કરવામાં આવી હતી, જ્યારે ઘટનાસ્થળેથી આશરે 150 ફોરેન્સિક નમૂના લેવામાં આવ્યા હતા. એવી અપેક્ષા છે કે બંનેને 96 કલાક સુધી પોલીસ કસ્ટડીમાં રાખવામાં આવી શકે છે.

નોંધનીય છે કે, માત્ર આઠ મિનિટમાં, ચોરોએ આશરે 88 મિલિયન યુરો (લગભગ 102 મિલિયન ડોલર)ના ઝવેરાત ઘરેણાં ચોરી લીધા હતા. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ચોર બાસ્કેટ લિફ્ટનો ઉપયોગ કરીને મ્યુઝિયમની દિવાલ પર ચઢી ગયા હતા અને બારી તોડી હતી. ત્યારબાદ ડિસ્પ્લે કેસ તોડી નાખ્યો હતો અને પછી ઘરેણાં લઈને ભાગી ગયા હતા.

પોલીસ યુનિટ દ્વારા કરવામાં આવી રહી છે જે સશસ્ત્ર લૂંટ અને આર્ટ ચોરી સંબંધિત ગુનાઓની તપાસ કરે છે. ફરિયાદી લૉરે બેકાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે માહિતીના અકાળે લીક થવાથી તપાસમાં અવરોધ આવી શકે છે.

# ગર્ભવતી છે દુનિયાની પહેલી AI મંત્રી! 83 બાળકોને જન્મ આપશે

(એજન્સી) આલ્બેનિયા I તા. 27



આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ(AI)ના વધતા પ્રભાવ વચ્ચે આલ્બેનિયામાંથી એક અહેવાલ સામે આવ્યા છે. આલ્બેનિયાના વડાપ્રધાન એડી રામાએ જર્મનીના બર્લિનમાં આયોજિત ગ્લોબલ ડાયલોગ કોન્ફરન્સ દરમિયાન જણાવ્યું કે, ‘AI પર આધારિત વિશ્વની પહેલી સરકારી મંત્રી ડિએલા (Diella) ગર્ભવતી છે અને તે 83 બાળકોને જન્મ આપશે.’ વડાપ્રધાનની આ જાહેરાતથી હાજર સૌ કોઈ આશ્ચર્યચકિત થઈ ગયા હતા, જો કે આ ગર્ભાવસ્થાનો અર્થ તકનીકી ક્ષેત્રે એક મોટું પગલું છે.

રૅકોર્ડ કરશે, અને તેમના બોસ(સાંસદ)ને સલાહ આપશે કે કયા મુદ્દાઓ પર વળતો હુમલો કરવો અથવા કેવી રીતે પ્રતિભાવ આપવો. ડિએલાનું સમગ્ર જ્ઞાન (ડેટા અને અલ્ગોરિધમ્સ) તેમને ટ્રાન્સફર કરવામાં આવશે. દેશને ભ્રષ્ટાચારમુક્ત કરવા માટે ડિએલાની નિમણૂક કરાઈ છે. ઉલ્લેખનીય છે કે, ડિએલા જેનો અર્થ અલ્બેનિયનમાં સૂર્ય થાય છે, જે વિશ્વની પહેલી AI-જનરેટેડ સરકારી મંત્રી છે, જેને પરંપરાગત અલ્બેનિયન પોશાક પહેરેલી મહિલા તરીકે દર્શાવવામાં આવી છે. તેની નિમણૂક સપ્ટેમ્બરમાં આલ્બેનિયાની જાહેર ખરીદી વ્યવસ્થાને સંપૂર્ણપણે પારદર્શક અને ભ્રષ્ટાચારમુક્ત બનાવવા માટે કરવામાં આવી હતી.

**મારો સમય બગાડવા નથી માંગતો : પુતિન સાથે મંત્રણા કરવાની ટ્રમ્પની ‘ના’**

વૉશિંગ્ટન | પ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પે શનિવારે કહ્યું હતું કે તેઓ તેમનો સમય બગાડવા નથી માગતા અને પ્રમુખ પુતિનને પણ મળવા નથી માગતા. ઍરફોર્સ-૧માં પત્રકારો સાથેની વાતચીતમાં તેઓએ આ પ્રમાણે કહેવા સાથે વધુમાં જણાવ્યું હતું કે યુક્રેન અંગે તેઓ ચીનની મદદ લેવા ઈચ્છે છે. આ પહેલાં આ માસની શરૂઆતમાં ટ્રમ્પે જ કહ્યું હતું કે હંગેરીનાં પાટનગર બુડા પેસ્ટમાં, તેઓ પુતિન સાથે મંત્રણા કરવા માગે છે. પરંતુ આલાસ્કામાં યોજાયેલી શિખર પરિષદ સફળ રહી નહીં. આ પછી ટ્રમ્પે કહ્યું હતું કે તે સમયે મને આશા હતી કે યુક્રેન અંગે કોઈ સમજૂતી થઈ જશે. પરંતુ તેમ ન બન્યું. અમારી મંત્રણાઓ હતાશાજનક બની રહી. આથી હવે હું પુતિન સાથે મંત્રણા કરી મારો સમય વેડફવા નથી માગતો.

# વેનેઝુએલા સાથે યુદ્ધ કરશે અમેરિકા?

## વધુ યુદ્ધપોત અને મિસાઈલો તૈનાત કરતાં તણાવ વધ્યો

### વિવાદનું કારણ: ડ્રગ તસ્કરીનું કેન્દ્ર ગણાવ્યું

(એજન્સી) વેનેઝુએલા I તા. 27

વેનેઝુએલા અને તેના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરો પર સૈન્ય દબાણ વધારવા માટે અમેરિકાએ ત્રિનિદાદ અને ટોબેગોમાં મિસાઈલ વિનાશક યુએસએસ ગ્રેવલી યુદ્ધજહાજ તૈનાત કર્યું છે. આ ઉપરાંત, એરક્રાફ્ટ કેરિયર યુએસએસ ગેરાલ્ડ આર. ફોર્ડ પણ વેનેઝુએલા તરફ આગળ વધી રહ્યું છે. માદુરોએ આને પોતાના દેશ વિરુદ્ધ નવું યુદ્ધ છેડવાનો અમેરિકી સરકારનો પ્રયાસ ગણાવી ટીકા કરી છે. નોંધનીય છે કે, અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પુરાવા વિના માદુરો પર સંગઠિત અપરાધ ગેંગ ‘ટ્રેન દે અરાગુઆ’ના નેતા હોવાનો આરોપ લગાવ્યો છે. ત્રિનિદાદ અને ટોબેગોના અધિકારીઓ તેમજ અમેરિકાએ જણાવ્યું છે કે વિશાળ યુદ્ધજહાજ ગુરુવાર સુધી ત્રિનિદાદ અને ટોબેગોમાં અભ્યાસ માટે રહેશે. વરિષ્ઠ સૈન્ય અધિકારીએ યુદ્ધજહાજ મોકલવાનો નિર્ણય તાજેતરમાં લેવાયો હોવાનું જણાવ્યું. ત્રિનિદાદ અને ટોબેગોના પ્રધાનમંત્રી કમલા પરસાદ-બિસેસર વેનેઝુએલાના જળ ક્ષેત્રમાં અમેરિકાની સૈન્ય હાજરી અને શંકાસ્પદ માદક દ્રવ્યોની તસ્કરી કરતી નૌકાઓ પર ઘાતક હુમલાઓ કરવાના પ્રબળ સમર્થક માનવામાં આવે છે. કેરેબિયન સાગરમાં અમેરિકી સેનાની તૈનાતી અત્યાર સુધીનું સૌથી મોટું એન્ટી-નાર્કોટિક્સ મિશન છે. ટ્રમ્પ સરકારે વેનેઝુએલાની નિકોલસ માદુરોના નેતૃત્વવાળી સરકાર પર નશાના તસ્કરોને આશ્રય આપવાનો આરોપ લગાવ્યો છે. ડ્રગ તસ્કરીનું કેન્દ્ર ગણીને ટ્રમ્પ સરકારે બીજા કાર્યકાળની શરુઆતમાં જ વેનેઝુએલાને ‘નાર્કો-ટેરર કાર્ટેલ’ જાહેર કર્યું, જેનાથી વિવાદ વધ્યો.

**રહસ્યમયી | યુએસએસ નિમિત્ઝ પરથી ઉડાન ભરતી વખતે દુર્ઘટના**

# અડધો જ કલાકમાં અમેરિકાનું ફાઈટર જેટ અને હેલિકોપ્ટર ક્રેશ

(એજન્સી) ચીન I તા. 27



દક્ષિણ ચીન સમુદ્રમાં અમેરિકાની નેવીને રવિવારે (26મી ઓક્ટોબર) બે અલગ-અલગ અને ગંભીર હવાઈ અકસ્માતોનો સામનો કરવો પડ્યો, જેમાં એક હેલિકોપ્ટર અને એક ફાઈટર જેટ સમુદ્રમાં ક્રેશ થયા હતા. જો કે, રાહતની વાત એ છે કે બંને ઘટનાઓમાં સામેલ પાંચેય ક્રૂ મેમ્બરને અમેરિકાની ટીમોએ ઝડપથી અને સુરક્ષિત રીતે બચાવી લીધા હતા. આ ઘટનાઓ એવા સમયે બની છે જ્યારે અમેરિકા આ વ્યૂહાત્મક રીતે મહત્ત્વપૂર્ણ સમુદ્ર વિસ્તારમાં પોતાની હાજરીનો દાવો કરી રહ્યું છે.

અમેરિકાની પેસિફિક ફ્લીટ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, આ દુર્ઘટનાઓ એરક્રાફ્ટ કેરિયર યુએસએસ નિમિત્ઝ પરથી ઓપરેશન દરમિયાન બની હતી.

પ્રથમ ઘટના (હેલિકોપ્ટર): રવિવારે બપોરે 2:45 વાગ્યે, “બેટલ કેટ્સ” સ્ક્વોડ્રન 73નું MH-60R સી હોક હેલિકોપ્ટર ઓપરેશન દરમિયાન ક્રેશ થયું. કેરિયર સ્ટ્રાઈક ગ્રુપ-11ની તપાસ અને બચાવ ટીમોએ તાત્કાલિક કાર્યવાહી કરીને હેલિકોપ્ટરમાં સવાર ત્રણેય ક્રૂ સભ્યોને સુરક્ષિત બચાવ્યા હતા.

બીજી ઘટના (ફાઈટર જેટ): આ ઘટનાના અડધો જ કલાકમાં “ફાઈટીંગ રેડહોક્સ” સ્ક્વોડ્રન 22નું F/A-18F સુપર હોરનેટ ફાઈટર જેટ પણ તે જ જહાજ પરથી ઉડાન ભર્યા પછી સમુદ્રમાં ક્રેશ થયું. જેટમાં સવાર બંને પાઈલટ્સ સમયસર પેરાશૂટ દ્વારા બહાર નીકળવામાં સફળ રહ્યા અને તેમને પણ સુરક્ષિત રીતે બચાવી લેવાયા.

### પાંચેય ક્રૂની હાલત સ્થિર, તપાસ શરૂ

અમેરિકી નેવીના જણાવ્યા મુજબ, બચાવવામાં આવેલા પાંચેય કર્મચારીઓની હાલત સ્થિર છે અને તેમને વધુ તબીબી મૂલ્યાંકન માટે મોકલી દેવામાં આવ્યા છે. હાલમાં બંને અકસ્માતોના ચોક્કસ કારણની તપાસ ચાલી રહી છે. ભવિષ્યમાં આવી ઘટનાઓ અટકાવવા માટે, સુરક્ષા પ્રોટોકોલ હેઠળ યુએસએસ નિમિત્ઝ પરથી થતી તમામ ઓપરેશનલ કામગીરીની સંપૂર્ણ સમીક્ષા કરવામાં આવશે.

આ દુર્ઘટના સ્થાનિક સમય અનુસાર બપોરે 2.45 વાગ્યે સર્જાઈ હતી. રાહત બચાવ અભિયાન દરમિયાન બધા ત્રણેય ક્રુ સભ્યોને બચાવી લેવાયા હતા. નૌસેના અનુસાર હેલિકોપ્ટરનું સંચાલન મેરીટાઈમ સ્ટ્રાઈક સ્ક્વોડ્રનની બેટલ કેટસ ટીમ કરી રહી હતી. આ ઘટનાના લગભગ અડધા કલાક બાદ 3.15 વાગ્યે યુએસએસ નિમિત્ઝથી ઉડાન ભરનાર એફ/એ-18 એફ-સુપર હોર્નેટ લડાયક વિમાન પણ ક્રેશ થયું હતું.

# ચીની સમુદ્રીય મિલિશિયા માછલી પકડવાની નૌકાઓનો સહારો લે છે

(એજન્સી) નવી દિલ્હી I તા. 27

ચીન અને તાઈવાન વચ્ચેના તંગદિલી ભર્યા સંબંધો સૌ કોઈ જાણે છે. ચીની યુદ્ધ વિમાનો તાઈવાનનાં હવાઈ ક્ષેત્રમાં અતિક્રમણ કરી રહ્યાં છે. તેવામાં એક વધુ ચિંતાજનક સમાચાર આવ્યા છે. તાઈપે ટાઈમ્સ, અમેરિકા સ્થિત અગ્રીમ થિંક ટેન્કના તાજા રીપોર્ટ પરથી જણાવે છે કે ચીનની સમુદ્રીય મિલિશિયા, તાઈવાન સ્ટ્રેઈટ્સમાં ગ્રે ઝોન રણનીતિઓ અપનાવી સેંકડો નાગરિક ફીશીંગ બોટ્સ તે સ્ટ્રેઈટ્સમાં ઘૂસાડી રહ્યું છે.

સેન્ટર ફોર સ્ટ્રેટેજિક ઈન્ટરનેશનલ સ્ટડીના રીપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે તાઈવાનને ધમકી આપવા માટે બેવડો ઉપયોગ કરે તેવી બોટ્સ તાઈવાન સ્ટ્રેટસમાં વહેતી મુકે છે. તેણે ૩૧૫ જેટલી આવી નૌકાઓ વહેતી મુકી છે. તે જી.પી.એસ. અને સ્વચાલિત ઓળખ બની રહે તેવી છે.

સી.એસ.આઈ.એસ.ની રીસર્ચ ટીમે વૈશ્વિક ફીશીંગ બોટ્સની ગતિવિધિઓનાં સ્થાનોનો નકશો તૈયાર કરી ચીનની ગુપ્ત યુદ્ધ નૌકાઓ જુદી તારવી લીધી છે તે માટેના અભ્યાસનું નામ. સ્વૉર્ડ ૨૦૨૪એ અને સ્વૉર્ડ ૨૦૨૪ બી. આપવામાં આવ્યું છે અને તેમણે આ ડેટા મેળવ્યો છે. ચીનનાં અનેક જહાજોએ બ્લેક આઉટ દ્વારા અંતર રાષ્ટ્રીય રજીસ્ટ્રીમાં પોતાનાં નામ પણ બદલી નાખ્યાં છે. તેનાં એક જહાજે તો એક જ વર્ષમાં ૧૧ અલગ અલગ મોબાઈલ સમુદ્રી સેવાનાં આઈડેન્ટીટી સીરીયલ નંબરોમાં ૧૧ વખત ફેરફાર કર્યો છે. આવા કુલ ૧૩૦૦ ફેરફારો નોંધાયા છે. જેથી તે જહાજોની ઓળખ મેળવવી મુશ્કેલ બને. ઉક્ત થિંક ટેન્કે અમેરિકા અને તેના સાથી દેશોની ગુપ્તચર એજન્સીઓને આવાં સંદિગ્ધ જહાજો સાથે જોડાયેલાં નેટવર્કની પણ માહિતી મેળવવા અનુરોધ કર્યો છે.

બિહાર ચૂંટણીમાં રીલ્સ મુદ્દે ભાજપ-કોંગ્રેસ સામસામે!

# રાહુલ ગાંધીનો જૂના વીડિયો શેર કરી PM મોદી પર કટાક્ષ

(એજન્સી) બિહાર | તા 27

બિહાર ચૂંટણીમાં, NDA 4G અને સસ્તા ડેટાને ડિજિટલ ઈન્ડિયાની સિદ્ધિ ગણાવીને લાભ લેવાનો પ્રયાસ કરી રહ્યું છે, જ્યારે વિપક્ષ સરકારને ઘેરી રહ્યું છે.વડાપ્રધાન મોદીએ પોતાના પ્રચારની શરુઆતમાં કહ્યું કે, 1 GB ડેટાની કિંમત એક કપ ચા કરતાં પણ ઓછી છે, જેને કારણે બિહારના યુવાનો રીલ દ્વારા કમાણી કરીને તેમની ક્રિએટિવિટી વિશ્વને બતાવી રહ્યા છે. ત્યારે બિહાર કોંગ્રેસે તેમને આના પર ઘેરી લીધા છે. બિહાર કોંગ્રેસે પોતાના X એકાઉન્ટ પર રાહુલ ગાંધીના રીલને લઈને વિચારો શેર કરીને કેપ્શન આપ્યું, 'અંતર સ્પષ્ટ છે' અને યુઝર્સને સવાલ કર્યો કે રીલના મુદ્દા પર કોણ સાચા છે?






બિહાર કોંગ્રેસ દ્વારા શેર કરાયેલા જૂના વીડિયોમાં રાહુલ ગાંધીએ યુવાનો પર આકરી ટિપ્પણી કરતા કહ્યું હતું કે, 'આજના યુવાનો રોજ 7-8 કલાક રીલ જુએ છે અને મિત્રોને મોકલે છે, જ્યારે અંબાણી અને અદાણીના દીકરાઓ વીડિયો જોતા નથી, તેઓ પૈસા ગણવામાં વ્યસ્ત રહે છે.' આ રીતે, પીએમ મોદી દ્વારા રીલ ટ્રેન્ડ અને સસ્તા ડેટાની પ્રશંસા સામે, રાહુલ ગાંધીની આ ટિપ્પણી, જે યુવાનોના 7-8 કલાક બરબાદ કરનારા ટ્રેન્ડને બતાવે છે, તેણે ઓનલાઈન વિશેષાધિકાર, અવસર અને ભારતીય યુવાનોની દિશા પર ચર્ચા જગાવી છે.

પીએમ મોદીના નિવેદન પર જન સુરાજ સંસ્થાના પ્રશાંત કિશોરે કહ્યું કે, 'વડાપ્રધાન મોદીએ બે દિવસ પહેલા બિહારમાં કહ્યું હતું કે અમે બિહારમાં સસ્તો ડેટા ઉપલબ્ધ કરાવી રહ્યા છીએ. હું તેમને કહેવા માગું છું કે 'અમને ડેટા નહીં, બેટા (દીકરો) જોઈએ... તમે કારખાના ગુજરાતમાં બનાવો છો અને ડેટા બિહારને આપશો, જેથી અહીંના લોકો પોતાના બાળકોને માત્ર વીડિયો કોલ પર જ જોઈ શકે.'

તહેવાર લોકો ગાયના છાણની હોળી રમે છે

# અમેરિકન યુટ્યુબર કર્ણાટકના ગોરેહબ્બામાં PPE કીટ પહેરીને પહોંચ્યો

(એજન્સી) બેંગલુરુ | તા 27

કર્ણાટકના ગુમાતાપુરા ગામમાં દર વર્ષે દિવાળી પછીના દિવસે ગોરેહબ્બો તહેવાર ઉજવવામાં આવે છે. ગાયના છાણથી હોળી રમવા માટે સેંકડો લોકો ભેગા થાય છે. આ વર્ષે, આ તહેવાર અમેરિકન યુટ્યુબર ટાયલર ઓલિવેરાના એક વીડિયોને કારણે ચર્ચામાં છે.

ટાયલરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર આ ભારતીય તહેવારનો એક વીડિયો પોસ્ટ કર્યો હતો, જેને પહેલાથી જ 5 મિલિયન વ્યૂઝ મળી ચૂક્યા છે. ઓલિવેરાએ તેમાં તહેવારની મજાક ઉડાવી હતી. આ પછી, સોશિયલ મીડિયા યુઝર્સે તેના વીડિયોને જાતિવાદી ગણાવ્યો અને રિપોર્ટ કર્યો. પછી, તેઓ બિરેશ્વર સ્વામીની પૂજા કરે છે. પૂજા પછી લોકો ખેતરોમાં ભેગા થાય છે અને મજા અને શુભતાના પ્રતીક તરીકે ગાયનું છાણ ફેંકવાની રમત રમે છે. તેને 'ગાયના છાણનો ઉત્સવ' અને 'ગોબર માર હોળી' તરીકે પણ ઓળખવામાં આવે છે.

### ભારતીય યુઝર્સે વીડિઓને રિપોર્ટ કર્યો

ભારતીય યુઝર્સે ટાયલર પર ભારતીય પરંપરાઓની મજાક ઉડાવવાનો અને ધાર્મિક માન્યતાઓને અવગણવાનો આરોપ લગાવ્યો. કેટલાક લોકોએ કહ્યું કે તેને તહેવારની ધાર્મિક પૃષ્ઠભૂમિ અને સ્થાનિક માન્યતાઓની સમજનો અભાવ છે. સોશિયલ મીડિયા પર ભારતીય યુઝર્સ તેના વીડિયોને રિપોર્ટ અને સેન્સર કરી રહ્યા છે.

### ઓલિવેરાએ કહ્યું- વીડિયો જાતિવાદી નહોતો

વિવાદ વધતો ગયો તેમ 25 વર્ષીય ઓલિવેરાએ પ્રતિક્રિયા આપતા કહ્યું કે ભારતીય યુઝર્સ દ્વારા તેના વીડિઓને રિપોર્ટ અને સેન્સર કરવામાં આવી રહ્યો છે. તેણે પોતાનો બચાવ કરતા લખ્યું કે છાણ ફેંકવાના ઉત્સવનું ફિલ્માંકન જાતિવાદી નથી.

### ગોરેહબ્બાના તહેવાર વિશે જાણો...

સ્થાનિક માન્યતા અનુસાર, ગ્રામદેવતા બીરેશ્વર સ્વામીનો જન્મ ગાયના છાણમાંથી થયો હતો. તેથી, લોકો આ દિવસે ગાયના છાણને પવિત્ર અને પવિત્રતાનું પ્રતીક માને છે. આ ઉત્સવ મંદિરમાં શરૂ થાય છે, જ્યાં ગ્રામજનો પહેલા ગાયનું છાણ એકત્રિત કરે છે.

### આ તહેવાર ગ્રામજનો માટે સૌભાગ્યનું પ્રતીક

ગુમાતાપુરા ગામના સ્થાનિક લોકો માને છે કે તે સારા નસીબ લાવે છે અને દુષ્ટ આત્માઓને દૂર રાખે છે. તેઓ માને છે કે આ તહેવાર શુદ્ધિકરણ અને નવી શરૂઆતનું પ્રતીક છે. ગ્રામજનો માટે ગોરેહબ્બાના તહેવાર માત્ર એક પરંપરા નથી, પરંતુ ભક્તિ અને એકતાનું પ્રતીક છે.

## ન્યૂઝ કોર્નર

### 5 વર્ષ પછી ચીનની ફ્લાઈટ્સ ફરી શરૂ, કોલકાતાથી રવાના, શાંઘાઈ-દિલ્હી રૂટ 9 નવેમ્બરથી ફરી શરૂ થશે

(એજન્સી) નવી દિલ્હી | તા 27

ઘણી બેઠકો પછી, ભારત અને ચીન વચ્ચે હવાઈ સેવા આખરે ફરી શરૂ થઈ ગઈ છે. પાંચ વર્ષથી સ્થગિત સેવા આખરે ફરી શરૂ થઈ ગઈ છે. ઈન્ડિગોની ફ્લાઈટ 6E1703 કોલકાતાના નેતાજી સુભાષ ચંદ્ર બોઝ આંતરરાષ્ટ્રીય એરપોર્ટથી ચીનના ગુઆંગઝુ માટે રવાના થઈ હતી. ફ્લાઈટ રાત્રે 10:07 વાગ્યે રવાના થઈ હતી. એરપોર્ટ ડિરેક્ટરે સોશિયલ મીડિયા પર ફ્લાઈટનો વીડિયો પણ શેર કર્યો હતો. ફ્લાઈટ સવારે 4:05 વાગ્યે ગુઆંગઝુ બાયયુન આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર પહોંચવાનું છે.બંને દેશો વચ્ચે ફ્લાઈટ્સ ફરી શરૂ કરવા પાછળનો ઉદ્દેશ્ય વેપાર, પર્યટન અને લોકો વચ્ચેના સંપર્કને સરળ બનાવવાનો છે.બંને દેશો વચ્ચે ફ્લાઈટ્સ ફરી શરૂ કરવા પાછળનો ઉદ્દેશ્ય વેપાર, પર્યટન અને લોકો વચ્ચેના સંપર્કને સરળ બનાવવાનો છે. ઈન્ડિગો કોલકાતા અને ગુઆંગઝુ વચ્ચે દૈનિક નોન-સ્ટોપ ફ્લાઈટ્સ ચલાવશે. દિલ્હી અને ગુઆંગઝુ વચ્ચે વધારાની ફ્લાઈટ્સ 10 નવેમ્બરથી શરૂ થશે. શાંઘાઈ-દિલ્હી રૂટ 9 નવેમ્બરથી ફરી શરૂ થશે. પાંચ વર્ષ પછી ભારત અને ચીન વચ્ચે સીધી હવાઈ સેવા ફરી શરૂ થઈ ગઈ છે. 26 ઓક્ટોબર 2025 ને કોલકાતાથી ચીનના ગુઆંગઝુ માટે ઈન્ડિગો એરલાઈન્સની પહેલી સીધી ઉડાન ઉડાવી, જેના દ્વારા બંને દેશો વચ્ચે હવાઈ સંપર્ક પુનઃસ્થાપિત થયો.

# વાવાઝોડું મોન્થા : ઓડિશામાં સરકારી અધિકારીઓની રજાઓ રદ

ભુવનેશ્વર : બંગાળના અખાતમાં ડિપ્રેશન પ્રબળ બની ડિપ ડિપ્રેશનમાં ફેરવાતા ઓડિશા સરકારે રાજ્યના તમામ ૩૦ જિલ્લાઓમાં એલર્ટ જારી કરી છે. હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્યમાં ૨૮ અને ૨૯ ઓક્ટોબરે ભારેથી અતિભારે વરસાદ પડવાની શક્યતા છે. રાજ્યના પાંચ જિલ્લાઓમાં રેડ એલર્ટ જારી કરવામાં આવી છે. ઓડિશા સરકારે વાવાઝોડા મોન્થાને કારણે રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની ચેતવણીની વચ્ચે સાવચેતીના પગલારૂપે સાત જિલ્લાઓમાં સરકારી અધિકારીઓની રજાઓ રદ કરી દીધી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર વાવાઝોડાથી ઓડિશાને ડાયરેક્ટ કોઈ ખતરો નથી પણ રાજ્યના અનેક ભાગોમાં ભારે વરસાદ અને ઝડપી પવનોની સંભાવના છે. સરકારી અધિકારીઓને તાત્કાલિક પોતાના વડામથકે પહોંચવાના આદેશ આપવામાં આવ્યા છે. ઝડપી પવનોની સાથે ભારે વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પૂર અને પર્વતીય વિસ્તારોમાં ભૂસ્ખલનની સંભાવના છે. સરકારે અગાઉથી જ બચાવ અને રાહત માટેના ઉપાય શરૂ કરી દીધા છે. ઓડિશા ડિઝાસ્ટર રેપિડ એક્શન ફોર્સ (ઓડીઆરએએફ)ની ટીમ એલર્ટ પર છે. ઈમરજન્સી વિભાગે સામાન્ય પ્રજા માટે હેલ્પલાઈન શરૂ કરી છે. બીજી તરફ આંધ્ર પ્રદેશ સરકારે પણ મોન્થા વાવાઝોડાના ખતરાને પગલે રાહત કાર્ય માટે એકશન પ્લાનની રચના કરી છે. આ એકશન પ્લાનમાં જીવનજરૂરી વસ્તુઓના પુરવઠામાં અવરોધન ઉભો ન થાય તે માટેનું આયોજન કરવામાં આવ્યું છે.

# ઈન્દોરમાં ઑસ્ટ્રેલિયાની ક્રિકેટર્સ સાથે છેડતી મામલે ભાજપ નેતાએ ખેલાડીઓનો જ વાંક કાઢ્યો, કહ્યું- સૂચના વિના બહાર ન જવાય

(એજન્સી) નવી દિલ્હી | તા 27

મહિલા વર્લ્ડકપ માટે ભારત આવેલી ઑસ્ટ્રેલિયાની મહિલા ખેલાડીઓ સાથે મધ્ય પ્રદેશના ઈન્દોરમાં છેડતીની શરમજનક ઘટના થઈ હતી. આ ઘટનાના કારણે વિશ્વભરમાં ભારતની છબી ખરડાઈ. જોકે ભારતીય જનતા પાર્ટીના નેતાઓ આ મામલે પણ વિવાદિત નિવેદનો આપી રહ્યા છે. ભાજપના વરિષ્ઠ નેતા અને મધ્ય પ્રદેશ સરકારના મંત્રી કૈલાશ વિજયવર્ગીયએ તો હવે પીડિતા ખેલાડીઓનો જ વાંક કાઢ્યો છે. તેમણે કહ્યું છે કે આમાં ખેલાડીઓની પણ ભૂલ છે. કૈલાશ વિજયવર્ગીયએ ખેલાડીઓનો જ વાંક કાઢ્યો. ભાજપના નેતા કૈલાશ વિજયવર્ગીયએ કહ્યું,



કે મહિલા ખેલાડીઓએ કોઈને જાણ કર્યા વિના ત્યાંથી ના જવાય, તેમણે કોચને પણ જાણ નહોતી કરી. આમાં તેમની પણ ભૂલ છે. તેમની પાસે ખાનગી તથા પોલીસની સુરક્ષા હતી. પણ મહિલા ખેલાડીઓ કોઈની નજરમાં આવ્યા વિના ત્યાંથી જતી રહી અને તે સમયે જ આ ઘટના થઈ. ઘટના દુર્ભાગ્યપૂર્ણ છે પણ ખેલાડીઓએ આ ઘટનાથી શીખ લેવી જોઈએ.

તેમણે વધુમાં કહ્યું, કે મને લાગે છે કે આપણે જ્યારે પણ બીજા દેશ કે શહેરમાં જઈએ ત્યારે પોતાની સુરક્ષાની ચિંતા પોતે પણ કરવી જ જોઈએ. ખેલાડીઓએ ધ્યાન રાખવું જોઈએ કે તે પોતાનું સ્થાન છોડે તો સૂચના આપે. ભાજપ ધારાસભ્યોએ મુસ્લિમો પર આરોપ લગાવ્યો. આટલું જ નહીં અગાઉ ભાજપના ધારાસભ્ય રામેશ્વર શર્માએ પણ ટિપ્પણી કરતાં કહ્યું હતું, કે હું કટ્ટર મુસ્લિમોને પૂછવા માંગુ છું કે તમે દેશની છબી ખરાબ કરવાના કામમાં કેમ લાગ્યા છો? કોરોના સમયે તમે ડોકટરો પર થૂંકતા હતા. આરોપી અકીલને ચાર જૂતાં મારી જેલમાં નાંખ્યો છે અને તેને કડક સજા આપીશું.

'ગ્રીન ટેક્સ'થી પર્યટન રાજ્યને વર્ષે રૂ. 100 થી 150 કરોડની આવક

# ઉત્તરાખંડમાં પ્રવેશતા અન્ય રાજ્યોના વાહનો પર ડિસેમ્બરથી 'ગ્રીન ટેક્સ'

દેહરાદુન : અન્ય રાજ્યોમાંથી પ્રવેશ કરતા વાહનો પર ઉત્તરાખંડ સરકારે ગ્રીન ટેક્સ નાખ્યો છે. નાના વાહનો પર ૮૦ રૂપિયા જ્યારે ટ્રક જેવા હેવી વાહનો પર ૭૦૦ રૂપિયા ગ્રીન ટેક્સ લાગશે. રાજ્યના સરહદી વિસ્તારોમાં આશરે ૩૭ જેટલા કેમેરા લગાવાયા છે. જે વાહનોની અવરજવર પર નજર રાખશે. કેમેરા દ્વારા મેળવાયેલા ડેટા નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાને પહોંચાડાશે. જે બાદ ઓટોમેટિક સિસ્ટમથી ટેક્સ વસુલી લેવાશે. આ ડિસેમ્બર મહિનાથી ઉત્તરાખંડમાં પ્રવેશ કરનારા અન્ય રાજ્યના વાહનો પર ગ્રીન સેસ કે ટેક્સ લાગશે, પર્યાવરણને ધ્યાનમા રાખીને રાજ્ય સરકાર દ્વારા આ વસૂલાત કરવાનો નિર્ણય લેવાયો છે. ઉત્તરાખંડમાં અનેક ધાર્મિક સ્થળો આવેલા છે જ્યાં બહારથી હજારો વાહનો આવતા જતા હોય છે. જોકે હવે બહારના આ વાહનો પર રૂપિયા ૮૦થી ૭૦૦ સુધી ટેક્સ લાગશે. કાર જેવા નાના વાહનો પર ૮૦ રૂપિયા, નાના માલ વાહક વાહન પર ૨૫૦ રૂપિયા, બસો પર ૧૪૦ રૂપિયા અને ટ્રકો પર વજન મુજબ ૧૨૦થી ૭૦૦ રૂપિયા સુધીનો આ ગ્રીન સેસ લાગશે. જે પણ વાહનો ઉત્તરાખંડ રાજ્યમાં જ નોંધાયેલા હશે તેમને ફિલ્ટર કરીને ગ્રીન ટેક્સમાંથી બાકાત કરી દેવાશે જ્યારે ઉત્તરાખંડ બહાર નોંધાયેલા વાહનોને કેમેરામાં કેદ કરીને સોફ્ટવેરની મદદથી એનપીસીઆઈ ડેટાબેઝમાં મોકલવામાં આવશે. જ્યાંથી આપમેળે જ ફાસ્ટેગથી ઓટોમેટિક આ ટેક્સ કપાઈ જશે. આશરે ૩૭ જેટલા સ્થળો પર ઓટોમેટેડ નંબર પ્લેટ રિકગ્નિશન (એએનપીઆર) કેમેરા લગાવવામાં આવ્યા છે. ઉત્તરાખંડ સરકારનું અનુમાન છે કે આ ગ્રીન સેસની મદદથી રાજ્ય સરકારને દર વર્ષે આશલે ૧૦૦થી ૧૫૦ કરોડ રૂપિયાની આવક થશે

### SC: ડિજિટલ એરેસ્ટ મામલાની તપાસ CBIને સોંપવાના પક્ષમાં સુપ્રીમ કોર્ટ, 3 નવેમ્બરે થશે આગામી સુનાવણી

નવી દિલ્હી : દેશભરમાં વધતા ડિજિટલ એરેસ્ટ સ્કેમને લઈને સુપ્રીમ કોર્ટે ચિંતા જતાવી છે. કોર્ટે દરેક રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને નોટિસ જાહેર કરતા સાઈબર એરેસ્ટના મામલાની સમગ્ર જાણકારી માગી છે. આ મામલાની આગળની સુનાવણી 3 નવેમ્બરે થશે. દેશભરમાં ઝડપથી વધી રહેલા ડિજિટલ એરેસ્ટ ઘોટાળા પર સુપ્રીમ કોર્ટે સખ્ત વલણ અપનાવ્યુ છે. કોર્ટે કહ્યુ કે આ મામલાની તપાસ કેન્દ્રીય અન્વેષણ બ્યુરો (CBI)ને સોંપવામાં આવી શકે છે. ન્યાયમૂર્તિ સૂર્યકાંત અને ન્યાય મૂર્તિ જોયમલ્યા બાગચીની પીઠે આ ટિપ્પણી કરતા દરેક રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશો પાસેથી આ પ્રકારના મામલામાં દાખલ કરવામાં આવેલી FIRની જાણકારી માંગી છે. કોર્ટે કહ્યું કે આ ગુનાઓની વ્યાપકતા અને દેશવ્યાપી નેટવર્કને જોતા હવે તપાસનો વિસ્તાર CBIના સ્તરે કરવો જરૂરી છે.

# દિલ્હીમાં હવાનું પ્રદૂષણ ઈમર્જન્સી લેવલને પાર

### સ્મોગની ચાદર છવાતા લોકોને શ્વાસ લેવામાં મુશ્કેલી, પ્રદૂષણ રોકતી એન્ટી સ્મોગ ગન-સ્પ્રિંકલર ટેન્કર હજુ ટેન્ડર પ્રક્રિયામાં

નવી દિલ્હી : રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં હવાનું પ્રદૂષણ ઈમર્જન્સીના સ્તરે પહોંચી ગયું છે ત્યારે રાજ્ય સરકારના પ્રદૂષણ નિયંત્રણના દાવા પોકળ સાબિત થયા છે. દિલ્હીમાં રવિવારે પ્રદૂષણની ગુણવત્તાનો માપદંડ એક્યુઆઈ ૪૩૦ નોંધાયો હતો, જે 'ગંભીર' શ્રેણીમાં આવે છે. બીજીબાજુ પ્રદૂષણ રોકવા માટે રાજ્ય સરકારના પ્રયત્નો કાગળો સુધી જ મર્યાદિત રહ્યા છે. દિલ્હીમાં ધૂળ અને ધુમાડાનું સામ્રાજ્ય છે ત્યારે એન્ટી સ્મોગ ગનની તીવ્ર જરૂર છે, પરંતુ ટેન્ડરમાં વિલંબના કારણે એન્ટી સ્મોગ ગન ઉપલબ્ધ થઈ શકી નથી.



સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડે રવિવારે સવારે હવાની ગુણવત્તા 'ગંભીર' શ્રેણીમાં નોંધી હતી. આનંદ વિહારમાં એક્યુઆઈ ૪૩૦ નોંધાયો હતો, જે સૌથી ખરાબ છે. આ સિવાય વજીરપુરમાં ૪૦૬, આઈટીઓમાં ૩૨૯ એક્યુઆઈ નોંધાયો હતો. આ વિસ્તારોમાં પણ હવાની ગુણવત્તા ચિંતાજનક સ્તરે હતી.સેન્ટ્રલ પોલ્યુશન બોર્ડ (સીપીસીબી) મુજબ દિલ્હીના ૧૯ સ્ટેશનો પર એક્યુઆઈ 'ખૂબ જ ખરાબ' શ્રેણી (૩૦૦થી ઉપર)માં નોંધાયો હતો જ્યારે કેટલાક વિસ્તારોમાં એક્યુઆઈ 'ખરાબ' શ્રેણી (૩૦૦થી નીચે)માં નોંધાયો હતો. એ જ રીતે આશ્રમ ક્ષેત્રની તસવીરો સ્પષ્ટપણે દર્શાવે છે કે રાજધાની પર ધુમાડાની ચાદર છવાઈ છે. વિઝિબિલિટી ઓછી હોવાના કારણે વાહન ચાલકોએ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો અને રસ્તા પર ટ્રાફિક ધીમો ચાલી રહ્યો હતો. પ્રદૂષણના કારણે સ્થાનિક લોકોને શ્વાસ લેવામાં તકલીફ અને આંખોમાં બળતરા થતી હતી. રાજધાની દિલ્હીમાં પ્રદૂષણની અત્યંત ખરાબ સ્થિતિ હોવા છતાં પ્રદૂષણ ઘટાડવા માટેના પ્રયાસો અંગેના રાજ્ય સરકારના તમામ દાવાઓ પોકળ સાબિત થયા છે. પીડબલ્યુડી, દિલ્હી નગર નીગમથી લઈને દિલ્હી નગર પાલિકા પરિષદમાં પ્રદૂષણ રોકવા અંગેના પ્રયત્નો માત્ર કાગળ પર જોવા મળ્યા છે.

છેલ્લા કેટલાક દાયકામાં દિલ્હીમાં શિયાળામાં પ્રદૂષણ વધતું હોવાના અનુભવ છતાં પ્રદૂષણ રોકતી એન્ટી સ્મોગ ગન હજુ સુધી રસ્તા પર ઉતારાઈ નથી. ક્યાંક એન્ટી સ્મોગ ગન માટે હજુ ટેન્ડર બહાર પાડવામાં આવી રહ્યા છે અથવા જેમના ટેન્ડર થઈ ગયા છે ત્યાં સ્મોગ ગન હજુ રસ્તા પર પહોંચી નથી. પ્રદૂષણ નિયંત્રણના કામ સાથે સંકળાયેલા વિશેષ અધિકારીઓ આ બાબતને ભારે બેદરકારી માની રહ્યા છે. ધૂળનું પ્રદૂષણ નિયંત્રીત કરવા માટેની એન્ટી સ્મોગ ગન અને સ્પ્રિંકલર ટેન્કર હજુ દિલ્હીના રસ્તા પર ઉતર્યા નથી જ્યારે મંત્રીઓ આ ટ્રકો રસ્તા પર દોડતી હોવાનો દાવો કરી રહ્યા છે. આ પ્રકારની બેદરકારીના કારણે પ્રજામાં ભારે ગુસ્સો છે.

# ચમોલીમાં ઑક્ટોબરમાં જ દવતાલ સરોવર થીજ્યું, તાપમાન માઈનસ

દેહરાદુન : ઉત્તરાખંડમાં ચોમાસા પછી હવે શિયાળામાં પણ ક્લાઈમેટ ચેન્જની અસર જોવા મળી રહી છે. ચોમાસામાં વાદળ ફાટવાની ઘટનાઓ પછી હવે ઉત્તરાખંડમાં ઓક્ટોબરમાં જ હાડ થીજાવતી ઠંડી શરૂ થઈ ગઈ છે. ચમોલી જિલ્લામાં ભારત-ચીન સરહદે માણા ગામ નજીક દેવતાલ સરોવર સંપૂર્ણપણે થીજી ગયું છે.

ઉત્તરાખંડના ચમોલી જિલ્લાના માણા ગામ નજીક આવેલું દેવતાલ સરોવર સમુદ્રની સપાટીથી ૧૮,૦૦૦ ફૂટની ઊંચાઈ પર છે. ઑક્ટોબરમાં થયેલી અસામાન્ય હિમવર્ષા અને તાપમાનમાં આવેલા જબરજસ્ત ઘટાડાના કારણે સરોવરનું પાણી થીજીને બરફ બની ગયું છે. આ દૃશ્ય હિમાલયના ક્ષેત્રમાં ક્લાઈમેટ ચેન્જના સંકેત આપે છે. આ વર્ષે પર્વતો પર ઠંડીનો પ્રકોપ એટલો તીવ્ર છે કે સામાન્ય કરતા ઘણી વધુ હિમવર્ષાએ સમગ્ર વિસ્તારને સફેદ ચાદર ઓઢાડી દીધી છે.ચમોલીમાં ઓક્ટોબરમાં જ સરોવરનું થીજી જવું અસામાન્ય ઘટના છે. હવામાન વિભાગ મુજબ આ ક્ષેત્રમાં તાપમાન માઈનસ ૧૦ ડિગ્રી સે. સુધી પહોંચી ગયું છે, જે છેલ્લા કેટલાક વર્ષોની સરખામણીમાં ઘણું ઓછું છે. ભારે હિમવર્ષા અને સતત ઠંડીના કારણે સરોવરની સપાટી પર બરફનું મોટું પડ જામી ગયું છે. આ પડ એટલું મજબૂત છે કે લોકો સરોવરની સપાટી પર ઊભા રહીને તસવીરો પડાવે છે. ભારત-ચીન યુદ્ધ પછી અહીં પ્રવાસીઓના પ્રવેશનો પ્રતિબંધ હતો. જોકે, સપ્ટેમ્બર ૨૦૨૧થી દેવતાલ સરોવર પ્રવાસીઓ માટે ખોલી દેવાયું છે.

કમોસમી વરસાદ | વરસાદથી ડેમમાં 78 ક્યુસેક પાણીની આવક, એક દરવાજો ખોલાયો

# મચ્છુ-3 ડેમમાંથી પાણી છોડાતાં : 21 ગામો એલર્ટ

### નદીના પટમાં અવરજવર ન કરવા તંત્રની ખાસ સૂચના, સતત મોનીટરિંગ

(એજન્સી) મોરબી | તા 27

ગુજરાતમાં તાજેતરમાં થયેલા કમોસમી વરસાદ (માવઠા) ને પગલે મોરબી જિલ્લાની જીવાદોરી સમાન મચ્છુ-3 ડેમની જળસપાટીમાં વધારો નોંધાયો છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને, તંત્ર દ્વારા ડેમનો એક દરવાજો એક ઈંચ જેટલો ખોલીને પાણીનો પ્રવાહ નદીમાં છોડવામાં આવ્યો છે. ડેમમાં પાણીની આવક અને જાવક સમાન સ્તરે જાળવી રાખવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે, જેના પગલે નીચાણવાળા વિસ્તારોને તકેદારીના ભાગરૂપે એલર્ટ કરવામાં આવ્યા છે.

ઉપરવાસ અને આસપાસના વિસ્તારોમાં થયેલા અણધાર્યા વરસાદના કારણે મચ્છુ-3 ડેમમાં પાણીની આવક વધી છે. હાલમાં ડેમમાં 78 ક્યુસેક પાણીની આવક નોંધાઈ છે. રૂલ લેવલ જાળવવા અને ડેમની સલામતી સુનિશ્ચિત કરવા માટે, ડેમનો એક દરવાજો એક ઈંચ ખોલીને સામે 78 ક્યુસેક પાણીનો નિકાલ નદીમાં કરવામાં આવી રહ્યો છે. પાણીનો પ્રવાહ નદીમાં છોડવામાં આવતાં, મોરબી જિલ્લા તંત્ર દ્વારા તાત્કાલિક નીચાણવાળા વિસ્તારોને સાવચેત રહેવા ચેતવણી જાહેર કરવામાં આવી છે.

### તંત્રની અપીલ અને મોનીટરિંગ

મચ્છુ-3 ડેમમાંથી પાણી છોડવામાં આવતા નદી કિનારાના ગામોના સ્થાનિક રહેવાસીઓ અને પશુપાલકોને નદીના પટમાં બિલકુલ ન જવા માટે ખાસ સૂચના આપવામાં આવી છે. આ નિર્ણય કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે સુનિશ્ચિત કરવા માટે લેવાયો છે.મીડિયા રિપોર્ટ અનુસાર, જિલ્લા વહીવટી તંત્ર હાલમાં ડેમની જળસપાટી પર અને વરસાદની સ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે. તંત્રનો પ્રયાસ છે કે ડેમનું લેવલ નિયંત્રણમાં રહે અને સાથે જ નદીના પ્રવાહને કારણે નીચાણવાળા વિસ્તારોમાં કોઈ ગંભીર અસર ન થાય. ગુજરાત હવામાન વિભાગની આગાહીઓ પર પણ તંત્ર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે.

### કયા ગામોને એલર્ટ કરાયા?

સાવચેતીના પગલાં રૂપે, મોરબી અને માળિયા તાલુકાના કુલ 21 ગામોને એલર્ટ પર મૂકવામાં આવ્યા છે.

મોરબી તાલુકા: આ તાલુકાના 13 ગામોનો સમાવેશ થાય છે.

માળિયા તાલુકા: આ તાલુકાના 8 Aગામોનો સમાવેશ થાય છે.

રૂલ લેવલ જાળવવા અને ડેમની સલામતી સુનિશ્ચિત કરવા માટે, ડેમનો એક દરવાજો એક ઈંચ ખોલીને સામે 78 ક્યુસેક પાણીનો નિકાલ નદીમાં કરવામાં આવી રહ્યો છે. આ તમામ ગામોના લોકોને નદીના પટમાં અવરજવર ન કરવા તેમજ તકેદારીના તમામ જરૂરી પગલાં લેવા માટે સૂચના આપવામાં આવી છે.

6 વર્ષ માટે બહારનો રસ્તો બતાવી દીધો

# ભાજપે ચાર નેતાઓને પક્ષમાંથી કર્યા સસ્પેન્ડ, બિહાર ચૂંટણી પહેલા બળવાખોરો વિરુદ્ધ કાર્યવાહી

(એજન્સી) નવી દિલ્હી | તા 27

પક્ષ વિરોધી પ્રવૃત્તિઓના કારણે ભારતીય જનતા પાર્ટીએ ચાર બળવાખોર નેતાઓને 6 વર્ષ માટે બહારનો રસ્તો બતાવી દીધો છે. આ નેતાઓ ગઠબંધનના ઉમેદવારોની વિરુદ્ધ વિધાનસભા ચૂંટણી લડવાનો નિર્ણય કરવા બદલ પાર્ટીના પગલાનો ભોગ બન્યા છે.જે ચાર નેતાઓને પાર્ટીમાંથી હાંકી કાઢવામાં આવ્યા છે, તેમાં બહાદુરગંજથી વિધાનસભા ચૂંટણી લડનારા વરુણ સિંહનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ગોપાલગંજથી ચૂંટણી લડી રહેલા અનૂપ કુમાર શ્રીવાસ્તવને પણ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.ભાજપે કહલગાંવથી ચૂંટણી લડનારા ધારાસભ્ય પવન યાદવને પણ પાર્ટીમાંથી હાંકી કાઢ્યા છે. પવન યાદવ પર પાર્ટીના નિર્ણયનું ઉલ્લંઘન કરવાનો આરોપ છે. બડહરાથી ચૂંટણી લડનારા સૂર્ય ભાન સિંહને પણ પાર્ટીમાંથી 6 વર્ષ માટે બહાર કરી દેવામાં આવ્યા છે.




### પાર્ટીએ શા માટે કાર્યવાહી કરી?

ભાજપે આ નેતાઓને હાંકી કાઢ્યા છે કારણ કે તેઓ બધા ગઠબંધનના ઉમેદવારોની વિરુદ્ધ ચૂંટણી લડી રહ્યા હતા. પાર્ટીના નિયમો અનુસાર, પાર્ટી અથવા ગઠબંધન વિરુદ્ધ ચૂંટણી લડવું એ અનુશાસનહીનતા માનવામાં આવે છે, જેના પરિણામે આ મોટી કાર્યવાહી કરવામાં આવી છે.

# સિટી એક્સપ્રેસ

TUESDAY 28 OCTOBER-2025

AHMEDABAD


## ઈરાનના તહેરાનમાં 4 ગુજરાતીનું અપહરણ

ઓસ્ટ્રેલિયા જવાની લાલચમાં નીકળેલા ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના બાપુપુરા ગામના એક મહિલા સહિત ચાર ગુજરાતીઓનું ઈરાનના તહેરાનમાં અપહરણ થયું હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. અપહરણકારોએ ભોગ બનનારને માર મારતા હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં શેર કરીને બે કરોડ રૂપિયાની જંગી ખંડણીની માંગણી કરી છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, પરિવારે અપહરણકારોને ૫૦ લાખ રૂપિયા આપ્યા હોવાનું પણ બહાર આવ્યું છે.

## નર્મદા ઘાટ અકસ્માત: ભેખડ ધરાશાયી થતાં 3ના મોત

નર્મદા નદીના કિનારે આવેલા ગોરા ઘાટ ખાતે ચાલી રહેલી નવીનીકરણની કામગીરી દરમિયાન ગત રવિવારે (૨૬ ઓક્ટોબર) એક ગમખ્વાર ઘટના બની હતી. પ્રોટેક્શન વોલ બનાવતી વખતે અચાનક ભેખડ ધરાશાયી થતાં અકતેશ્વર ગામના ત્રણ સ્થાનિક શ્રમિકો દટાઈ જવાથી તેમનું કરુણ મૃત્યુ થયું હતું. મૃતકોના પરિવારજનોએ આ દુર્ઘટના પાછળ કોન્ટ્રાક્ટરની ગંભીર બેદરકારી જવાબદાર હોવાનો આક્ષેપ કર્યો હતો, જેના પગલે સમગ્ર મામલો ગરમાયો હતો.નર્મદા ઘાટ નવીનીકરણની કામગીરી ચાલી રહી હતી ત્યારે આ કરુણાંતિકા બની.



### 31 ઓક્ટોબરથી ઉજવણી શરૂ: 40,000 કન્ઝ્યુમર કેસ અને 50,000 ફેમિલી કેસનો બેકલોગ

# ગુજરાતમાં 'જાગૃતિ સપ્તાહ 2025' પેન્ડિંગ કેસ ઘટાડવા સરકારની ડિજિટલ પહેલ

### SWAGAT પોર્ટલે 90% ફરિયાદોનો નિકાલ કર્યો, અધિકારીઓ સામે કડક કાર્યવાહીના નિર્દેશ

(એજન્સી) ગાંધીનગર I તા. 27

ગુજરાત સરકારે રાજ્યમાં પારદર્શિતા, જવાબદારી અને નૈતિક શાસનને પ્રોત્સાહન આપવાના વાર્ષિક અભિયાનના ભાગરૂપે ૩૧ ઓક્ટોબરથી ૬ નવેમ્બર સુધી 'જાગૃતિ સપ્તાહ ૨૦૨૫' ની ઉજવણી કરવાની જાહેરાત કરી છે. રાષ્ટ્રીય થીમ 'જાગૃતિ: આપણી સહિયારી જવાબદારી' હેઠળ આ વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે. આ ઝુંબેશનો મુખ્ય ઉદ્દેશ સરકારી સેવાઓમાં વિલંબ ઘટાડવાનો અને ભ્રષ્ટાચારમુક્ત વહીવટ સ્થાપિત કરવાનો છે. સરકારે એક નિર્દેશ પણ જારી કર્યો છે કે જો સરકારી ઓફિસમાં કોઈ અરજી માન્ય કારણ વિના લાંબા સમય સુધી પેન્ડિંગ રહેશે, તો જવાબદાર અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. આ પગલાં ગુજરાતની 'ડિજિટલ-પ્રથમ' અને નાગરિક-કેન્દ્રિત શાસન તરફની મજબૂત પહેલ દર્શાવે છે.

#### વિજિલન્સ પહેલા કરતાં વધુ મહત્ત્વપૂર્ણ બની

સરકારી વિભાગો, બોર્ડ, નિગમો, જાહેર સાહસો અને સ્થાનિક સંસ્થાઓ સહભાગી થશે. ફરિયાદો અને કેસોનો નિકાલ, ક્ષમતા નિર્માણના કાર્યક્રમો, સંપત્તિ વ્યવસ્થાપનમાં સુધારો અને સેવા વિતરણને વધુ સારી બનાવવા માટે ડિજિટલ પહેલ પર ભાર મૂકવામાં આવશે. સરકારી અધિકારીઓએ ભારપૂર્વક જણાવ્યું છે કે સમાજમાં શાંતિ, સલામતી અને અખંડિતતા જાળવવા માટે વિજિલન્સ (જાગૃતિ) પહેલા કરતાં વધુ મહત્ત્વપૂર્ણ બની ગયું છે.

#### પેન્ડિંગ કેસનો ભરાવો એક પડકાર

**કન્ઝ્યુમર કેસ:** ગુજરાતમાં ગ્રાહક ફરિયાદ મંચોમાં ૪૦,૦૦૦થી વધુ કેસ પેન્ડિંગ છે, જેના કારણે રાજ્ય દેશમાં કન્ઝ્યુમર કેસ બેકલોગની દૃષ્ટિએ ચોથા ક્રમે છે.

**ફેમિલી કોર્ટ:** રાજ્યના ૫૦ અધિકારક્ષેત્રોની ફેમિલી કોર્ટમાં ૫૦,૦૦૦થી વધુ કેસ પડતર છે. છેલ્લા એક વર્ષમાં આ બેકલોગમાં લગભગ ૬૦ ટકાનો વધારો થયો છે, જેમાં દરરોજ સરેરાશ ૧૬૧ નવા કેસ નોંધાય છે.

#### ડિજિટલ સોલ્યુશન્સ અને કડક પગલાં

**1.SWAGAT પોર્ટલ:** SWAGAT (State-Wide Attention on Grievances by Application of Technology) પોર્ટલ દ્વારા નવેમ્બર ૨૦૨૧ થી અત્યાર સુધીમાં ૨૭,૬૦૦થી વધુ ફરિયાદોનું નિવારણ કરવામાં આવ્યું છે, જેનો ઠરાવ દર લગભગ ૯૦ ટકા છે.

**2.મુખ્યમંત્રી મુલાકાત સિસ્ટમ:** જાન્યુઆરી ૨૦૨૩માં શરૂ કરાયેલી એક અલગ વિઝિટર-મેનેજમેન્ટ સિસ્ટમ દ્વારા નાગરિકોને સીધા મુખ્યમંત્રીને મળીને ફરિયાદો નોંધાવવાની સુવિધા મળી છે, જેમાં ૮૩ ટકા જેટલો નિવારણ દર નોંધાયો છે.

### અમદાવાદ: તલમાં અનાજની ઝેરી દવા ખાતા ઘાટલોડિયાની યુવતીનું કરૂણ મોત

(એજન્સી) અમદાવાદ I તા. 27

ઘાટલોડિયામાં એક અત્યંત કરૂણ અને ચોંકાવનારી ઘટના સામે આવી છે. એક યુવતીને રાત્રે ભૂખ લાગતા તેણે રસોડામાં પડેલા તલનો ડબ્બો હાથમાં લીધો અને થોડા તલ ખાધા. જોકે, આ તલ ખાધા બાદ તેની તબિયત ગંભીર રીતે લથડી હતી, જેના કારણે સારવાર દરમિયાન તેનું મૃત્યુ નીપજ્યું હતું. આ મૃત્યુનું કારણ તલમાં અનાજને સડો ન લાગે તે માટે નાખવામાં આવેલી ઝેરી દવા હોવાનું બહાર આવ્યું છે. આ મામલે ઘાટલોડિયા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે. મૂળ રાજસ્થાનના અને હાલ ઘાટલોડિયાની હિરાબાગ સોસાયટીમાં રહેતા પુષ્પાબેન સુથારની ૨૨ વર્ષીય પુત્રી દિશા સુથાર સાથે આ દુર્ઘટના બની. ગત ૨૫ ઓક્ટોબરની રાત્રે દિશાને ભૂખ લાગતા તે રસોડામાં ગઈ હતી.

### રિવરફ્રન્ટ સહિત 10 સ્થળોએ હજારો બિહારી શ્રદ્ધાળુઓ ઉમટ્યા

# ગુજરાતમાં છઠ મહાપૂજાની ધામધૂમ CM અને C.R. પાટીલ થયા સહભાગી

### આથમતા સૂર્યની પૂજા: AMCએ ખાસ વ્યવસ્થા કરી, વરસાદથી થોડી મુશ્કેલી પડી

(એજન્સી) અમદાવાદ I તા. 27

ગુજરાતમાં વસતા ઉત્તર ભારતીય, ખાસ કરીને બિહારીઓનો સૌથી મોટો પર્વ છઠ મહાપૂજા અમદાવાદ, સુરત અને વડોદરા સહિતના મુખ્ય શહેરોમાં ભવ્ય રીતે ઉજવાયો. હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ, જેમાં મોટી સંખ્યામાં મહિલાઓનો સમાવેશ થાય છે, તેમણે નદીઓ અને કૃત્રિમ તળાવના કુંડમાં ઊભા રહીને ભાવપૂર્વક સૂર્યદેવને અર્ઘ્ય અર્પણ કર્યું હતું. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલની હાજરીએ આ પર્વના ઉત્સાહમાં અનેરો વધારો કર્યો હતો.છઠ મહાપૂજા એ એક અનોખો પર્વ છે, જેમાં આથમતા સૂર્યની પણ પૂજા કરવામાં આવે છે. આ બે દિવસીય પર્વની શરૂઆત આથમતા સૂર્યની પૂજા સાથે થાય છે.

#### વડોદરા અને વરસાદની અસર

વડોદરામાં પણ હિન્દી ભાષી લોકોની મોટી વસ્તીને કારણે કોટના મહી નદીના કિનારે, બાપોદ તળાવ અને કપૂરાઈ ખાતે ૧૦ જેટલા સ્થળો પર ભવ્ય આયોજન થયું હતું. અહીં અંદાજે દોઢ લાખ જેટલા હિન્દી ભાષી શ્રદ્ધાળુઓ ઉમટ્યાં હતા. જોકે, અમદાવાદ સહિત કેટલાક સ્થળોએ કમોસમી વરસાદના કારણે પૂજાના આયોજનમાં થોડી અવ્યવસ્થા અને મુશ્કેલી પણ સર્જાઈ હતી. શ્રદ્ધાળુઓએ કુંડમાં ઊભા રહીને હાથમાં શ્રીફળ અને અગરબત્તી રાખીને સૂર્યનારાયણને અર્ઘ્ય અર્પણ કર્યું હતું.

#### અમદાવાદ અને સુરતમાં રાજકીય હાજરી

અમદાવાદમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ જગતપુર-ચાંદખેડા વિસ્તારમાં આયોજિત છઠ મહાપૂજા કાર્યક્રમ સ્થળે પહોંચ્યા હતા. તેમણે દીપ પ્રાગટ્ય કરીને છઠી મૈયાની આરતીમાં સહભાગી થઈને બિહારી સમાજનો ઉત્સાહ વધાર્યો હતો. આ તકે તેમણે છઠ પૂજાને 'અનોખો પર્વ' ગણાવ્યો હતો. બીજા દિવસે ઉગતા સૂર્યની પૂજા સાથે તેનું સમાપન થાય છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા ઈન્દિરા બ્રિજ, સરદારનગર અને કુબેરનગર સહિતના સ્થળોએ સ્ટેજ, ડેકોરેશન, સફાઈ અને પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી. ઈન્દિરા બ્રિજ ઘાટ પર જ લગભગ ૬૦,૦૦૦ શ્રદ્ધાળુઓ પૂજા કરવા ઉમટ્યા હતા. બીજી તરફ, સુરતમાં પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ ડીંડોલી છઠ ઘાટ પર મહાપૂજામાં સહભાગી થયા હતા.

### હિટ એન્ડ રનમાં વધુ એક યુવકનો ભોગ લેવાયો

# રફતારનો કહેર : ઠક્કરનગર પાસે કારની ટક્કરથી યુવકનું કરુણ મોત

(એજન્સી) અમદાવાદ I તા. 27

બેફામ વાહન હંકારવાના કારણે હિટ એન્ડ રન અને અકસ્માતમાં મોતના બનાવો વધી રહ્યા છે. ઠક્કરનગરમાં કારના ડ્રાઈવરે એક્ટિવાને ટક્કર મારતા યુવકનું મોત થયું હતું. જો કે અકસ્માત બાદ કારનો ડ્રાઈવર ભાગી ગયો ગયો હતો આ બનાવ અંગે ટ્રાફિક પોલીસે ગુનો નોંધીને સીસીટીવી ફૂટેજ આધારે વધુ તપાસ હાથ ધરીછે. પોલીસનો ફોન આવતા પિતાને અકસ્માતની જાણ થઈ, માથામાં ગંભીર ઈજા થતા સારવાર દરમિયાન મોતબાપુનગરમાં રહેતા વૃદ્ધે ટ્રાફિક જી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં અજાણ્યા કાર ચાલક સામે ફરિયાદ નોંધાવી છે કે તેમનો 38 વર્ષનો પુત્ર તા.આ સમયે પૂરઝડપે આવી રહેલી કારના ડ્રાઈવરે એક્ટિવાને ટક્કર મારતા યુવક ઉછળીને રોડ ઉપર પટકાતા તેને માથામાં ગંભીર ઈજાઓ થઈ હતી. અકસ્માત બાદ કારનો ડ્રાઈવર ભાગી ગયો હતો. આસપાસના લોકોએ ઈજાગ્રસ્ત યુવકને સારવાર માટે હોસ્પિટલમાં લઈ ગયા હતા.પોલીસે ફોન કરતાં પરિવારજનોને અકસ્માતની જાણ થઈ હતી. જો કે સિવિલમાં સારવાર દરમિયાન ફરજ પરના ડોકટરે યુવકને મૃત જાહેર કર્યો હતો.




માથામાં ગંભીર ઈજા થતા સારવાર દરમિયાન મોત

### ગુજરાતમાં 31 ઓક્ટોબર સુધી કમોસમી વરસાદનું જોર, 10 જિલ્લામાં રેડ એલર્ટ

(એજન્સી) અમદાવાદ I તા. 27

ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં ફરી એકવાર કમોસમી વરસાદ (માવઠું) વરસી રહ્યો છે, જેના કારણે ખેડૂતોના તૈયાર પાક પર પાણી ફરી વળ્યું છે અને આર્થિક નુકસાનનો ડર સતાવી રહ્યો છે. આ પરિસ્થિતિ વચ્ચે હવામાન વિભાગ (IMD) એ આગામી ૩૧ ઓક્ટોબર સુધી સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના અનેક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની સંભાવના વ્યક્ત કરીને એલર્ટ જાહેર કર્યું છે. ખાસ કરીને આજે, સોમવાર (૨૭ ઓક્ટોબર) ની રાત્રે ૧૦ વાગ્યા સુધી રાજ્યના ૧૦ જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.અરબી સમુદ્રમાં સર્જાયેલી સિસ્ટમને કારણે ગુજરાતમાં કમોસમી વરસાદ વરસી રહ્યો છે.

રેડ એલર્ટ એટલે એવો સંકેત કે તંત્ર અને લોકોને આ પરિસ્થિતિ સામે લડવા માટે તૈયાર રહેવું પડશે.

# એક્સપ્રેસ હાઈવે પર ટ્રિપલ અકસ્માત

### 3 મુસાફરોના મોત : પટેલ ટ્રાવેલ્સની લક્ઝરી બસ અને કારના ડ્રાઈવરોની રકઝક મોંઘી પડી

### પાછળથી આવેલી ટ્રકે ટક્કર મારતાં 15થી વધુ લોકો ઈજાગ્રસ્ત, હોસ્પિટલમાં ખસેડાયા



(એજન્સી) અમદાવાદ I તા. 27

અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર સોમવારે (27 ઓક્ટોબર) વહેલી સવારે ને ગમખ્વાર ટ્રિપલ અકસ્માતની ઘટના સામે આવી છે. આ અકસ્માતમાં અત્યાર સુધીમાં ત્રણ લોકોનાં મોત થયા હોવાના અહેવાલ છે, જ્યારે 15થી વધુ મુસાફરો ઈજાગ્રસ્ત થયા છે અને મૃત્યુઆંક વધવાની શક્યતા છે.પ્રાથમિક માહિતી મુજબ, અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર અકસ્માતની શરૂઆત કાર અને એક લક્ઝરી બસ વચ્ચે ટક્કર થવાથી થઈ હતી. પહેલાં અકસ્માત બાદ બંને વાહનોના ડ્રાઈવરો રસ્તા પર ઊતરીને સમાધાનની વાત કરી રહ્યા હતા. આ સમયે લક્ઝરી બસમાંથી પણ કેટલાક મુસાફરો નીચે ઊતર્યા હતા. તે જ સમયે પાછળથી અચાનક ધસી આવેલી અન્ય એક ટ્રક રોડ પર ઊભેલા આ મુસાફરો પર ફરી વળી હતી. ટ્રક અકસ્માત બાદ 15થી વધુ લોકોને ગંભીર ઈજાઓ થતાં તેમને તાત્કાલિક સારવાર માટે અમદાવાદની એલ.જી. હોસ્પિટલ અને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

#### પોલીસ કાર્યવાહી અને પૃષ્ઠભૂમિ

અમદાવાદ ગ્રામ્ય પોલીસના DYSP નીલમ ગોસ્વામીએ પુષ્ટિ કરી કે ટ્રક ચાલક વિરુદ્ધ કણભા પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. નોંધનીય છે કે, ગઈકાલે (૨૬ ઓક્ટોબર) પણ અમદાવાદ-ભાવનગર એક્સપ્રેસ હાઈવે પર કાર અને સિમેન્ટ બેરિકેડ વચ્ચેના અકસ્માતમાં ૩ લોકોના મોત થયા હતા.ઈજાગ્રસ્તોની સારવાર ચાલી રહી છે.

#### ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર

ટ્રિપલ અકસ્માતનો મેસેજ મળતા જ કણભા અને વિવેકાનંદનગર પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી હતી, ટ્રાફિકજામ સર્જાતાં એમ્બ્યુલન્સ સમયસર પહોંચી શકી નહોતી. આમ, એક્સપ્રેસ હાઈવે પર અકસ્માતોની હારમાળા ચિંતાનો વિષય છે. કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**સારવાર:** ઈજાગ્રસ્ત ૧૫થી વધુ લોકોને તાત્કાલિક ખસેડવાની જરૂર હોવાથી, ખાનગી વાહનોને રોકીને તેમને એલજી હોસ્પિટલ અને અસારવા સિવિલ હોસ્પિટલ Tસહિતની હોસ્પિટલોમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

**મૃતક/ઈજાગ્રસ્તોની સ્થિતિ:** એલજી હોસ્પિટલમાં એક મૃતદેહ લાવવામાં આવ્યો હતો, જ્યારે સિવિલ હોસ્પિટલમાં ૩ મહિલા દર્દી સારવાર હેઠળ છે, જેમાંથી ૨ને ફ્રેક્ચર થયું છે.

**લક્ઝરી બસને ટક્કર:** રાજસ્થાન પાસિંગની એક ટ્રકે (જે હજીરાથી જમ્મુ કાશ્મીર જતી હતી) રોડ પર ઊભેલી લક્ઝરી બસને જોરદાર ટક્કર મારી હતી. આ ગંભીર ટક્કરને કારણે બસની પાછળની સીટમાં બેઠેલા ૩ મુસાફરોનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

# ગુજરાતમાં કમોસમી વરસાદ: રાજુલામાં 7 ઈંચ

(એજન્સી) અમરેલી I તા. 27

અરબસાગરમાં સર્જાયેલા ડીપ્રેશનના કારણે ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં ભરશિયાળે અષાઢ જેવો માહોલ સર્જાયો છે. રવિવારથી શરૂ થયેલી **કમોસમી વરસાદ (માવઠા)**ની મેઘકહેર આજે સતત બીજા દિવસે પણ યથાવત છે. આજે બપોરે ચાર વાગ્યા સુધીમાં રાજ્યના ૧૮૭ તાલુકામાં વરસાદ વરસી ચૂક્યો છે, જેમાં સૌથી વધુ અમરેલીના રાજુલામાં ૭ ઈંચ જેટલો તોતિંગ વરસાદ નોંધાયો છે. આ કમોસમી કહેરના કારણે ખેડૂતોની હાલત કફોડી બની છે, કારણ કે મગફળી, કપાસ અને ડાંગર સહિતનો તૈયાર પાક કાપણી પર હતો અને પલળી જતાં મોઢે આવેલો કોળિયો છિનવાઈ ગયો છે.સોમનાથ-ભાવનગર નેશનલ હાઈવે પર પાણી ફરી વળતાં વાહનવ્યવહારને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. બીજી તરફ, ભાવનગર જિલ્લાની જીવાદોરી સમાન શેત્રુંજી ડેમમાં પાણીની જબરદસ્ત આવક થતાં ડેમના ૫૯ દરવાજા ૨ ફૂટ ખોલીને પાણી છોડવાની ફરજ પડી છે. ભરશિયાળે નદીઓ બે કાંઠે વહી રહી છે, જેના કારણે ઉના, ગીર ગઢડા અને રાજુલાના કેટલાક નીચાણવાળા ગામોનો સંપર્ક કપાઈ ગયો છે અને લોકોને રેસ્ક્યૂ કરવાની જરૂર પડી છે.

### પાલજ ગામ નજીક આઈઆઈટી કોલીની પાસે

# નવા વર્ષમાં જુગારની બાજી માંડીને બેઠેલા છ શખ્સોને ઝડપી લેવાયાં

(એજન્સી) ગાંધીનગર I તા. 27

તહેવારના દિવસોમાં જુગારની પ્રવૃતિ ફુલતી ફાલતી હોય છે. ત્યારે નવા વર્ષમાં જ પાલજ ગામ નજીક આઈઆઈટી કોલીની પાસેની ખલ્લી જગ્યામાં જુગારની બાજી માંડીને બેઠેલા છ શખ્સોને ચિલોડા પોલીસ દ્વારા ઝડપી લેવાયાં હતાં. જ્યારે પેથાપુરમાં આંટાવાળા વાસ નજીક મંદિરની સામેની ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ત્રણ શખ્સો પેથાપુર પોલીસના સકંજામાં આવી જતા તમામ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.ચિલોડા પોલીસ દ્વારા પાલજ ગામના રહેવાસીઓ વિજય વિષ્ણુભાઈ રાવળ, અજય મનુભાઈ દંતાણી, સંદિપ રણછોડભાઈ રાવળ, વિનોદ બબાભાઈ રાવળ, અમિતસિંહ અભેસિંહ રાઠોડ તથા ઉવારસદ ગામના રહેવાસી કમલેશ હોથાભાઈ રાવળને જુગાર રમતા ઝડપી લઈને તેમની અંગઝડતી તથા દાવ પરથી મળીને ૩૨,૩૪૦ની રોકડ સહિત મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. પોલીસ દ્વારા રેડ કરવામાં આવી ત્યારે સ્થળ પર રીતસરની ભાગદોડ મચી ગઈ હતી. બીજી બાજુ પેથાપુર પોલીસ દ્વારા ગામના જ રહેવાસી



સંજય પોપટભાઈ દંતાણી, દશરથ વેચાતભાઈ દંતાણી અને અર્જુન હરજીભાઈ દંતાણીને જુગાર રમતા ઝડપી લઈને રોકડ સહિત રૂપિયા ૧,૫૫૦નો મુદ્દામલ જપ્ત કર્યો હતો. આરોપીઓ પેથાપુરમાં આંટવાળા વાસ પાસે માતાજીના મંદિર સામેની ખુલ્લી દગ્યામાં જુગાર રમતા હોવાની માહિતી મળવાના પગલે પોલીસ દ્વારા ઉપરોક્ત કાર્યવાહી કરવામાં આવી હતી.

### ઝારખંડથી મુખ્ય આરોપીની ધરપકડ, ગુજરાત સહિત 6 રાજ્યોમાં 100+ ફરિયાદો

# નોકરી કૌભાંડ આચરનાર ઝડપાયો




(એજન્સી) અમદાવાદ I તા. 27

અમદાવાદ શહેર પોલીસની સાયબર ક્રાઈમ બ્રાન્ચે આંતરરાજ્ય નોકરીની લાલચ આપીને રેકેટ ચલાવનાર મુખ્ય આરોપીની ધરપકડ કરી છે. આરોપી દ્વારા નકલી ઈન્કમટેક્સ ઓફિસર તરીકેની ઓળખ આપીને ઈન્કમટેક્સ, રેલવે અને ભારતીય ફૂડ વિભાગ જેવા અલગ-અલગ શાખામાં નોકરી આપવાના બહાને નકલી નિમણૂકોની ઓફર કરીને છેતરપિંડી આચરવામાં આવતી હતી. સમગ્ર મામલે અમદાવાદ સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધવામાં આવી હતી. નકલી સરકારી ઓફર લેટર્સથી નોકરી ઈચ્છુક લોકો સાથે છેતરપિંડી કરનારા એક વ્યક્તિને ઝારખંડથી ધરપકડ કરીને પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ઝારખંડના ધનબાદના રહેવાસી અમન કુમાર (ઉં.વ.36)એ કથિત રીતે નકલી સરકારી ડોમેન બનાવ્યા હતા અને સરકારી નોકરીઓ આપવાના બહાને અનેક લોકો પાસેથી લાખો રૂપિયા પડાવીને છેતરપિંડી કરી હતી. પોલીસે બાતમીના આધારે આરોપીને ધનબાદથી ધરપકડ કરવામાં આવી હતી અને ટ્રાન્ઝિટ રિમાન્ડ પર અમદાવાદ લાવવામાં આવ્યો હતો. પોલીસે વધુ પૂછપરછ માટે આરોપીની આઠ દિવસની કસ્ટડી મેળવી છે. આરોપીએ ઝારખંડ સરકારના એક પોલીસ ઈન્સ્પેક્ટરની પુત્રીને ઈન્કમટેક્સમાં નોકરી આપવાના બહાને 9.30 લાખ રૂપિયાની રકમ પડાવી લીધી હતી. આ બનાવ અંગે સાયબર ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાતા તપાસ કરતાં સમગ્ર ગુનાનો પર્દાફાશ થયો હતો.

આરોપી અમન કુમારે ઈન્કમટેક્સ ઓફિસર તરીકે ઓળખ આપી હતી અને સરકારી નોકરી માટે તૈયારી કરી રહેલી એક મહિલા ફરિયાદીનો સંપર્ક કર્યો હતો.

### અમદાવાદ સ્પા-મસાજ પાર્લર વિવાદ: કમિશનરનું સખત જાહેરનામું

(એજન્સી) અમદાવાદ I તા. 27

શહેરમાં બિલાડીના ટોપની માફક ફૂટી નીકળેલા સ્પા અને મસાજ પાર્લરો હવે પોલીસની સીધી નજર હેઠળ આવી ગયા છે. આ પાર્લરોની આડમાં અનેક વખત ગેરકાયદેસર પ્રવૃત્તિઓ થતી હોવાના અહેવાલો સતત પ્રકાશમાં આવતા રહે છે. આ મામલાની ગંભીરતાને ધ્યાનમાં લઈને અમદાવાદના પોલીસ કમિશનર જી.એસ. મલિક દ્વારા શહેરના તમામ સ્પા અને મસાજ પાર્લરો માટે એક સખત અને મહત્વપૂર્ણ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.પોલીસ કમિશનર દ્વારા જારી કરાયેલ આ જાહેરનામાનો મુખ્ય હેતુ સ્પા અને મસાજ પાર્લરોની આડમાં ચાલતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર લગામ કસવાનો છે.


દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...